Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૭૫
તા.૩૦-૦૭-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૦ સૂર્યાસ્ત : ૦૭:૨૨

તાપમાન: ડીસા ૩૦.૧, અમદાવાદ ૨૯.૯, ગાંધીનગર ૩૦.૨, વડોદરા ૨૭.૬, સુરત ૨૮.૨, નલિયા ૩૦.૬

ચાંદી : ૩૮૮૦૦ સોનું : ૨૯૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# ગુજરાત અતિવૃષ્ટિ : એક લાખથી વધુનુ સ્થળાંતર

## હાલમાં એનડીઆરએફની ૩૨ ટીમ તેમજ વાયુસેનાના ૧૭ હેલિકોપ્ટર્સ તૈનાત : તબીબની ટીમો પણ સક્રિય થઈ



અમદાવાદ

ગુજરાતના બનાસકાઠા, પાટણ અને ચોટીલા વિસ્તારમાં અતિવૃષ્ટિ થઈ હોવા છતાં રાજ્ય સરકારના આગોતરા આયોજન, સજાગતા અને સતર્ક પગલાના કારણે ઓછામાં ઓછી જાનહાની થઈ છે. અતિવૃષ્ટિના સમયમાં ૧૧૨૮૭૮ લોકોનુ સ્થળાંતરણ કરવામાં આવ્યુ છે. મહેસુલી વિભાગના અગ્ર સચિવ પંકજ કુમાર દ્વારા યોદ્ધના ધોરણે ચાલી રહેલી બચાવ અને રાહત કામગીરીની વિગત પુરી પાડી હતી. તેમણે કહ્યુ હતુ કે એનડીઆરએફની ૩૨ ટીમો, હવાઈ દળના ૧૭ હેલિકોપ્ટર્સ અને આર્મીની પાંચ કોલમ તૈનાત કરવામા આવી છે. તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં હવે તબીબો અધિકારીઓ અને આરોગ્ય કર્મચારીઓ પણ પહોંચી ગયા છે. સૌથી અસરગ્રસ્ત એવા બનાસકાંઠા, પાટણ જિલ્લામાં ૫૯૧૧૯ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. ૧૭૦૩૦ લોકોને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને બચાવી લેવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં ગામોમાં વિજ પુરવઠો પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યો છે. બીજી બાજુ મહેસુલમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ ફલડ કન્ટ્રોલ રુમ ગાંધીનગર ખાતે રાહત કામગીરીની ગઈકાલે પણ સમીક્ષા કરી હતી.વધુ સેંકડો ગામોમાં વિજ પુરવઠો પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યોછે. છેલ્લા એક સપ્તાહથી બનાસકાંઠા ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્તોને સ્થળાંતર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ અસરગ્રસ્ત વિસ્તારોમાં સંપર્ક કરીને તમામ કામગીરી આગળ વધી રહી છે.

## ધારાસભ્યોની ખેંચતાણથી લોકશાહીની ગરીમાને લાંછન

### કરોડોની લેવડ-દેવડની વાતથી લોકશાહીના હિતેચ્છુઓ સ્તબ્ધ : ભાજપના ધારાસભ્યોનો ભાવ પૂછાતો નથીઃ વિપક્ષી ધારાસભ્યો માટે 'આકર્ષક' ભાવ

ગુજરાતમાં અગાઉ કયારેય ન થઈ હોય તે રીતે ધારાસભ્યોની ખૂલ્લી ખેચતાણ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે થઈ રહી છે. રાજયસભાની ચૂંટણીને અનુલક્ષીને ભાજપે કુકરી ગાંડી કરી છે કોંગ્રેસના ધારાસભ્યો પક્ષ છોડવાના કારણો અલગ અલગ આપી રહ્યા છે. પણ રાજકીય વર્તુળોમાં ચોકાવનારી ચર્ચા થઈ રહી છે. કરોડો રૂપિયાની અને પદની લાલચના ઉઘાડા આક્ષેપો થઈ રહયા છે વિશ્વાસના મત વખતે હોય તેવો હોર્સ ટ્રેડીંગનો માહોલ બની રહ્યો છે. શાસક પક્ષથી બચાવવા વિપક્ષે પોતાના ધારાસભ્યોને કોંગી શાસિત રાજયમાં ખસેડવા પડયા છે. ધારાસભ્યોની ખેચતાણના પુરમાં લોકશાહીની ગરીમા ખરડાઈ છે.

લોકશાહી એટલે લોકોથી, લોકો વડે અને લોકો માટે ચાલતુ શાસન લોકશાહીમાં લોકમતનું સૌથી વધુ મુલ્ય હોય છે. પોતાને યોગ્ય લાગે તે પક્ષની વિચારધારા સ્વીકારવાનો સૌને અધિકાર હોય છે. પરંતુ જે પક્ષના નિશાન પર ચુંટાયા હોય ત્યા ૪ વર્ષ રહીને મુદત પુરી થવા ટાણે જયારે પક્ષને પોતાના મતની સખત જરૂરીયાત હોય ત્યારે જ રાજીનામું આપવાની ઘટના ઘણુ કહી જાય છે. દરેક બાબત દસ્તાવેજી રીતે સાબીત થઈ શકતી નથી છતા મતદારો વગર સાબીતીએ ઘણુ સમજી જતા હોય છે.

કોંગ્રેસના ધારાસભ્યો જો ખરેખર પાર્ટીથી નારાજ હોય તો નારાજગી રાજયસભાની ચુંટણી ટાણે જ કેમ પ્રગટી? તેવો સવાલ લોકો ઉઠાવી રહયા છે. ખરેખર કોઈ લાલચ ન હોય તો રાજીનામું રાજયસભાની ચુંટણી પછી (અઠવાડીયુ મોડુ) પણ આપી શકાય હોત. વિચારધારામાં પરીવર્તન અને વિશ્વાસઘાત તે બે વચ્ચે ઘણો ફેર છે કેન્દ્ર સરકાર દ્વારા થઈ રહેલા કામોથી કોંગી ધારાસભ્યો હવે જ કેમ પ્રભાવીત થયા? તેવા સવાલને પણ કોઈ રોકી શકે તેમ નથી. એક બીજા વિરૂધ્ધ વર્ષો સુધી ઉચ્ચારણો કર્યા પછી હવે ગળે લગાડવાની વાત આવી છે.

કોંગ્રેસની નેતાગીરી જાણ્યે અજાણ્યે વધુ પડતી અંધારામાં રહી હોવાથી ભાજપને આવો મરણતોલ ફટકો મારવાનો મોકો મળ્યો છે. રાજીનામા આપવા ધારાસભ્યો લાઈન લગાડે તે ભાજપની સફળતા કરતા કોંગ્રેસની નિષ્ફળતા વધુ ગણાય. જુથબંધીમા ઘેરાયેલી કોંગ્રેસ હવે બાકી બચેલી આબરૂ બચાવવા હવાતિયા મારી રહી છે. રાજ્યસભાની ચૂંટણીનું પરિણામ ગમે તે આવે પરંતુ અત્યારનો ઘટનાક્રમ ગુજરાતના રાજકીય ઈતિહાસમાં નવુ પ્રકરણ બનશે.અકિલા

### બેંગ્લોરના ઈગલટોન રિસોર્ટમાં આ ધારાસભ્યોએ વેકેશન ઉપર

(૧) બળદેવજી ઠાકોર (૨) કામીનીબા રાઠોડ (૩) રમેશભાઈ ચાવડા (૪) રાજુભાઈ ઠાકોર (૫) મહેન્દ્રસિંહ બારીયા (૬) મણીલાલ પટેલ (૭) તંતીભાઈ ખરાડી (૮) મહેશભાઈ પટેલ (૯) જોઈતાભાઈ ચૌધરી (૧૦) ગોવાભાઈ રબારી (૧૧) ધારશીભાઈ ખાનપુરા (૧૨) અમિતભાઈ ચાવડા (૧૩) રાજેન્દ્રભાઈ પરમાર (૧૪) નિરંજનભાઈ પટેલ (૧૫) અશ્વની કોટવાલ (૧૬) આનંદ ચૌધરી (૧૭) પુનાભાઈ ગામીત (૧૮) મંગલભાઈ ગામીત (૧૯) ઈશ્વરભાઈ પટેલ (૨૦) મોહનસિંહ રાઠવા (૨૧) ધીરૂભાઈ ભીલ (૨૨) ડૉ.અનિલ જોશીયારા (૨૩) મિતેશભાઈ ગરાસીયા (૨૪) ગ્યાસુદીન શેખ (૨૫) કરમશીભાઈ પટેલ (૨૬) ગેંદાલભાઈ ડામોર (૨૭) નટવરસિંહ ઠાકોર (૨૮) વજેસા પડદા (૨૯) પુનમભાઈ પરમાર (૩૦) ગૌતમભાઈ ચૌહાણ (૩૧) હીરાભાઈ પટેલ (૩૨) ઈન્દ્રનીલ રાજયગુરૂ (૩૩) પરેશભાઈ ધાનાણી (૩૪) જવાહરભાઈ ચાવડા (૩૫) મેરામણભાઈ ગોરીયા (૩૬) પુંજાભાઈ વંશ (૩૭) જાવીદભાઈ પીરજાદા (૩૮) હર્ષદભાઈ રીબડીયા (૩૯) બાબુભાઈ વાંજા (૪૦) પ્રવિણભાઈ રાઠોડ.

### ધાનેરામાં આજે મુખ્યમંત્રીના આગમનથી તંત્ર ખડેપગે

## મુખ્યમંત્રી ત્રીજી વખત આવતા પુરગ્રસ્તોમાં નવા ચેતનાનો સંચાર

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પુરપ્રકોપના પગલે ટુંકા ગાળામાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે રવિવારે ત્રીજી વખત મુલાકાતે આવી રહ્યાં છે. તેથી તંત્ર ખડેપગે થઈ ગયું છે. મુખ્યમંત્રીના આગમનને લઈ નગરમાં પોલીસ કાફલો ખડકી દેવાયો છે.

રાજસ્થાનને અડીને આવેલા ધાનેરા સહિત તાલુકામાં ગત તા. ૨૩/૭/૨૦૧૭ ના રોજ મુશળધાર વરસાદ વચ્ચે રાજસ્થાનના ધસમસતા પુરે વ્યાપક તબાહી અને તારાજી સર્જી હતી. નગર સહિત તાલુકાના ગામડાઓ બેટમાં ફેરવાઈ ગયા હતા. જેથી 'જળ ત્યાં સ્થળ' ની સ્થિતિ સર્જાઈ હતી અનેક લોકો સાથે પશુઓ તણાયા હતા તો ઘરવખરી વિનાશ પામી હતી. જેથી ધાબા કે ઊંચાણવાળા સ્થળે ખસી ગયેલ લોકોને જીવન ટકાવવા સંઘર્ષ કરવો પડ્યો હતો. જે ભયાવર સ્થિતિમાં કરોડોનું નહીં



પણ અબજોનું નુકશાન થયું છે. ત્યારે માનવીય અભિગમને વરેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગત તા. ૨૪/૭/૨૦૧૭ ના રોજ તાત્કાલિક પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. ત્યારબાદ બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે પણ તેમણે ફરી

અનુસંધાન પાના નં.૬

### કેશડોલ્સનું ચૂકવણું શરૂ

સરકારે પુરપીડીતો માટે પ્રથમ તબક્કામાં ધાનેરામાં ૩ કરોડ અને તાલુકાના ગામડાઓમાં ૧ કરોડ ફાળવ્યા છે. જેથી પાલિકા અને તાલુકા પંચાયત દ્વારા કેશ ડોલનું વિતરણ શરૂ કરી દેવાયું છે. જેમાં દસ દિવસના પુરૂષ સ્ત્રી દીઠ ૬૦૦ અને બાળકને ૩૫૦ રૂા. ની સહાય રેશનકાર્ડના આધારે તથા ઘરવખરી માટે ઘર દીઠ રૂા. ૩૮૦૦ ની સહાય ચૂકવાય છે.

### વધુ એક બાળકીની લાશ મળી

ધાનેરામાં પુરે મચાવેલ તબાહીમાં ધાખા ગામના વીહાભાઈ ગેલાભાઈ માજીરાણાની પાંચ વર્ષની પુત્રી દિપકાબેન ગત તા. ૨૪/૭/૨૦૧૭ ના રોજ પુરના પાણીમાં તણાઈ ગઈ હતી. જેની ગઈકાલે બાજુના ખેતરમાંથી લાશ મળી આવી હતી. તેથી પુરપ્રકોપમાં મૃત્યુ આંક ૨૨ નો થયો છે. બાળકીની લાશ મળતા અરેરાટી છવાઈ હતી.

## મુખ્યમંત્રી આજે કાંકરેજ તાલુકાના ખારીયા ગામની મુલાકાત લેશે

### થરા - ખારીયા રોડ પરની રાહત છાવણીઓમાં રહેતા અસરગ્રસ્તોને મળશે

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના બનાસ નદીના ઘોડાપૂરમાં અસરગ્રસ્ત બનેલા ગામડાંઓની જે ગતિએ મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે અગિયાર વાગે મુલાકાતે હેલીકોપ્ટર મારફતે થરા શિશુ મંદિર ગ્રાઉનડ પર આવશે ત્યાંથી રોડ માર્ગે થરા - ખારીયા રોડ પર અસર ગ્રસ્ત રાહત છાવણીમાં રહેતાં લોકોને મળી તેમની આપવીતી સાંભળી આશ્વાસન આપી આંબલીવાસ થરા, ખારીયા ગામની મુલાકાત લેનાર હોવાનું જાણવા મળે છે. મુખ્યમંત્રી અડધોથી પોણોકલાક પુરગ્રસ્ત વિસ્તારના આ રૂટ પર રહી હેલીપેડ શિશુ મંદિર ખાતે આવશે ત્યાંથી સીધા ધાનેરા ડીસા વિસ્તારમાં જશે. કાંકરેજ તાલુકામાં કેશડોલ ચૂકવણી પુરગ્રસ્ત નહી બનેલા વિસ્તારમાં તંત્ર દ્વારા ચૂકવાઈ રહી છે તે ભદ્રેવાડી - સોહનપુરા, ઉણ, માનપુરા, નવા-જુના ઉણ સહિતના કેટલાક ગામડામાં નહી ચૂકવાતાં કે હજુ અધિકારી કે કોઈ સરકારી તંત્ર નહી પહોંચતા લોકો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. આજે મુખ્યમંત્રી પધારી રહ્યા છે ત્યારે તંત્ર આ વિસ્તારનો અહેવાલ આપશે ખરા ? લોકોને ઘાસચારો પીવાના પાણીની વધુ તકલીફ છે.

### નર્મદાની મુખ્ય નહેરમાં મોટું ગાબડું પડતાં...

## કાંકરેજ તાલુકાના તમામ ગામોમાં પીવાના પાણીનું નવું સંકટ

### ફુડ પેકેટ - કપડાં કરતા ઘાસચારાની તાતી જરૂરીયાત : અઠવાડીયા બાદ પણ અનેક ગામો સંપર્ક વિહોણા

તા.પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં ગત તા.૨૪/૭/૨૦૧૭ ના રોજ દાંતીવાડા, શીપુ ડેમ ઉપરવાસાના અને સ્થાનિક વરસાદને કારણે ઓવર ફ્લો થતાં તેના દરવાજા ખોલવામાં આવતાં બનાસનદીમાં ભારે ધોડાપુર આવ્યા હતાં જેને કાંકરેજ તાલુકાના નદીતટ વિસ્તાર ઉપરાંત કેટલાક ગામડાઓમાં તબાહી સર્જીને કાંકરેજ તાલુકામાંથી પસાર થતીને લગભગ કાંકરેજના ગામડામાં પીવાના પાણીનો જથ્થો પૂરો પાડતી રાજસ્થાન તરફની નર્મદા નહેરમાં રૂની અને નવા ગામ વચ્ચે બંને તરફ મોટા ગાબડાં પડી તૂટી જતાં ધોડાપૂર ઓસરતાંજ કાંકરેજ તાલુકાના પૂરગ્રસ્ત અને જ્યાં નર્મદાના નીર પહોચે છે તેવા ૫૦૦ થી વધુ ગામડાઓમાં પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થઈ છે કાંકરેજ



તાલુકાના ખારીયા, રૂની, ભદ્રેવાડી, શિયા, કાટકોર (ખારીયા) કાટકોર (નાના જામપુર), ઉણ, માનપુરા (નવા-જુના), રાણકપુર, ભલગામ થરા નગરપાલીકા વિસ્તાર, વડા સહિતના ગામના લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યાં છે. ગઈકાલે પણ મેઘરાજાએ આખી રાતને સવાર સુધી હળવા ભારે ઝાપટાં ઝીક્યાં ને બીજી તરફ દાંતીવાડા - સીપુ ડેમના ઉપરવાસના વિસ્તારમાં ભારે વરસાદના કારણે દાંતીવાડા ડેમના - ૦૯ અને

અનુસંધાન પાના નં.૬

### વધુએક લાશ મળી

કાંકરેજ તાલુકાની બનાસ નદીના પટમાંથી ગઈકાલે લક્ષ્મીબેન ધુડાભાઈ ઠાકોર (રહે.વાલપુરા) ની લાશ મળી આવી હતી. તેથી પુરપ્રકોપમાં તાલુકામાં મૃત્યું આંક ૩૪ થવા પામ્યો છે.

### ૫૦૦ થી વધુને બચાવનાર તરવૈયાનું પાણીમાં મોત

કાંકરેજ તાલુકાના માનપુરા (ઉણ) ગામના બાહોશ તરવૈયા જેણે આ ધસમશતા ધોડાપૂરમાં ઝંપલાવીને ૫૦૦ થી વધુ લોકો અને અનેક પશુઓને તણાતાં બચાવ્યા હતા ને આ કામગીરીને થાકયા વગર ઉત્સાહભેર કરતો હતો ત્યાં બનાસના ધોડાપૂરનું એક તોતીંગ મોજુ આવ્યું ને એ બાહોશ તરવૈયા રમુભાઈ પાંચાભાઈ ભરવાડાને ખેચી ગયું. ગામલોકો જોતા રહ્યાને તે એમ જ સમજતા હતા કે આ તરવૈયો હમણાં કોઈનો જીવ બચાવીને બહાર આવશે પરંતુ તે આ પાણીના મોજામાં ગરકાવ થયોને બાવળના ખેચતા ઝુંડમાં ફસાઈને ઈશ્વરને પ્યારો થયો. ગામ લોકને અતૂટ વિશ્વાસ હતો કે તે પાંચ -પચ્ચીસ કી.મી. પાણીમાં તરીને બહાર ચોક્કસ આવશે પણ તેનો મૃતદેહ મળતાં લોકો હીબકે ચડ્યા હતા.

## કોંગ્રેસે પોતાના ધારાસભ્યો પ્રત્યે અવિશ્વાસ કરવો જોઈએ નહીં : શંકરસિંહ

### હું હવે ભાજપ કોંગ્રેસના નહી પણ પ્રજાના ચક્કરમાં પડવાનો છું : બાપુ : ડીસા માર્કેટયાર્ડની શંકરસિંહે મુલાકાત લીધી

(તા.પ્રતિનિધિ) થરા

રાજ્યમાં અતિવૃષ્ટિનું સંકટ ઘેરાયેલું છે ત્યારે કોંગ્રેસના ધારાસભ્યો પ્રજાના પડખે રહેવાની જગ્યાએ કોંગ્રેસ પક્ષ બચાવવા નિકળ્યા છે અને કોંગ્રેસે પણ પોતાના ધારાસભ્યો પ્રત્યે આવો અવિશ્વાસ નહીં રાખવો જોઈએ. એમ બનાસકાંઠામાં પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે નિકળેલા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

ગુજરાતની રાજ્ય સભાની ત્રણ બેઠકોની ચૂંટણી ટાણે જ રાજયના રાજકારણરને ઘુમરે ચઢાવનાર અને કોંગ્રેસ મુક્ત થયેલ શંકરસિંહ વાઘેલાએ ડીસા માર્કેટયાર્ડની મુલાકાત લેતાં કોંગ્રેસના પૂર્વ જિલ્લા પ્રમુખ બહાદુરસિંહ વાઘેલા એક માત્ર તેમના ૫૦ જેટલા સમર્થકો સાથે ઉપસ્થિત રહ્યા હતા.

અનુસંધાન પાના નં.૬



### પાર્ટીના દબાણથી ધારાસભ્યો બેંગ્લોર ચાલ્યા ગયા : શંકરસિંહ સોલંકી

પ્રતિનિધિ રાધનપુર

ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના પૂર્વ નેતા અને માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ શનિવારે સાંજે રાધનપુર તાલુકાના સાતૂન અને રાધનપુર વાદી વસાવહતના લોકોને તેમજ ઝુપડપટ્ટીમાં રહેતાં લોકોને મળી જાત માહિતી મેળવી હતી. ત્યારબાદ વારાહી હાઈસ્કૂલ ખાતે રાખવામાં આવેલ પૂર અસર ગ્રસ્તોને મળીને ખબર અંતર પુછ્યા હતા. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કુદરતી કહેર અંગે ડિઝાસ્ટર મેનેજમેન્ટ જે સુચના આપવી જોઈએ તે આપી નથી. ડેમના પાણી છોડવાના

અનુસંધાન પાના નં.૬

**જોઈએ છે**

ખેતર પર કામ કરાવી શકે તેવા ખેતીના જાણકાર તેમજ અનુભવી ફાર્મ મેનેજરની જરૂર છે.

લાયકાત: કોઈપણ વિષયના સ્નાતક

સંપર્ક કરો : મો.૯૯૯૮૮૪૪૬૩૬

ફોન કરવાનો સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ કલાકે, બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાકે

**જગ્યા ભાડે આપવાની છે**

ડીસા ગાયત્રી મંદીર સામે અંદાજીત ૩૫૦૦ ફુટ રોડ ટચ મોકાની જગ્યા હોસ્પિટલ માટે ભાડે આપવાની છે.

**ગાડી વેચવાની છે**

ફોર્ડ ફિયાસ્ટા, ૨૦૦૮, ડિઝલ, સારી રનીંગ કંડીશનમાં કલર - વ્હાઈટ વેચવાની છે. સંપર્ક કરો મો.૯૮૨૫૪૩૬૦૩૭

સૂર્યોદય - ૬.૧૦ સૂર્યાસ્ત - ૭.૨૨

## તિથિદર્શન
શ્રાવણ સુદ-૭ રવિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ સુદ : સાતમ રવિવાર નક્ષત્ર : ચિત્રા સવારે ૭.૨૩ પછી સ્વાતી યોગ:સાધ્ય કરણ: વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**લોભેન બુદ્ધિશ્ચાલપતિ લોભો જનયતે હિષામ્ તૃષાર્તો દુખમાપ્રોતિ પરત્રેહ ચ માનવ:**

'લોભથી બુદ્ધિ ચલિત થાય છે. લોભથી તૃષ્ણા-ઈચ્છાઓ પેદા થાય છે. અને લોભ- તૃષ્ણાથી પીડાતો માનવી ભવમાં જ પરાભવ પામે છે.'

માણસમાં લોભવૃત્તિથી બીજા અનેક દોષ પ્રવેશ પામે છે. દા.ત., ધન- પૈસા વાપરવા માટેના લોભને કારણે દાનવૃત્તિ- બીજાને તેના હક્કનું પણ ન આપી નાણાં ભેગાં કરવાનો વિચાર જન્મે છે. આમ, અન્યાય કરવા દુર્ગુણ પણ જન્મે છે, પછી ધન એકત્ર કરવા બીજાના હાથમાંથી છીનવી લેવાની લૂંટવૃત્તિ જન્મે છે. અનીતિ આચરવાથી બુદ્ધિ બગડે છે.

લોભને કારણે ઈચ્છા અને અપેક્ષાઓ વધતી રહે છે. અહીંથી માગુ કે ત્યાંથી એકત્ર કરું. નિયમ વિના, ન્યાય વિના બીજાનું પડાવી લેવાની ઈચ્છા- અનીતિ જાગે છે. લોભથી તૃષ્ણા વધે છે.

- આમ, પૈસા- ધનની લાલચમાં માણસનું બધી રીતે પતન થાય છે. સદ્‌ગુણો નાશ પામે છે. આ ભવમાં પરાભવ પામી, ચરિત્રથી ચલિત થઈ બદનામીમાં નાશ પામે છે. કરોડો- અબજોની ખાયકી કરનારા પ્રધાનો- સાહેબો જે રીતે બદનામ થાય છે એ 'જમીન' પર જીવે તોય શું?

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) માનસિક તાણ હળવી બને. પરૂષાર્થનું ફળ મળે.**
**વૃષભ : (બ.વ.ઉ.) મહત્વના નિર્ણયો અમલનમાં ન મૂકવા હિતાવહ.**
**મિથુન : (ક.છ.ઘ.) વિશેષ કાર્યબોજ રહે. માનસિક અસ્વસ્થતા રહે.**
**કર્ક : (ડ.હ.) મનમાં મૂંઝવણ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.**
**સિંહ : (મ.ટ.) વ્યર્થ વ્યાધિનો સામનો કરવો પડે. માનસિક અશાંતિ રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) મુશ્કેલીમાં માર્ગ મળી રહે. નવિન સમાચાર લાભદાયી રહે.**
**તુલા : (ર.ત.) દિવસ દરમિયાન હળવાશ અનુભવાય. આર્થિક સમસ્યા હળવી બને.**
**વૃશ્ચિક :(ન.ય. ) આકસ્મીક ધનલાભના યોગ. પુરૂષાર્થથી શુભ ફળ મેળવી શકશો.**
**ધન : (ભ.ફ.ધ.) વ્યર્થ ચિંતામાં દિવસ વ્યતિત થાય. ધારેલા કાર્યોમાં અચાનક રૂકાવટ આવે.**
**મકર : (ખ.જ.) જીવનસાથી સાથે સંઘર્ષ થાય. માનભંગનો પ્રસંગ બને.**
**કુંભ : (ગ.શ.સ.) આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. પ્રવાસમાં હાનિનો સંભવ.**
**મીન : (દ.ચ.જ.થ.) મહત્વના કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ભારતના મહાન સમાજ સુધારક, કેળવણીકાર અનેસંસ્કૃતના પ્રકાંડ પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૨૬-૯-૧૮૨૦ ના રોજ બંગાળના મિદનાપુર જિલ્લાના બિરસીંઘા ગામે થયો હતો.

તેમણે ૧૬ જેટલા ગ્રંથોનું સ્વતંત્ર લેખન કર્યું અને ૧૦ જેટલા ગ્રંથોનું સંપાદન કરીને સાહિત્ય શિક્ષણ, સમાજ સુધારણાના ક્ષેત્રે મોટું પ્રદાન કર્યું હતું.

આ મહાન સુધારકનું તા. ૨૮-૭-૧૮૯૧ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# પુર ગ્રસ્ત વિસ્તારમાં રોટરી ડીસા દ્વારા સેવાયજ્ઞ

ડીસા

સેવા સમર્પણ અને સદ્‌ભાવનાઓ ત્રિવેણી સંગમ સમાન રોટરી ક્લબ ડીસા દ્વારા એક કુટુંબને દસ દિવસ ચાલે તેટલો રેશનનો સામાન પ્રાયમસ, રસોડાનો વાસણનો સેટ સાથેની કીટ બનાવીને ગઈકાલે ધાનેરાની બાજુમાં આવેલા રૂણી, રામપુરા અને ધાનેરાના સ્લમ વિસ્તારોમાં જરૂરીયાતમંદ વ્યક્તિઓના ઘેર પહોંચીને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. લગભગ ૬૦૦ જેટલી કિટનું વિતરણ રોટરી ક્લબ ડીસા અને રોટરી ક્લબ મહેસાણા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ડીસ્ટ્રીક્ટ ૩૦૫૪ ના ડીસા ગવર્નર રોટે.મૌલિનભાઈ પટેલ રોટરી ક્લબ ડીસાના પ્રમુખ રોટે. નટુભાઈ પટેલ, સેક્રેટરી રોટે.યશવંતભાઈ ખત્રી, પ્રોજેક્ટ ચેરમેન રોટે.વિક્રમભાઈ ઠક્કર, આસીસ્ટન્ટ ગવર્નર વનરાજભાઈ ઠક્કર, મહેસાણા રોટરી ક્લબના પ્રમુખ રોટે.પ્રવિણભાઈ પટેલ સહિત રોટરી પરિવારના સભ્યોની સાંથે રોટ્રેક્ટર્સ મિત્રોએ હાજર રહીને સુંદર કામગીરી કરી હતી. હજુ પણ બીજા વિસ્તારમાં ૨૦૦૦ જેટલી કીટોનું વિતરણ કરવાનું આયોજન રોટરી ક્લબ ડીસા દ્વારા થવાનું છે. આ પ્રોજેક્ટમાં અમદાવાદથી રોટે. બીનાબેન દેસાઈ જેઓ રોટરી ડીસા ૩૦૫૪ નાં ડી.જી.ઈ. છે. તે પણ પધાર્યા હતા.

# થરાદ રાજસ્થાન હાઇવે પર ટ્રાફિક જામ




પ્રતિનિધિ થરાદ

ગુજરાતના બનાસકાંઠા તથા રાજસ્થાનમાં ભારે વરસાદના પગલે થરાદમાંથી પસાર થતી રેલ નદીમાં પુર આવ્યુ હતું.જેના પગલે થરાદથી રાજસ્થાનને જોડતો રાષ્ટ્રીય ધોરી માર્ગ બંધ થતાં અનેક ટ્રાન્સપોર્ટ વાહનો અટવાઇ જવા પામ્યાં હતાં.જે રસ્તો ખુલ્લો થતાં શુક્રવારે આ માર્ગ પર અવરજવરના કારણે ભારે વાહનોની કતારો જામી હતી.ટ્રકચાલકો બબ્બેની લાઇનમાં મનફાવે તેમ ઉભા રહી જતાં કલાક સુધી ટ્રાફિક જામ થઇ જવા પામ્યો હતો.જેના કારણે અન્ય વાહનોને ભારે હાલાકીઓ ભોગવવી પડી હતી.

# અંધારીયા મંદિરની દિવાલ તૂટી




મુશળધાર વરસાદને કારણે વડગામના અંધારીયા ગામના શિવમંદિરના કંપાઉન્ડની દિવાલ ધરાશાયી થઈ જતાં નવી દિવાલ બનાવવા ગ્રામજનોની માંગ છે, આ અંગે વ.તા.ભાજપ મંત્રી ભોપાલસિંહ ડાભીએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે.

# પાલનપુરમાં અસરગ્રસ્તોને ફૂડ પેકેટ-ધાબળા વિતરણ




પાલનપુર

પાલનપુરમાં ભારે વરસાદને પગલે શ્રમજીવી વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે. ત્યારે પાલનપુરના હરિપુરા, મફતપુરા, રબારીવાસ જેવા અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ ભાજપ અગ્રણી ગીરીશભાઈ જગાણીયા અને તેમની ટિમ દ્વારા બેઘર બનેલા અસરગ્રસ્તોને ફૂડ પેકેટ-ભોજનની વ્યવસ્થા સાથે ધાબળાઓનું પણ વિતરણ કરાયું હતું.

# ધાનેરા વડગામ તાલુકાના ગામોમાં રાશન કીટનું વિતરણ

તા.પ્રતિનિધિ વડગામ

વરસાદ, પુરના અસરગ્રસ્તો પૈકી ભોજક સમાજના પચાસ પરિવારોને રાશન કિટસ અને આર્થિક સહાય ચુકવવામાં આવી હોવાનું સાત ગામ ભોજક સમાજના સુત્રોએ જણાવ્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ સાત ગામ ભોજન સમાજના પ્રમુખ ગીરીશભાઈ બી. ભોજકે (ઉદ્યોગપતિ) ધાનેરા ખાતે ભટાશંકર- ભોજક પરિવારને રૂા. ૨૫૦૦૦/- રોકડ તથા રાશન કિટ્‌સ અર્પણ કરી હતી. મહેસાણા ભોજક સમાજે સમાજના અસરગ્રસ્તોને આપવા રાશનની પચાસ કિટ્‌સ વડગામ મોકલી હતી. જેથી સમાજના પદાધિકારીઓએ ધાનેરા તાલુકો તથા વડગામ તાલુકાના ગીડાસણ- વડગામ- ચાંગા ખાતે કિટ્‌સનું વિતરણ કર્યું હોવાનું યુવા કાર્યકર સતિષભાઈ જે. ભોજકે જણાવ્યું હતું. ગતરોજ ભોજક સમાજના વડીલો પ્રવિણભાઈ, ભોળાભાઈ, ગુણવંતભાઈ, સુભાષભાઈ, કમલેશભાઈની ટીમ પુરગ્રસ્ત વિસ્તારોમાં પ્રવાસે ગયા હતા.

# ડીસા તાલુકા કોંગ્રેસ દ્વારા પુરગ્રસ્તો માટે રાહત સમીતીની રચના કરાઈ

ડીસા

બનાસકાંઠામાં તાજેતરમાં થયેલ મુસળધાર વરસાદ અને પુર હોનારતના લીધે ડીસા તાલુકાનાં અને અન્ય બીજા વિસ્તારોમાં ભારે તારાજી થયેલ છે. ભારે વરસાદ વરસવાના કારણે કેટલાક વિસ્તારોમાં રોડ રસ્તાનું ધોવાણ, ખેતીની જમીનોનું ધોવાણ, વીજળીના થાભલા પડી જવા, પશુધન પણ તણાઈ જવું અને પશુધનના મૃત્યુ થવાના બનાવો મોટા પ્રમાણમાં બનેલ છે. તેમજ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના મકાનો ક્ષતીગ્રસ્ત થયેલ છે. અને ખેડૂતોના ઉભા પાકને પણ નુકશાન થયું છે તેમજ વેપારીઓના માલ અને મીલ્કતોને નુકશાન થયું છે. આવા તમામ અસરગ્રસ્તોને મદદરૂપ થવા માટે ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈની આગેવાની હેઠળ ડીસા તાલુકા પુર રાહત સમીતીની રચના કરવામાં આવી છે અને કોંગ્રેસ સમીતીના માધ્યમથી અમો રાજ્ય સરકાર પાસે માંગણી કરીયે છીએ કે, આ પુર હોનારતમાં મુશળધાર વરસાદના કારણે જે ખેડૂતોની જમીન ડુબમાં ગઈ છે. જમીનોનું ધોવાણ થયું છે ઉભા પાકને નુકશાન થયું છે તેઓને યોગ્ય વળતર આપે. જે લોકોની ઘર વખરી તણાઈ છે અને મકાનો ક્ષતીગ્રસ્ત થયા છે તેવા લોકોને કેશ ડોલ્સ ચુકવાય તથા આરોગ્યની ટીમો બનાવીને સફાઈની કામગીરી શરૂ કરી દવાઓનો છંટકાવ કરવા માટે પણ સરકારને ભલામણ કરેલ છે. આવા તમામ અસરગ્રસ્તોને સરકાર વળતર આપે અને રોડ રસ્તા તુટી જવાના કારણે ગ્રામીણ વિસ્તારોનો સંપર્ક થઈ શકે તેમ નથી, તેવા રસ્તાઓ તાત્કાલીક અસરથી રીપેર કરવામાં આવે આ અંગેની માંગણીઓ સરકાર સ્વીકારી અસરગ્રસ્તોને તાત્કાલીક સહાય કરે. ડીસા તાલુકા કોંગ્રેસ રાહત સમીતીમાં નીચે મુજબના કાર્યકરોની વરણી કરેલ છે તેઓનો સંપર્ક સાધવા વિનંતી.

**ડીસા તાલુકા પુરગ્રસ્ત કમીટી**

(૧) ડીસા તાલુકા કોંગ્રેસ સમીતી, પ્રમુખ બી.વી.રાજગોર મો.૯૯૨૫૦ ૧૧૯૨૧
(૨) ડીસા શહેર કોંગ્રેસ સમીતી, પ્રમુખ દિપકભાઈ પટેલ મો.૯૮૨૫૭ ૫૧૦૮૫
(૩) બનાસકાંઠા જીલ્લા કોંગ્રેસ સમીતી, ઉ.પ્રમુખ પ્રકાશચંદ્ર ભરતીયા મો.૯૮૪૦૫ ૮૭૦૦૦
(૪) જીલ્લા પંચાયત ડેલીગેટ, સંજયભાઈ રબારી મો.૯૮૨૫૦ ૫૦૪૫૫
(૫) જીલ્લા પંચાયત ડેલીગેટ, પોપટજી દેલવાડીયા મો.૯૪૨૭૫ ૩૫૯૯૧
(૬) ડીસા નગર પાલીકા પુર્વ પ્રમુખ, વિપુલભાઈ શાહ મો.૯૯૧૪૦ ૨૩૬૯૧
(૭) ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતી (ઓ.બી.સી.) મંત્રી જગદીશચંદ્ર મોદી મો.૯૯૦૯૪ ૬૫૧૧૯
(૮) ડેલીગેટ, તાલુકા પંચાયત, ડીસા મુકેશભાઈ સોલંકી મો.૯૪૨૬૩ ૩૫૬૪૨
(૯) જીલ્લા સેવાદળ કન્વીનર, શૈલેષભાઈ વ્યાસ મો.૧૬૦૦૨ ૧૩૧૧૦
(૧૦) યુથ કોંગ્રેસ તાલુકા પ્રમુખ, સાગરભાઈ રબારી મો.૯૯૦૯૫ ૫૩૦૧૧
(૧૧) ડીસા શહેર કોંગ્રેસ મહામંત્રી, રાજુભાઈ મહેશ્વરી મો.૯૯૨૪૧ ૧૧૬૦૭

# કાંકરેજ તાલુકામાં પૂરગ્રસ્ત લોકોને સહાનુભૂતિ આપતા સેવા કેમ્પોની ધમધમતી સુવાસ

તા.પ્રતિનિધિ. થરા

મિત્ર એવો શોધીએ ઢાલ સરીખો હોય, સુખમાં પાછળ પડી રહે દુઃખમાં આગળ હોય.. કાંકરેજ તાલકુામાં બનાસનદીના ઘોડા પૂરને નર્મદા નહેર તૂટતાં સર્જાયેલ પૂરપ્રકોપમાં હજારો માનવીઓ પશુઓ પર આફતની આંધી ફરી વળી છે. જેમાં કેટલાય માનવ - પશુઓ મોતના મુખમાં હોમાયા જેનો આંક મેળવવો હજુ મુશ્કેલ છે. તંત્ર ગઈકાલ સુધી કેટલાક ગામડાંની પૂરની પરિસ્થિતિથી બીલકુલ અજાણ લાગ્યું ત્યારે સેવાભાવી સંસ્થાઓ લોકો અનેક વિટંબણાઓ સહન કરીને એ આફત ગ્રસ્ત ગામ લોકોનો સંપર્ક કરવા પ્રયત્ન કરે છે જેમાં રાહત ફંડ - વસ્તુઓનો મુંબઈ સુરતને તેનાથી પણ દુરથી ધોધ વહી રહ્યો છે જેનું સંચાલન કરવું એ પણ કપરી મુશ્કેલી જેવું હોય છે. કાંકરેજ તાલુકાના થરા જૈન દાદાવાડી - જલારામ મંદિર ઝાઝાવડા વાળીનાથ તીર્થ ધર્મશાળામાં અસરગ્રસ્તોને સવાર સાંજનું ગરમાગરમ ભોજન મળી રહે તે માટે બાર કલાક સતત રસોડું ધમધમી રહ્યું છે ક્યાંય થાક - કંટાળો નહી ઉત્સાહભેર લોકો આ ભગીરથ સેવાકીય કાર્યમાં ઝરમર કે ધોધમાર વરસાદમાં કોઈ પણ જાતના સ્વાર્થ વગર રસોઈ બનાવે છે તો તેને જેતે અસર ગ્રસ્ત સુધી પહોચાડવા એક જુથ સતત ગાડી કે જે વાહન મળ્યું તે લઈને નીકળી પડે છે. દરરોજ આ લોકોને કોઈ જાતની ખામી ન નડે તે મુશ્કેલી ભૂલે તે રીતે એક સ્વજનની જેમ થાળીમાં પીરસીને ગરમાગરમ ભોજન જમાડે છે જેમાં દધપાક પૂરી ને ભજીયાં - શાક સહિત તળેલા મરચા સુધી આપે છે સવારે સુકો નાસ્તો કે થેપલા પણ પીરસે. આ લોકોની સેવાકાર્યની સુવાસ સર્વત્ર દેખાય છે. કપડાં - વાસણ - રસોડાની બીજી સામગ્રી જ નહી ચંપલ - ટુવાલ હાથ બતી જેવી વસ્તુઓની કીટ બનાવીને વહેંચી રહ્યા છે. આ જોઈને ખરેખર લાગે છે કે માનવતા હજુ મરી પરવારી નથી.... સેવાકીય કાર્યો આગળ તો ભગવાન પણ ઢીલો ચોક્કસ પડતો હશે...ભલે ને પછી...

# થરાદ તાલુકાનું નાના મેસરા ગામમાં છેલ્લા પાંચ દિવસથી લાઈટ, પાણી અને મોબાઈલ કવરેજથી વંચિત

## ગામમાં ૨૦ રૂપિયાનું ૨ લિટર પાણી વેચાઈ રહ્યું છે

(પ્રતિનિધિ) થરાદ

બનાસકાંઠા જિલ્લામાં વિનાશક પુર આવતાં લોકો સતત ઝઝુમતા રહ્યા છે. ભારે પુરના પરિણામે મોટાપાયે નુકશાન થયેલ છે. પરંતુ ક્યાંક વહિવટી તંત્ર ઝડપથી પહોંચતાં જનજીવન રાબેતા મુજબ ચાલુ થઈ રહ્યું છે અને પાણી પણ ધીમે ધીમે ઓસરી રહ્યા છે. પરંતુ થરાદ તાલુકાના નાના મેસરા ગામમાં છેલ્લા પાંચ દિવસથી અંધાધુધ છે કારણ કે વિજળી બંધ છે અને ગઈકાલે માત્ર સમખાવા પુરતો આવી હતી વળી પીવાનું પાણી છેલ્લા છ દિવસથી આવતું નથી. ગામ લોકો પીવાના પાણી માટે ૨૦ રૂપિયે ૨ લિટર પાણી લાવી રહ્યા છે. વળી ગામમાં મોબાઈલ કવરેજ પણ ન આવતું હોવાથી ગામ લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે અત્યારે ગામમાં બાળકો અને પ્રસુતા મહિલાઓની દયનીય દશા થઈ છે કારણ કે લાઈટના અભાવે અને વરસાદના પરિણામે ગંદકી ફેલાતાં મચ્છરોનો પણ ઉપદ્રવ વધ્યો છે ત્યારે ઝડપથી તંત્ર સરહદી ગામડાઓમાં પહોંચી ઝડપથી જનજીવન રાબેતા મુજબ કરે તેવી લોક માંગ છે અને આ વિસ્તારના ગામડાઓમાં ભાજપ કે કોંગ્રેસનો નેતા પણ ફરકતા નથી. માત્ર હાઈવે રોડ ઉપર નજર નાખી રવાના થયા છે ત્યારે સવાલ થાય છે કે, શું આ ગામડાઓની પ્રજાએ વોટ નથી આપ્યા.

ભાજપ કે કોંગ્રેસના એકપણ નેતા ગામ લોકોના ખબર - અંતર પુછવા આવ્યા નથી અને ચુંટણી ટાણે વોટ લેવા હાથ જોડતા ફરતા નેતાઓ પર ગામ લોકોનો આક્રોશ છે.

# દાંતીવાડાના ૪ અને સિપુ ડેમના ૨ દરવાજા ખોલાયા




દાંતીવાડા ડેમના ૪ દરવાજા ૭ ફુટ ખોલી ૨૫૮૧૨ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. જ્યારે ૪૪૯૭૧ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે જ્યારે ડેમની ૬૦૦.૫૦ ફુટ પાણીની સપાટી જાળવી રાખવામાં આવી છે જ્યારે સિપુડેમના પણ બે દરવાજા ત્રણ ફુટ ખોલી ૧૦૩૮૬ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે જ્યારે ડેમમાં ૨૭૩૫ ક્યુસેક પાણીની આવક સાથે સપાટી ૬૦૫.૦૧ ફુટ જાળવી રાખી છે. ડેમમાંથી પાણી છોડાતા બનાસ નદી કાંઠાના ગામોને એલર્ટ કરાયા છે.

# મોરથલ અને ચંદાજી ગોળીયાના ખેતરો નદીના પટમાં ફેરવાયા

## સર્વસ્વ પુરમાં તણાઈ જતા ખેડૂતો નિરાધાર

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ અને દાંતીવાડા - સિપુ ડેમનું પાણી છોડાતા બનાસ નદી કાંઠા વિસ્તારોના ગામોમાં વ્યાપક તારાજી સર્જાઈ છે. જેમાં ખાસ કરીને ડીસા તાલુકાના મોરથલ ગોળીયા અને ચંદાજી ગોળીયાના ખેતરો નદીના પટમાં ફેરવાતા ખેડૂતો નિરાધાર બની ગયા છે.

ડીસા તાલુકાનું મોરથલ ગોળીયા અને ચંદાજી ગોળીયા બનાસ નદીના કાંઠે આવેલ છે. જયાં ધોધમાર વરસાદ અને બનાસ નદીના પુરનું પાણી નદી કાંઠાની ૧૦૦ એકર જમીનમાં ફરી વળ્યું હતું. તેથી ઉભા પાક સાથે ખેતરોમાં બનાવેલ પાકા મકાનો, બોર, ફુવારા અને ટ્રેક્ટર જેવા વાહનો પણ નદીના પુરમાં તણાઈ ગયા હતા. જ્યારે પશુઓ પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જોકે ખેડૂતો પરિવાર સાથે સલામત સ્થળે જતા રહ્યા હતા. તેથી તેમનો બચાવ થયો હતો. પરંતુ તેમનું સર્વસ્વ નદીના પુરમાં વહી ગયું હતું. હાલમાં ખેતરોનો નક્શો બદલાઈ ગયો છે. અને ખેતરો નદીના પટમાં ફેરવાઈ ગયા છે. જ્યાં હાલમાં પણ નદીનું પાણી વહી રહ્યું છે તેથી ખેતી થઈ શકે તેમ નથી જેના કારણે અનેક ખેડૂતોની હાલત "ઉપર આભ અને નીચે ધરતી" જેવી થઈ ગઈ છે.

આ બાબતે ચંદાજી ગોળીયાના સોમાજી માળીએ જણાવ્યું હતું કે પુરના પાણીમાં અમારા ઘર, પશુઓ અને ટ્રેક્ટર જેવા વાહનો તણાઈ ગયા છે ખેતરો ખેતી લાયક રહ્યાં નથી. તેથી અમો બેઘર બની ગયા છીએ ત્યારે સરકાર અમોને પુરગ્રસ્ત જાહેર કરી અન્યત્ર ખેતીની જમીન ફાળવી આપે તેવી માંગ કરી હતી.

# પાણીમાં વિજકરંટ લાગતા મલુપુરના આધેડનું મોત

પ્રતિનિધિ થરાદ

થરાદપંથકમાં પડેલા ભારે વરસાદના કારણે મલુપુર ગામમાંથી પાણીનો વ્હોળો ખેતરોને ખુંદતો પસાર થયો હતો. જે પાણી અત્યારે પણ વહી રહ્યું છે. જ્યાં મલુપુરના પ્રભુભાઇ જીવાભાઇ માજીરાણા (ઉ.વ.૪૫) શનિવારે સવારે આઠેક વાગ્યાના સુમારે ગામની દૂધ મંડળીએ દૂધ ભરાવીને પરત આવી રહ્યા હતા. દરમિયાન પાણીમાં થાંભલા પાસેથી પસાર થતાં વીજકરંટ લાગવાના કારણે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ બનાવની પરિવારને જાણ થતાં તાબડતોબ થરાદની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં તેમને તબીબે મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાથી અરેરાટી મચવા પામી હતી. થરાદ પોલીસે અકસ્માતે મોત રજીસ્ટરે નોધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# થરામાં સુરતની ટીમ દ્વારા ફ્રી મેડીકલ કેમ્પ યોજાયો



તા.પ્રતિનિધિ દીઓદર

કાંકરેજ પંથકમાં આવેલ વિનાસકારી પુરના કારણે ખારીયા, ટોટાણા, સુદોસણા, કાટકોર, નવા રૂની જેવા અનેક ગામોમાં અનેક માનવીઓના તથા પશુઓના મોત થવા પામેલ છે.સતત વરસાદના કારણે પાણીમાં રહેવાના કારણે ઠેર-ઠેર માંદગીના ખાટલા મંડાયા છે.ત્યારે પ્રજાજનોની સેવા કરવા માટે સુરતથી ખાસ મેડીકલ ટીમ દવાઓ સાથે વાસુભાઈ સાથે આવેલ.

સુરતના શ્રી પથ વિજય ભગવાન ધર્મચક્ર ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત થરા ખાતે ફ્રી મેડીકલ કેમ્પ યોજાયેલ જેમાં કેટલાય દર્દીઓને સદારામ કોમ્પલેક્ષ ખાતે યોજાયેલા કેમ્પમાં ડોક્ટરો દ્વારા તપાસવામાં આવેલ અને ફ્રી દવાઓ પુરી પાડવામાં આવેલ.આ પ્રસંગે મેડીકલ કેમ્પનો પ્રારંભ પ્રગતિ બેંકના ચેરમેન ચીનુભાઈ પાંચાણી તથા ગુજરાત ગૌશાળા ફેડરેશનના ઉપપ્રમુખ જે.બી.દોશી, હસુભાઈ ઝવેરી, મુકેશભાઈ ઝવેરી, અનિલભાઈ દોશી, દિનેશભાઈ કોઠારી તથા વાસુભાઈ શાહ (સુરત) આદિ ઉપસ્થિત રહેલ.

# ધાનેરામાં આજે મુખ્યમંત્રીના આગમનથી તંત્ર ખડેપગે

## ૫૬૦૦ કિલો દવા- પાવડરનો છંટકાવ

આરોગ્ય તંત્રની વિવિધ ટીમો દ્વારા પુરજોશમાં ચાલતા સફાઈ અભિયાન અંતર્ગત ગઈકાલે રોગચાળાની સંભાવનાને લઈ ૧૬૦૦ કિલો દવા અને ૪૦૦૦ કિલો પાવડરનો વિવિધ સ્થળે છંટકાવ કરાયો હતો. જ્યારે હેવી મશીનરી અને સફાઈ કામદારો દ્વારા ગંદકીના ઢગ હટાવવાની કામગીરી વેગવંતી બનાવી દેવામાં આવી છે.

## પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ધાનેરાની મુલાકાતે

વિનાશક પુરે ધાનેરાનો સર્વનાશ કરી નાંખ્યો છે ત્યારે પાણી ઓસરતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પુરગ્રસ્ત વિસ્તાર તેમજ પુરમાં મૃત્યુ પામેલા લોકોના ઘેર જઈ આશ્વસાન આપ્યું હતું તથા જણાવ્યું હતું કે ધાનેરામાં પુરે સૌથી વધુ નુકશાન કર્યું છે. જેના લીધે સરકાર દ્વારા ધાનેરાને સૌથી વધારે સહાય કરે અને તેમના પણ વધુ સહાય અપાવવાના પ્રયત્નો રહેશે.

## ૫૦ ટકા ગામોમાં હજુ અંધારપટ

નગર અને તાલુકામાં ભારે વરસાદ અને રાજસ્થાની પુરના પાણી ફરી વળતા અનેક વિજ થાંભલા પડી ગયા છે. જેના કારણે વિજ સેવા ખોરવાઈ ગઈ છે. પરંતુ ૨૦૧૫ માં વિજ લાઈનોના સમારકામ વખતે બે જીવલેણ અકસ્માત થયા હતા. જેથી વિજ કંપનીના કર્મચારીઓ આ વખતે ભેજવાળા વાતાવરણમાં સાવચેતીથી સમારકામ કરે છે. જેથી અઠવાડીયું વિતવા છતાં હજુ સુધી ૫૦ ટકા ગામડાઓમાં વિજ પુરવઠો બંધ છે.

## મૃત ૧૭૯૦ પશુઓનો નિકાલ

ધાનેરા સહિત તાલુકાની મોટાભાગની પ્રજા ખેતી સાથે પશુપાલન ઉપર નિર્ભર છે. ત્યારે પુરપ્રકોપમાં સૌથી વધુ ભોગ પશુઓનો લેવાયો છે. તેથી ધાનેરામાં અત્યાર સુધી નાના - મોટા ૭૫૦ પશુઓ અને તાલુકાના ગામડાઓમાં ૧૦૪૦ મૃત પશુઓનો નિકાલ કરવામાં આવ્યો છે. હજુ પુરના કાટમાળમાં વધુ મૃતદેહ મળવાની શક્યતા છે.

## ઘર - દુકાન સાફ કરવા પાણીના ફાંફા

નગરમાં પુર પ્રકોપ બાદ વરસાદ રહી જતા જનજીવન ધીમેધીમે રાબેતા મુજબ થઈ રહ્યું છે. પરંતુ ઘર અને દુકાનો સાફ કરવા માટે નિચાણવાળા વિસ્તારોમાં પાણીની ભારે ખેંચ વર્તાઈ રહી છે. જો કે પાલિકા દ્વારા બોરમાંથી ૫ વોર્ડને તથા બાકીના વિસ્તારને ટેન્કરો મારફત પીવાનું પાણી પુરૂં પાડવામાં આવી રહ્યું છે. જેના કારણે પાલિકાના ટેન્કર આખો દિવસ દોડાદોડ કરે છે.

## ૧૪૧ રસ્તાઓનું સમારકામ

પુરપ્રકોપમાં ધાનેરા સહિત તાલુકાના મોટાભાગના રસ્તા ધોવાઈ ગયા હતા. જેના કારણે વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. જેથી પી.ડબલ્યુ.ડી.(બાંધકામ) દ્વારા યુધ્ધના ધોરણે રસ્તાઓનું સમારકામ શરૂ કરી દેવાયું છે. જેમાં ધાનેરાના ૪૮ અને તાલુકાના ગામડાઓના ૯૩ રોડનું સમારકામ શરૂ કરી દેવાયું છે. જ્યારે બાકીના ૨૦ રોડનું કામ પણ બે દિવસમાં પુરૂં કરી દેવાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# વરસાદે ખમૈયા કરતાં બનાસવાસીઓ અને જિલ્લા વહીવટીતંત્રને રાહત થઇ

**બનાસકાંઠા જિલ્લામાં પૂર્વવત પરિસ્થિતિના નિર્માણ માટે સર્વે અને સહાય વિતરણની કામગીરી પૂરજોશમાં**

પાલનપુર

ભારે વરસાદ પછી મેઘરાજાએ ખમૈયા કરતાં હવે બનાસકાંઠા જીલ્લામાં પૂરનાં પાણી ઓસરી રહ્યાં છે. આજે તા.૨૯ જુલાઇના રોજ સવારે નોંધાયેલ વરસાદ અનુસાર અમીરગઢ, ભાભર, દાંતા અને પાલનપુરમાં થયેલા સામાન્ય વરસાદને બાદ કરતાં જીલ્લાના અન્ય વિસ્તારોમાં નહિવત વરસાદ નોંધાયો છે. વરસાદે ખમૈયા કરતાં જીલ્લા વહીવટીતંત્ર અને બનાસવાસીઓને રાહત થઈ છે. આમછતાં જયાં પાણી ભરાયેલાં હોય તેવા વિસ્તારોમાં પૂરથી અસરગ્રસ્ત લોકોને મદદરૂપ થવા જિલ્લા વહીવટીતંત્ર, આર્મી, બી.એસ.એફ., એન.ડી.આર.એફ. સહિત વિવિધ ટીમો થાક કે ભૂખ-તરસની પરવા કર્યા વિના રાત દિવસ કરીને કામ કરી રહી છે.

કલેકટર દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર અસરગ્રસ્તો લોકોને સહાય માટે જીલ્લા વહીવટીતંત્ર ધ્વારા વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. લોકોને સહાય માટે વિવિધ વિભાગોની સંખ્યાબંધ ટુકડીઓ સક્રિય પ્રયાસો કરી રહી છે. એન.ડી.આર.એફ. અને વિવિધ ટીમો દ્વારા ૬૪૮૭ લોકોને બચાવી લેવાયા છે. તેમજ ૩૦,૦૦૦ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. સ્થળાંતર કરાયેલ લોકોને જીલ્લા વહીવટીતંત્ર, સેવાભાવી સંસ્થાઓ અને ગ્રામજનો દ્વારા રહેવા, જમવા, ચા-નાસ્તો અને તબીબી સારવાર આપવામાં આવે છે.

જીલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો ચાલુ કરી દેવાયો છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સફાઇ કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. ૭૮૧ ટીમો સફાઇ કામગીરી કરી રહી છે. લોકોના આરોગ્યને જાળવવા માટે એન્ટી મેલેરીયલ એકટીવીટી વ્યાપક રીતે કરવામાં આવી રહી છે. ૨૭૪, ડોકટરો અને ૭૨૦ હેલ્થ વર્કરો સાથે આરોગ્ય ટીમો લોકોને આરોગ્ય સુવિધાઓ પુરી પાડી રહ્યા છે. ૧૨૧ જેટલા જેસીબી મશીનો અને ૩ હીટાચી મશીનો અને સંખ્યાબંધ ડીવોટરીંગ પંપ કાર્યરત છે. થરાદ ખાતે ૩૧ વી.એમ.સી. ની ટીમો તથા ૧૮ હેલ્થની ટીમો કાર્યરત છે.

અનુસંધાન પાના નં.૬

# લાખણીના ગણતામાં ભયાનક પુર ના લીધે ખેડૂતો પાયમાલ : અનેક લોકો બેઘર

## જમીનોનું ધોવાણ થતાં ખેડૂતો મુશ્કેલીમાં


મુકેશ સોની

પ્રતિનિધિ ગણતા

બનાસકાંઠા જિલ્લામાં ખાબકેલા ભારે વરસાદ અને પુર પ્રકોપમાં જાન માલ અને ખેતરો તબાહ થયા. અહી કુદરતના કહેર એવો તો વરસ્યો કે નુકશાનીનું બિહામણું ચિત્ર હવે રહી રહીને સામે આવી રહ્યું છે. ત્યારે લાખણીના ગણતા માંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલ તૂટતાં ખેતરો તો જાણે નદી ના વહેણ બની ગયા હોય એવું લાગે છે. ૨૦૧૫ માં આવેલા પૂરમાંથી લોકોમાં બેઠા જ થયા ન હતા. લાખો રૂપિયા ખર્ચીને ખેડૂતોએ પોતાની જમીન સરખી કરી હતી. ત્યારે ફરીવાર આ ખેડૂતો પુર પ્રકોપના ભોગ બન્યા છે. ખેતરો જાણે નદી બની ગઈ એવું લાગે છે. કેટલાય લોકોના મકાન ધરાશયી થયા તો કેટલાય લોકોનાં પશુઓ પુરમાં તણાઈ ગયા. અત્યારે ખેડૂતો પાયમાલ થઈ ગયા છે. ત્યારે સરકાર તરફથી અમને કોઈ મદ મળે છે એવું પુર પ્રકોપમાં ભોગ બનેલા ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

આ અંગે પુર પ્રકોપમાં ભોગ બનેલ ખેડૂત હરીગર ગૌસ્વામીએ જણાવ્યું હતું કે અમારા ખેતરો ધોવાઇ ગયા છે. કેટલાક પશુઓ તણાઈ ગયા છે. અમારા ખેતરમાં બનાવેલ બોર પૂરના પ્રવાહમાં તણાઈ જતા અત્યારે અમારે પીવાના પાણી ના પણ સાંસા પડી રહ્યા છે. તંત્રે હજુ સુધી અમારા ગામની મુલાકાત પણ લીધી નથી. ત્યારે સરકાર દ્વારા અમારા ખેડૂતોનું સર્વે કરી નુકશાનીનું વળતર આપવામાં આવે તેવી અમારી માંગ છે.

# થરાદના ભલાસરામાં પ્રસુતાને સારવાર ન મળતા બાળકનું મોત

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના રેલ નદીના પટમાં આવેલા ભલાસરા ગામમાં ભારે તારાજી સર્જાવા પામી હતી. પુરથી ભલાસરા હાઈસ્કુલ તેમજ પ્રાથમિક શાળામાં અને ગ્રામપંચાયતને ભારે નુકશાન થવા પામ્યું હતુ. ગામના સરપંચે જણાવ્યું હતુ કે, પુરના કારણે ગામનો પુલ તૂટી જવા પામ્યો છે. આથી કમાલી, લખાપુરા, ભૂરીયા અને છનાસરા ગામને જોડતો રસ્તો બંધ થઈ જવા પામ્યો હતો. ભલાસરા ગામ બે ભાગમાં વહેચાઈ જવા પામ્યું હતુ. આવી વિપરીત પરિસ્થિતિમાં ગામની એક પ્રસુતાને સમયસર સારવાર ન મળવાના કારણે તેના બાળકનું મોત નિપજ્યું હતુ. બનાવથી અરેરાટી મચવા પામી હતી.

# જેનાલમાં રેલ્વે લાઈન વરસાદી વ્હેણમાં ધોવાઈ


બી.ટી.દરબાર

પ્રતિનિધિ જેનાલ

ડીસા તાલુકાના જેનાલ- વરણ ગામમાં વરસાદી પુરે વ્યાપક નુકશાન કર્યું છે. ખેતરો અને ઘરોમાં ભરાઈ જતા લોકોની હાલત કફોડી બની ગઈ છે. વરસાદી વ્હેણમાં અનેક પશુ મોતને ભેટ્યા છે. તો ઘાસચારો પણ બગડી કે તણાઈ જતા બચેલા પશુઓને બચાવવા મુશ્કેલ થઈ પડ્યા છે. જ્યારે જેનાલ રેલ્વે સ્ટેશનથી ૫૦૦ મીટરના અંતરે ભીલડીથી સમદંડી રેલ્વે લાઈન તૂટી ગઈ છે. જેના કરણે ટ્રેન સેવાને માઠી અસર થઈ છે.

# જુનાડીસાના હાઈવે ઉપર જ ગંદા કચરાનો નિકાલ

## ગંદકીના સામ્રાજ્યથી રોગચાળો ફાટવાની દહેશત


ચેતન શ્રીમાળી

પ્રતિનિધિ આસેડા

ડીસા નગરપાલિકા દ્વારા ડીસા-પાટણ હાઈવે ઉપર આવેલ જુનાડીસા ગામના વ્હોળામાં ઘન કચરાનો નિકાલ થાય છે. પરંતુ પાલિકાના કર્મચારીઓ દ્વારા કચરો હાઈવે રોડ ઉપર જ ઠલવાતા ગંદકીના સામ્રાજ્ય સાથે ભયંકર દુર્ગંધથી લોકોને પસાર થવું પણ મુશ્કેલ થઈ પડ્યું છે.

ડીસા નગરપાલિકા દ્વારા ઘન કચરાના નિકાલ માટે ડીસા- પાટણ હાઈવે ઉપર આવેલા જુનાડીસાના વ્હોળામાં પ્લાન્ટ બનાવાયો છે. પરંતુ ઘન કચરાની આડમાં મેડીકલ વેસ્ટ ઠલવાય છે એટલું જ નહીં, ગવાડી અને અન્ય વિસ્તારમાંથી રાતના સુમારે ગંદકી પણ ઠલવાય છે. જે કચરો બિનઅધિકૃત રીતે સળગાવાય છે. જેના કારણે ઝેરી ધુમાડો હવામાં ભળે છે. આટલુ ઓછુ હોય તેમ હાલમાં ચોમાસુ સિઝનમાં નગરપાલિકાના વાહનો પ્લાન્ટના બદલે હાઈવે રોડ ઉપર જ કચરો ઠાલવે છે. જેના કારણે ગંદકીનું સામ્રાજય છવાયું છે. જ્યારે માથુ ફાટી જાય તેવી દુર્ગંધથી વાહન ચાલકો અને રાહદારીઓને નિકળવું પણ દુષ્કર થઈ પડ્યું છે. પારાવાર ગંદકી અને દુર્ગંધથી ગંભીર રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શક્યતા છે. જેની જવાબદારી પાલિકાની રહેશે તેવો આક્રોશ ગ્રામજનોએ ઠાલવ્યો હતો.

# બનાસના ધસમસતા પુરે લોકોને વિચારવાનો સમય પણ ન આપ્યો !

## કાંકરેજ પંથકમાં વરસાદી પુરથી વ્યાપક તબાહી

પ્રતિનિધિ માંડલા

અષાઢી મેહુલાના આગમને રાજી થયેલા કાંકરેજ વાસીઓને ક્યા ખબર હતી કે આ જ મેહુલીયો વિનાશ વેરવાનો છે ને અનેકની જિંદગીઓને તબાહ કરાવનારો છે. કુદરતના કારમા પ્રકોપે અનેક માનવોની જિંદગી તબાહ કરી દીધી છે. ખારીયા જેવા નાના ગામમાં એક જ પરિવારની પંદર જિંદગીઓ કાળની થપાટમાં ઓલવાઈ ગઈ છે. ને હજુ તો નદી કિનારાના અનેક ગામોમાંથી વિનાશના સમાચારો આવી રહ્યા છે. હૃદયને કંપાવી જનાર આ ત્રાસદી લોકો માટે અસહ્ય હતી. લોકો કશું જ સમજી કે વિચારી શકે એ પહેલાં પાંચથી સાત ફૂટ પાણી આવતાં ઘરવખરી- ઢોર-ઢાંખર મૂકી લોકો જીવ બચાવતાં ઘરોના ધાબા - છાપરે ચડી ગયા. ઢોર ઢાંખર માલ મિલકત સૌ તબાહ થયા. પશુઓ થકી ગુજરાન ચલાવતા અનેક પરિવારો નોંધારા બની ગયા. લોકોને રાત્રિના બાર વાગે પાણી આવતા વિચારવાનોય સમય મળ્યો નહિ ને કુદરતની કારમી થપાટે અનેક મહામુલી જિંદગીઓને તબાહ કરી તેમજ લોકોની જિંદગીભરની કમાણીને કાળની થપાટે પલભરમાં છીનવી લીધી.

આવા તબાહ લોકોને હાલ તો સ્વૈચ્છિક સંસ્થાઓ મદદ કરી રહી છે. સંઘ પરિવાર, જૈન એલર્ટ ગૃપ, જલારામ સેવા મંડળ તેમજ અનેક સેવાભાવી લોકો મદદ કરી રહ્યા છે. સેનાના જવાનો તેમજ એનડીઆરએફના જવાનોએ અનેક ફસાયેલા લોકોને રેસ્ક્યુ કરી બહાર કાઢ્યા છે. બચેલા લોકોનો જીવવાનો આધાર છીનવાતાં અનેક લોકો નોધારા બન્યા છે. હવે આવા લોકોનું શું? તંત્રએ તાત્કાલિક મદદ કરીને લોકોને ઉભા કરવા પડશે. ખેડૂતોને જીવાડનારી નર્મદા કેનાલો ઠેર-ઠેર તૂટી ગઈ છે. જેને બનાવતાં જેટલો ઓછો સમય થાય તેમ સરકારે કરવું પડશે. નહિતર આવનારા સમયમાં લોકોને ખુબ હાલાકી પડશે. પીવાનું તેમજ સિંચાઈનું પાણી મળે તે માટે સરકારે યુદ્ધના ધોરણે કેનાલો બનાવવી પડે તેમ છે.

''જે પોષતું તે મારતું એ ક્રમ દિશે કુદરતી '' યુક્તિ મુજબ કુદરતની આ શક્તિ સામે માણસ સદાય લાચાર જ છે.

# ખેતરમાં પાણીના ખાડામાં પડી જવાથી ટરૂવાના ખેડુતનું મોત

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના ટરૂવા ગામના પટેલ કલાભાઇ રાંણાજી (ઉ.વ.૩૫) નામના ખેડૂત ગત ૨૬મી જૂલાઇના રોજ ખેતરમાં ઘાસચારો લેવા માટે ગયા હતા. દરમિયાન પાણીના ખાડામાં પડી જવાથી તેમનું કરૂણ મોત નિપજ્યું હતુ. આ બનાવથી પંથકમાં અરેરાટી મચવા પામી હતી. આ બનાવ અંગે તેમના પરિવારે થરાદ પોલીસમથકમાં જાણ કરી હતી. પોલીસે અકસ્માત મોત રજીસ્ટરે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# રસ્તો બંધ હોવાના કારણે ભોરડુના આધેડનું સારવારના અભાવે મોત

પ્રતિનિધિ થરાદ

થરાદ પંથકમાં આવેલી અતિવૃષ્ટિના કારણે તાલુકાના ભોરડુ ગામના જવાનપુરી નરસુંગપુરી ગૌસ્વામી અચાનક બિમાર પડી ગયા હતા. આથી તેમને તાબડતોબ ભોરડુ પી.એચ.સી.માં સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં તબીબોએ વધુ સારવાર અર્થે તેમને આગળ લઇ જવા જણાવ્યું હતુ. પરંતુ પાંચ દિવસ થવા છતાં પણ થરાદ- ધાનેરા નેશનલ હાઈવે પર પાણીના પ્રવાહના કારણે રસ્તો બંધ હોઇ તેમને લઇ જવાયા શકાયા ન હતા. આમ, રસ્તો તુટવાને કારણે સમયસર સારવાર નહી મળતા ૬૦ વર્ષિય જવાનપુરીનું મોત નિપજ્યું હોવાનું ગ્રામપંચાયતના સરપંચ અને તલાટીકમ મંત્રી સંજયભાઇ નાયીએ જણાવ્યું હતુ. બનાવથી પંથકમાં અરેરાટી મચવા પામી હતી.

# થરાદમાં વધુ ૨૭ મી.મી. વરસાદ ખાબક્યો

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠાના સરહદી થરાદપંથકમાં થોડો વિરામ લીધા બાદ શુક્રવારની રાત્રીથી ફરી પાછો વરસાદ પડવાનો શરૂ થવા પામ્યો હતો. મામલતદાર કચેરીના પુર અને નિયંત્રણ વિભાગના વર્ષામાપકયંત્રમાં અગાઉના ૬૯૧ મી.મી. ઉપરાંત શનિવારે દિવસ દરમિયાન ૨૭ મી.મી. વરસાદ મળીને કુલ ૭૧૮ મી.મી. નોધાવા પામ્યો હતો.

થરાદનગરમાં એકબાજુ વરસાદી પાણી ખેંચવાની કામગીરી ચાલુ છે. ત્યાં શનિવારે વધુ વરસાદનું પાણી આવતાં જેટલું પાણી ખેચ્યું એટલુ ફરીથી ભરાવા પામ્યું હતુ. આમ, થરાદપંથકમાં શુક્રવારની રાત્રિથી શનિવારે દિવસભર વરસાદ ચાલુ રહેતા પ્રજા અને તંત્રને પણ મુશકેલીઓ ભોગવવી પડી હતી.

# વરસાદથી વાવમાં પાકુ મકાન ધરાશાઈ


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

છેલ્લા કેટલાય દિવસોથી પડી રહેલા સતત વરસાદના પગલે ગતરોજ વહેલી સવારથી જ વાવ શહેરમાં ધીમી ધારે વરસાદ ચાલુ રહેતા વાવના કુબડીયા પોળમાં રહેતા રમેશભાઈ કુબડીયાનું આવેલું પાકુ મકાન ધરાશાઈ થતાં વીજળીના વાયરોને અથડાતા થોડા સમય પુરતો વીજપુરવઠો ખોરંભે ચડ્યો હતો.

# દીઓદરમાં શ્રાવણીયો વરસાદ

તા.પ્રતિનિધિ દીઓદર

તાજેતરમાં સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં પડેલા ભારે વરસાદથી ઠેર-ઠેર ખાડાઓ,ભુવાઓ અને વ્યાપક નુકશાનો થવા પામેલ છે.જે વરસાદે વિરામ લીધાના થોડાક જ કલાકોમાં ફરીથી શ્રાવણીયો વરસાદ અવિરત ચાલુ રહેવા પામતાં ગત શુક્રવારની રાત્રે સમગ્ર દીઓદર પંથકમાં ધીમી ધારે આખી રાત વરસાદ ચાલુ રહેવા પામતાં એક રાતમાં ૩૦ મી.મી.(સવા ઈંચ) જેટલો વરસાદ થવા પામેલ છે.દીઓદરમાં નીચાણવાળા વિસ્તારો તેમજ દીઓદરમાં અનેક સોસાયટીઓમાં પાણી ભરાઈ જવા પામેલ.અને ફરીથી જ્યાં જુઓ ત્યાં કાદવ કીંચડ જોવા મળેલ.

# સામઢીમાં વિજ સેવા ઠપ્પ

પ્રતિનિધિ સામઢી

પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામે અતિ ભારે વરસાદના કારણે તબાહી સર્જાઈ છે. તો વિજ ફોલ્ટના કારણે છેલ્લા એક અઠવાડિયાથી વિજળી ઠપ્પ થઈ ગઈ છે. જેના કારણે ખેતરોમાં વારંવાર ફરતા લોકોને તથા ઢોરોને પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે. વિજળી વગર ઘંટીઓ પણ બંધ છે. તેથી લોકોની હાડમારીઓ વધી પડી છે. ત્યારે ગઢ જી.ઈ.બી ના ઈન્ચાર્જની જોહુકમીથી લોકોમાં રોષની લાગણી છવાઈ છે.

# લાખણી તાલુકા પંચાયત પ્રમુખની ચૂંટણીમાં ભાજપનો વિજય

**કોંગ્રેસનો એકપણ સભ્ય હાજર ન રહ્યા : કોંગ્રેસના બે સદસ્યો ભાજપમાં જોડાયા**


દિલિપ પુરોહત, દેવજી રાજપૂત

પ્રતિનિધિ લાખણી, વાતમ

લાખણી તાલુકાની તાલુકા પંચાયતના પ્રમુખ - ઉપપ્રમુખની ચૂંટણી નાટ્યાત્મક વળાંકો બાદ શનિવારે યોજાઈ હતી. જેમા ૮-૦ વોટથી ભાજપના ઉમેદવાર પ્રમુખ તરીકે વિજેતા થયા હતા. જયારે ઉપપ્રમુખ તરીકે ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા હતા. ચૂંટણી બાદ કોંગ્રેસના બે સદસ્યોએ રાજય મંત્રી કેશાજી ચૌહાણના હાથે ભગવો ખેસ ધારણ કર્યો હતો.

લાખણી તાલુકા પંચાયતની પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી ૨૯ જુલાઈ અને યોજાવાની જાહેરાત તંત્ર દ્વારા કરવામાં આવી હતી. પરંતુ કોંગ્રેસે એજન્ડા ન બજાવાયો હોવાનું કહી વિરોધ નોંધાવ્યો હતો. તેમજ ચૂંટણીની પૂર્વ સંધ્યાએ તાલુકા પંચાયત પ્રમુખે ભાજપમાંથી રાજીનામું આપતાં ચૂંટણીનું રાજ-કારણ ગરમાયું હતું.

અનુસંધાન પાના નં.૬

**પુરના ધસમસતા વ્હોળામાં....**

# લાખણીના ગેળા ગામના ખેતરો ખેદાન - મેદાન


નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના ગેળા ગામે પુરના ધસમસતા પાણીનો વ્હોળો ખેતરોમાંથી પસાર થયો હતો. જેના કારણે ખેતરો નદીના પટમાં ફેરવાઈ ગયા હતા.જે વ્હોળાના ધુધવતા પુરમાં ખેતરોમાં ઉભેરતા પાક સહિત ધરો અને સાધનો પણ તણાયા હતા. જેના કારણે ખેતરોનું નામો નિશાન મટી જતા ખેડૂતોને ન ભરપાઈ શકે તેવું નુક્શાન થવા પામ્યું છે. ભાવો ન મળતા આમેય ખેડૂતોની હાલત કફોડી છે ત્યાં પુરના વ્હોળાએ ખેતરો ખેદાન - મેદાન કરી દેતા જગતનો તાત લાચાર અને નિરાધાર બની ગયો છે.

# દીઓદર તાલુકામાં અસરગ્રસ્ત સર્વ માટે ટીમો કાર્યરત - ઉત્તમસિંહ વાઘેલા

તા.પ્રતિનિધિ દીઓદર

તાજેતરમાં સમગ્ર જીલ્લા સહ દીઓદર પંથકમાં થયેલ મેઘ કહેરમાં અનેક વિસ્તારોમાં ઝુંપડાં પડી જવા પામેલ છે તો ખેતીના પાકોને વ્યાપક નુકશાન થયેલ છે.ઠેર-ઠેરથી સરકાર દ્વારા સહાય મળે તેવી માંગણીઓ થઈ રહી છે.ત્યારે દીઓદર તાલુકા પંચાયત દ્વારા પાંચ ટીમો બનાવી ગ્રામ્ય વિસ્તારમાં કાચાં/પાકાં મકાનો/ ઝુંપડાં,પૂર્ણ / અંશત નાશ પામેલા હોય તેવા અસરગ્રસ્ત ઈસમોના કાચા/પાકા મકાનો, ઝુંપડાં, પૂર્ણ / અંશત,નુકશાન અંગે નિયત થયેલ માપ દંડ મુજબ સર્વ કામગીરી હાથ ધરાઈ હોવાનું તાલુકા પંચાયત પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલાએ જણાવેલ છે.

# દીઓદર તાલુકામાં અસર ગ્રસ્તોને રાહત ચુકવવા માંગ



તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકામાં છેલ્લા ચાર પાંચ દિવસમાં થયેલ ભારે વરસાદ તેમજ ગોદા - ઓગડપુરા વચ્ચે નર્મદા કેનાલમાં ગાબડું પડવાના કારણે આ વિસ્તારના રહીશો ઉપર આવેલ આફત અને નાશ પામેલ ઉભા પાકો તથા જમીન ધોવાણ અંગે આશ્વાસન આપવા અને તેમની મુલાકાતે દીઓદર તાલુકા કોંગ્રેસના અગ્રણીઓ ગયેલ.

ગતરોજ નર્મદા કેનાલ તુટતાં ૩૦ થી ૩૫ જેટલા લોકો પાણીમાં ફસાઈ જવા પામેલ અને ૧૫-૧૬ કલાક બાદ સૌને એસ.આર.પી.ની ટીમ તથા તરવૈયાઓની મદદથી બહાર લાવવામાં આવેલ.આ સમયે દીઓદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ, જિલ્લા ઉપપ્રમુખ બી.કે. જોષી, ખેડુત અગ્રણી માલજીભાઈ દેસાઈ,યુવા પ્રદેશ અગ્રણી ભરતસિંહ વાઘેલા,માર્કેટ સમિતિના ચેરમેન શીવાભાઈ ભુરીયા, પૂર્વ તા.પં.પ્રમુખ ભારતીબેન ચૌધરી, બળદેવભાઈ બારોટ,સેવંતીભાઈ ઠક્કર,હીરાભાઈ રાજપુત,ઠાકોર ક્ષત્રિય સેનાના ભરતભાઈ ઠાકોર( વકીલ), સહિતના તા.પં.ના સદસ્યો તથા કોંગ્રેસ અગ્રણીઓ દોડી આવેલ.

દીઓદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈએ જણાવેલ કે દીઓદર તાલુકામાં ચાર પાંચ દિવસ વરસાદ રહેલ.લોકો ઘર બાર છોડી જીવ બચાવવા દોડેલ.અનેક જગ્યાએ આશરો લીધેલ છતાં સરકારશ્રી દ્વારા હજુ કેશડોલ કે અન્ય સહાય અપાઈ નથી.દીઓદર તાલુકા કોંગ્રેસના અગ્રણીઓએ જણાવેલ કે સરકાર દ્વારા સહાયની મોટી મોટી વાતો થાય છે પરંતુ પ્રાથમિક સહાય આપવામાં સરકાર નિષ્ફળ નીવડી છે.ખેડુતોના મકાન,જમીન,પશું પાણી આવતાં પડી ગયેલ છે કે તણાઈ ગયા છે.લોકોને રહેવા મકાન કે ખાવા માટે નથી.ખેતી સંપૂર્ણ બરબાદ થઈ જવા પામેલ છે.પાણી આવ્યા બાદ આટલો સમય થવા છતાં હજુ તંત્ર દ્વારા કોઈજ કામગીરી હાથ ન ધરાતાં અસર ગ્રસ્તોમાં ભારે રોષની લાગણી વ્યાપી છે.

કોંગ્રેસ અગ્રણીઓએ ખેડુતોના તમામ દેવા નાબુદ કરવા અને જે લોકોને મકાન પડી ગયા છે તેમને તાત્કાલીક નવા મકાનો બનાવી આપવા તથા જેમના પશુઓ મૃત પામેલ છે તેમને તાત્કાલીક સહાય ચુકવવા માંગણી કરેલ છે.

**પ્રદેશ યુવક કોંગ્રેસ દ્વારા...**

# વાવ પંથકના પૂરપીડીત ગામોમાં ફુડપેકેટનું વિતરણ


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

છેલ્લા સતત સાત દિવસથી વાવ પંથકમાં વરસી રહેલા વરસાદ અને રાજસ્થાન પંથકમાંથી આવી રહેલા પાણીના પ્રવાહને લીધે વાવ પંથકના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળતાં ભારે વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. ત્યારે ગુ.પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપુત અને તેમના યુવક કોંગ્રેસના મિત્રો દ્વારા સરહદી વાવ પંથકના પૂરપીડીતના નાળોદર, ગોલગામ, સરદારપુરા ખાતે પહોંચી પૂરપિડીતોની રૂબરૂ મુલાકાત લઈને ફુડપેકેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે ગુ.પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ ગુલાબસિંહ રાજપુત તેમજ તેમના કાર્યકર મિત્રો બહોળી સંખ્યામાં હાજર પૂરપીડીતોને મદદરૂપ બની રહ્યા હતા.

## જાહેર સુચના

**આથી ડીસા વિસ્તારના તમામ જનતાને જણાવવાનું કે, ડીસા નગરપાલિકાને ઘન કચરા નિકાલ માટે જુનાડીસા ગ્રામ પંચાયતની સીમમાં વ્હોળા રે. સર્વે નંબર ૭૨૭ પૈકીમાં જમીન ડીસા નગરપાલિકાને આપવામાં આવેલ છે. આ જમીનને ડીસા નગરપાલિકાએ કમ્પાઉન્ડ વોલ બનાવેલ છે. અને તે કમ્પાઉન્ડમાં નગરપાલિકા હસ્તકની જમીનમાં નગરપાલિકા કચરો એકત્રિત કરે છે.**

**હાલમાં જાણમાં આવેલ છે કે ઘણા ઈસમો આ વ્હોળા વિસ્તારમાં નગરપાલિકાની ઘન કચરાની સાઈટ પાસે વ્હોળા તથા જે તે આજુબાજુની ખુલ્લી જમીન તથા પાટણ હાઈવેની નજીકની ખુલ્લી જગ્યામાં મનફાવે તે રીતે ઘન કચરો તથા મરેલા ઢોર, પશુઓ અને બાયોવેસ્ટ બીનઅધિકૃત રીતે નાંખે છે. જે ગુનાહિત કૃત્ય છે. આ અંગે ડીસા નગરપાલિકા તરફથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, કોઈએ ડીસા નગરપાલિકાની આ સાઈટની આજુબાજુની ખુલ્લી જગ્યામાં કે વ્હોળામાં કે પાટણ રોડ નજીક ઘન કચરો તથા મરેલા ઢોર, પશુઓ અને બાયોવેસ્ટ બીનઅધિકૃત રીતે નાંખવો નહીં. આ અંગે ડીસા નગરપાલિકા તથા જુનાડીસા ગ્રામ પંચાયત પુરતી વોચ અને તકેદારી રાખી રહેલ છે. આ રીતે કોઈ કૃત્ય કરતાં માલુમ પડશે તો તેની ફોજદારી ગુનો નોંધાવી કાયદેસર શીક્ષા માટે પગલા ભરવામાં આવશે. જેની દરેકે નોંધ લેવી.**

**હુકમથી**
**ડીસા નગરપાલિકા**

# તંત્રી સ્થાનેથી ...

**શ્યામ ઈતના ન દીજીએ, જામે કુટુંબ સમાય, મૈ ભી ભૂખા ન રહું સાધુ ભી ભૂખા ન જાય.**

## રાજ્યમાં વરસાદ- પૂરથી ખેત જમીનોને અબજોનું નુકસાન

રાજ્યમાં ભારે વરસાદ અને જ્યાં ત્યાં પૂરના પરિણામે જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે. તેમાંથી બહાર આવવા માટે હજુ ઘણો સમય લાગે તેમ છે. ગુજરાતમાં ચાલુ ચોમાસામાં ૧૨૫ થી વધુ નાગરિકોના વરસાદ- પૂરને કારણે મોત નિપજ્યાં છે. હવામાનની આગાહી માટે આકાશમાં ઉપગ્રહો છોડવામાં આવ્યા છે. વિશ્વની ચેનલો હવામાનની આગાહીઓ કરે છે તેમ છતાં રાજ્યમાં અવિરત વરસાદને કારણે થતી જાનહાનિને નુકસાનને બચાવી શક્યા નથી. વરસાદ સાથે હંમેશા નવજીવન, ઉલ્લાસ અને ઉમંગની વાતો- કલ્પનાઓ જોડાયેલી હોય છે. પરંતુ વરસાદનું વરવું રૂપ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતને - ગુજરાતને પીડી રહ્યું છે. અને તેના કારણે શોધવામાં સરકાર કે હવામાન વિભાગ નિષ્ફળ નિવડેલ છે. ૨૦૧૭ ના વર્ષમાં વરસાદી ઋતુએ દેશભરમાં જે કેર વર્તાવ્યો છે તે ભયાનક નહિં પરંતુ અતિ ભયાનક કહી શકાય..

એક સર્વે અનુસાર ૬- એપ્રિલ ૨૦૧૭ માં જમ્મુ કાશ્મીરમાં અતિ ભારે વરસાદને પગલે ઘાટીના ભાગોમાં પુષ્કળ પાણી ભરાયું, જેલમ નદીમાં આવેલા પૂરના કારણે ૪૪ વ્યક્તિઓના મોત થયા હતા. તેમજ એક લાખ ઉપરાંત મકાનોને નુકસાન થયું હતું. ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોની તો કોઈ ભાળ મળી નથી.

૨૪ જુલાઈએ તબાહી મચાવતો વરસાદ પશ્ચિમ ગુજરાતના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં આવી પહોંચતા ભારે વરસાદ વિનાશનું તાંડવ સર્જ્યું. ગુજરાતમાં સતત પાંચ દિવસથી આવેલા વરસાદે ૧૨૫ જણાનો ભોગ લીધો છે. હજુ તો લાપત્તા કેટલા હશે તેની સમીક્ષા થઈ નથી. ત્યારે બીજી તરફ વરસાદ સંખ્યાબંધ હાઈવે અને ગ્રામ્ય માર્ગો તરી ગયા છે. કેટલાક તો જડમૂળથી ઉખડી જતાં રોડ કોન્ટ્રાક્ટરોની પોલ ખૂલી ગઈ છે, રાજ્યમાં વિજળી- પાણી વિના ગ્રામજનોની હાલત દયનીય- કફોડી બની છે. રાજસ્થાનમાં ભારે વરસાદનું પાણી ઉત્તર ગુજરાતના ડીસા- બનાસકાંઠામાં ઘુસી જતાં ખેતરો બેટ બની ગયા અને ઉભા પાક નષ્ટ થઈ ગયા છે. ખાતર અને કાંપવાળી જમીનો ધોવાઈ જતાં ચોમાસુ પાક તો નિષ્ફળ ગયો છે. પરંતુ હવે ફરી આ જમીનને તૈયાર કરવા માટે ખેડૂત અને કૃષિ વિભાગને ભારે પ્રયાસો કરવા પડશે.. ખેડૂતોને તમામ પ્રકારની મદદ કરવી સરકારની ફરજમાં આવે છે. આમાં કુદરતને દોષ આપવો વ્યાજબી નથી.

ચોમાસુ હજુ પણ આગળને આગળ વધે જાય છે. મોટાભાગના વિસ્તારોમાં અવિરત વરસાદ ચાલુ હોવાના પરિણામે આવશ્યક ચીજવસ્તુઓ અને શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે. જો કે કેટલીક શાકભાજીના ભાવો વેપારીઓ મનઘડત રીતે લઈ રહ્યા છે. બસ લૂંટ ચલાવવી તેમનો સિધ્ધાંત બની ચૂક્યો છે. બનાસકાંઠામાં આવેલુ પૂર એ રાજસ્થાનમાં આવેલા એક ડેમ તૂટવાથી આવ્યું છે એ વાત સૌ કોઈ જાણે છે.

૨૦૦૬ માં સુરતમાં આવેલા પૂરથી શહેરનો ૯૦ ટકા ભાગ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. અબજોનું નુકસાન થયું હતું. કાપડ ઉદ્યોગને જે નુકસાન થયું હતું તેના આંકડા બહાર જ આવ્યા ન હતા અને તાપી બે કાંઠે વહેતી થતાં સુરત- બદસૂરત બની ગયું હતું. અમદાવાદ સહિત રાજ્યમાં જાહેર માર્ગો પર ગાબડા પડતાં અને કેટલાક તૂટી જતાં હોય ત્યારે આ ભ્રષ્ટાચારને કુદરતી આફતમાં ગણાવી દેવામાં તંત્ર ચેમ્પીયન છે. રાજ્યમાં બચાવ રાહત કાર્ય અને પુનઃ સ્થાપન માટેનું માળખું વ્યવસ્થિત કરવામાં આવે તેવી આશા રાખી શકાય.

## હિંદવેરે ૨૦૨૦ માટે તેના ધ્યેયના ભાગરૂપ નવી વેપાર પહેલો જાહેર કરી




મુંબઈ

ભારતની અગ્રણી બાથરૂમ પ્રોડક્ટ્સ કંપની હિંદવેરે સ્ટાર્ટ વિથ ધ એક્સપર્ટ (નિષ્ણાત સાથે શરૂઆત કરવો) એવા નવા વચન સાથે પોતાની બ્રાન્ડ ઓળખમાં તાજગી ઉમેરી છે. આ સાથે નિપુણતાનો ઊઁઉનવો લોગો પણ રજૂ કર્યો છે. કંપનીએ તેની સુપર પ્રીમિયમ બ્રાડ આલ્કીમી પણ આ સાથે રજૂ કરી છે, જેની ડિઝાઈન ભારતની અવ્વલ ડિઝાઈનર મનીષ મલ્હોત્રા દ્વારા તૈયાર કરવામાં આવી છે. ઉપરાંત બ્રાન્ડે વિલે પાર્લે, મુંબઈમાં તેની અત્યાધનિક ક્રાંતિકારી સંકલ્પનાનો સ્ટોર લકાસાનું ઉદઘાટન કર્યું છે.હિંદવેર સતત નાવીન્યતા અને નવી શોધ પર ભાર આપીને બજારમાં હંમેશાં આગળ રહી છે. બ્રાન્ડ હવે આ ઝડપથી ઉત્ક્રાંતિ પામતી બજારમાં સુસંગત રહેવા, પ્રભાવ પાડવા, ગ્રાહકોને યોગ્ય દિશા ચીંધવામાં મદદરૂપ થવા માચે ૨૦૨૦ના ધ્યેય સાથે સુમેળ સાધતી નવી વેપાર પહેલો સાથે તેની મોજૂદગીને વધુ મજબૂત કરી રહી છે.કંપનીએ હાલમાં એક વ્યાપક સંશોધન હાથ ધર્યું હતું, જેમાં ૨૦,૦૦૦થી વધુ ગ્રાહકો અને ૧૦૦થી વધુ આર્કિટેક્ટોનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. આ સંશોધનમાં એવું તારણ નીકળ્યું હતું કે આધુનિક ગ્રાહકો તેમની પસંદગીઓને પહોંચ આપવા માટે અને તેમનું વ્યસ્ત જીવન આસાન બનાવવા માટે નિષ્ણાતોની સલાહ લેવા માગે છે. હિંદવેર દષ્ટિગોચરતા વધારવા માટે ડિજિટલ મિડિયા સહિત ઘણાં બધાં સંપર્ક સ્થળોમાં ગ્રાહકોને સાંકળવા માટે તેની નવી બ્રાન્ડ ઓળખને પ્રોત્સાહન આપવા માટે એટીએલ અને બીટીએલ મંચોમાં રોકાણો વધારશે.ગ્રાહકો આજે વધુ ને વધુ પ્રવાસ કરવા લાગ્યા છે અને સ્ટાઈલ પ્રત્યે વધુ સતર્ક બનવા લાગ્યા છે ત્યારે બાથરૂમો પણ ફંકશનલથી વધુ સેન્સોરિયલ સુધી ઉત્ક્રાંતિ પામ્યા છે. ગ્રાહકો એવા સુપર પ્રીમિયમ નિવારણો જુએ છે, જે તેમના બાથરૂમોને વધુ પર્સનલાઈઝ બનાવે. આલ્કીમી હિંદવેરની નવી સુપર- પ્રીમિયમ બ્રાન્ડ હોઈ સ્ટાઈલ મીટ્સ ક્રાફ્ટનું દ્યોતક છે અને ડિઝાઈન એક્સપર્ટ છે અને ફ્લોસેન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરીને હિંદવેર ડિઝાઈન સ્ટુડિયો બનાવ્યો છે. નામાંકિત ડિઝાઈનર મનીષ મલ્હોત્રા દ્વારા ખાસ ડિઝાઈન કરવામાં આવેલા ચાર અજોડ બાથ સૂટ્સ સાથે બ્રાન્ડ દેશભરમાં ૨૦૦થી વધુ હિંદવેર બ્રાન્ડ્સના સ્ટોર્સમાં મળશે.ગ્રાહકો એવા નિષ્ણાતો જોઈ રહ્યા છે જેઓ તેમના સપનાના બાથરૂમ નિર્માણ કરવાના પ્રવાસમાં તેમનો હાથ ઝાલીને ચાલે. હિંદવેરનું એક્સપર્ટ બ્રાન્ડ તરીકે રિપોઝશનિંગ આ અંતર દૂર કરશે અને ગ્રાહકોની બાથરૂમની ડિઝાઈનના પ્રવાસમાં સાથી બનશે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

।। રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ।।

ISO 9001:2008 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

# શેરબજારની સ્ટોક સ્પેશિફીક તેજી યથાવત ...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૩૧.૦૭.૨૦૧૭ થી ૦૧.૦૮.૨૦૧૭ :

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!!

ગત સપ્તાહ નિફ્ટી ફ્યુચરએ પ્રથમવાર ૧૦,૦૦૦ પોઈન્ટનું એતિહાસિક શિખર સર કર્યું હતું. નિફ્ટીની ૧૦,૦૦૦ની સફરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઉઁહ્લઋ અને ઉઁહ્લઋ બેન્ક, લાર્સન સહિતના હેવીવેઈટ શેરોએઆગેવાની લીધી હતી. ચાલુ વર્ષે નિફ્ટીની તેજીમાં રિલાયન્સ અને ઉઁહ્લઋએ અંદાજીત ૨૫% નું યોગદાન આપ્યુંહતું. તેમજ નિફ્ટીમાં એકધારો સુધારો નોંધાયો હતો અને સૂચકાંકે નોટબંધી અને ય્જી્ જેવા બે ધરખમ આર્થિકસુધારા પચાવી પાડ્યા હતા. જો આગામી સમયમાં લેવાલી ચાલુ રહેશે તો નિફ્ટીને ૧૦૩૦૦ સુધી લઈ જવામાંમદદરૂપ થશે. નિફ્ટીમાં માર્ચ ૨૦૧૬ થી અત્યાર સુધી માં અંદાજીત ૪૨.૬૧% વધ્યો છે અને સેન્સેક્સમાં પણસમાન ગાળામાં અંદાજીત ૪૦.૧૧% નો વધારો નોંધાયો હતો. નિફ્ટીને ૬૦૦૦થી ૭૦૦૦ની રેન્જ વટાવતાંચાર વર્ષનો સમય લાગ્યો હતો પણ ૧૦૦૦૦ની સપાટી તેણે ત્રણ વર્ષમાં વટાવી હતી. સેન્સેક્સ ૧૩ જુલાઈએઅંદાજીત ૩૨૦૦૦ની સપાટીએ કુદાવી અને તે ઊંચામાં અંદાજીત ૩૨૬૭૨ ને સ્પર્શીને ૩૨,૩૮૩ ની સપાટીએબંધ રહ્યો હતો. નિફ્ટીફ્યુચર અંદાજીત ૧૦૧૫૦ પોઈન્ટની સર્વોચ્ચ સપાટીને સ્પર્શી ૧૦૦૭૦ના મથાળે બંધરહ્યો હતો.ય્જી્ના અવરોધરહિત અમલથી ખુશ રોકાણકારોએ ભારતીય શેરબજારમાં લેવાલી વધારી હતી.મિત્રોઉલ્લેખનીય છે કે, નવી ટેક્સ સિસ્ટમના કારણે કંપનીઓનો નફો, ઉત્પાદકતા અને વૃદ્ધિને વેગ મળવાનો અંદાજછે. કારણ કે, ય્જી્ના અમલથી રાજ્યોના અવરોધો ઘટવાથી માલસામાનની હેરફેર ઝડપી બની છે.છેલ્લા ઘણાસમયથી નાના રોકાણકારોએ નોંધપાત્ર પરિપક્વતા દર્શાવી છે, જે સ્થાનિક બજારની તેજીનું મહત્ત્વનું કારણ છે.તેમજ બેન્ક, ઓટોમોબાઈલ સેન્ટરની આગેવાનીએ શેરબજારમાં ઊછાળો નોંધાયો હતો તેમજ મિડકેપ અને સ્મોલકેપ સેકટરના શેરમાં પણ આગેકૂચ જોવા મળી હતી. મેટલ, ફાર્મા, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરમાં પણ મજબૂત સુધારાની ચાલ જોવાઈ હતી અને એચડીએફસી, એશિયન પેઈન્ટ, મારુતિ સુઝૂકી કંપનીના શેરમાં ૦.૯૫ %થી ૨.૫૦ %નો ઉછાળો નોંધાયો હતો .તો બીજી બાજુ ભારતી એરટેલ, સિપ્લા અને સન ફાર્મા કંપનીના શેરમાં ૦.૫૦ %થી ૧ %નો ઘટાડો જોવાયો હતો.

### વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

વૈશ્વિક શેરબજારો વિક્રમ ઊંચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા છે અને ઘણા સૂચકાંકોના વેલ્યુએશન ખૂબ ઊંચા ગયા હોય તેમલાગે છે, આમ છતાં ઈન્ડેક્સમાં ઊંચા સ્તરે વોલેટિલિટીનું નીચું પ્રમાણ દર્શાવે છે કેમ કે મધ્યસ્થ બેન્કની ઉદારતાનેકારણે રોકાણકારોમાં આત્મસંતોષનું પ્રમાણ ઘણું વધ્યું છે. તેમજ અમેરિકાનો વોલેટિલિટીનો બેન્ચમાર્ક ઈન્ડેક્સહાલમાં ૯.૪૩ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે, જે ૨૦ વર્ષના સરેરાશ કરતાં આશરે ૫૪% નીચો છે. ઝર્ઈ ફૈંઠનુંહાલનો સ્તર ૨૦૦૭ પછીનો સૌથી નીચો છે અને અત્યાર સુધીના સૌથી લાંબા ગાળા માટે આવા નીચા સ્તરેજળવાઈ રહ્યો છે.ભારતના બજારમાં પણ વોલેટિલિટી ઈન્ડિકેટર્સ વૈશ્વિક માર્ગને અનુસરી રહ્યા હતા.ભારતનોવોલેટિલિટી ઈન્ડેક્સ ઈન્ડિયા વીઆઈએક્સ ૧૦.૮૬ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે, જે છેલ્લાં દસ વર્ષની સરેરાશ કરતાં૪૭% નીચો છે.નિફ્ટી ઓગસ્ટ ઓપ્શનના મની કોલ એન્ડ પુટ ઓપ્શનની ઈમ્પાઈડ વોલેટિલિટી બંને એકઆંકડામાં છે. શેરોના ભાવમાં ઘટાડો થશે અને બજારમાં મંદી આવી શકે છે તેવી રોકાણકારોની ધારણા હોય ત્યારેઈમ્પ્લાઈડ વોલેટિલિટીમાં વધારો થાય છે. બીજી તરફ ભાવમાં વધારો થાય અને બજારમાં તેજીના વલણની ધારણાહોય ત્યારે ઈમ્પ્લાઈડ વોલેટિલિટીમાં ઘટાડો થાય છે.ઈન્ડેક્સ અને વોલેટિલિટી વચ્ચેના સ્તરમાં આ ભારે તફાવતથીકોમ્પ્લેસેન્સિ ઈન્ડેક્સ છેલ્લા બે દાયકામાં સૌથી ઊંચા સ્તરે પહોંચ્યો છે. કોમ્પ્લેસેન્સિ ઈન્ડેક્સ સ્જીઝ્રૈં વર્લ્ડ ઈન્ડેક્સના એન્ટરપ્રાઈઝ વેલ્યૂ અને ઓપરેટિંગ પ્રોફિટની સરખામણીમાં વીઆઈએક્સનો રેશિયો દર્શાવે છે. આપણે ભૂતકાળના ડેટા સંકેત આપે છે કે કોમ્પ્લેસેન્સિ ઈન્ડેક્સ ઊંચા સ્તરે હોય ત્યારે શેરોમાં કરેકશન આવી શકે છે અને રોકાણકારોમાં આત્મસંતોષના ઊંચા પ્રમાણથી સંકેત મળે છે કે બજારના ભાવમાં કાતિલ વધઘટની શક્યતા લગભગનહીંવત્ છે અને તેનાથી રોકાણકારો ભાવમાં સ્વિંગ સામે રક્ષણ મેળવવા માટે ઓછામાં ઓછી ચુકવણી કરી રહ્યા છે.વોલેટિલિટીનું આટલું નીચું પ્રમાણ રોકાણકારોમાં ચિંતા પણ ઊભી કરી શકે છે કારણ કે એસ એન્ડ પી ૫૦૦અમેરિકા, મેક્સબોલ મેક્સિકો, કોસ્પી સાઉથ કોરિયા, હેંગસેંગ હોંગકોંગ, નિફ્ટી જેવી વિશ્વના મુખ્ય ઈન્ડેક્સનોરિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ ઈર્જીં ૬૫થી ઊંચા સ્તરે છે. ચાર્ટિસ્ટના જણાવ્યા અનુસાર જો ઈર્જીં ૭૦% ઊંચા સ્તરેહોય તો તે ઓવરબોટ ઝોનનો સંકેત આપે છે. રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ ૩૦% નીચો હોય તો તે ઓવરસોલ્ડ ઝોનનો સંકેત આપે છે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા

નવેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૧૯૯૮૨.૩૭ કરોડની વેચવાલી, ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીતરૂ.૧૧૩૨૫.૨૮ કરોડની વેચવાલી, જાન્યુઆરી ૨૦૧૭ અંદાજીત રૂ.૧૯૦૧.૩૨ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬ કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાંઅંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, ૨૭ જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૮૮૪.૯૧ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા

નવેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૧૮,૨૭૭.૦૩ કરોડની ખરીદી, ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૯૧૩૬.૦૯ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૦૩.૯૪ કરોડની ખરીદી, ફેબ્રુઆરી

૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, ૨૭ જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૫૯૩.૨૭ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, નિફ્ટીએ ૧૦,૦૦૦ની મહત્ત્વની સપાટી પાર કરી છે અને માર્કેટ માટે આગળ ૨-૩ દિવસ મહત્વના રહેશે.તેમજ આ દરમિયાન પ્રોફિટ બુકિંગનો ઈન્કાર કરી શકાય નહિ. જોકે, બેન્ક નિફ્ટી સહિત કેટલાક શેરોના સારાદેખાવથી નિફ્ટીને સપોર્ટ મળતો રહેશે. ઉપરાંત ગ્લોબલ લિક્વિડિટાના ટેકાથી માર્કેટમાં તેજી જળવાઈ રહેશેનિફ્ટીનું આગામી ટાર્ગેટ ૧૧,૨૦૦ છે, જે એક વર્ષની અંદર ટચ થઈ શકે તેમ છે. જો કે વચ્ચે પ્રોફિટ બુકિંગનાકારણે ઘટાડો આવી શકે.નિફ્ટીને છેલ્લા ઘણા સમયથી ૯૫૦૦પોઈન્ટના લેવલ પર સપોર્ટ મળ્યો છે. તેથી આગળ૧ વર્ષ સુધી નિફ્ટી ૯૫૦૦ની નીચે જવાની ધારણા નથી. મોટી કંપનીઓના અનુમાનથી સારા પરિણામથી શેરબજારને ટેકો મળ્યો છે. સારા પરિણામ પછી સિસ્ટમમાં લિક્વિડટી વધી રહી છે. આગામી સમયમાં રિઝર્વબેન્કની મનીટરી પોલિસી કમિટિ ઓગસ્ટમાં મળનારી નાણાં નીતિની સમીક્ષા બેઠકમાં રેપો રેટમાં ૦.૨૫ %ઘટાડો કરે તેવી રેટિંગ એજન્સી ઈક્રાએ ધારણાં વ્યકત કરી છે. નાણાં વર્ષ ૨૦૧૭-૧૮ના પાછલા છ મહિનામાં રેપો રેટમાં બીજો કોઈ ઘટાડો થાય તેવી શકયતા ઓછી છે એમ પણ એજન્સીએ તેના રિપોર્ટમાં જણાવ્યું છે.

### રેપો

રેટમાં ઘટાડાનો નિર્ણય એકમતે લેવાય તેવી શકયતા ઓછી છે. લાંબા ગાળાથી રહેલી લિક્વિડિટીની પુરાંતને સંચાલિત કરવા હજુ વધુ ઓપન માર્કેટ ઓપરેશન હાથ ધરાશે એવા પણ રિઝર્વ બેન્ક તરફથી સંકેત મળી શકે તેમછે. આ કારણથી બેન્કિંગ સેક્ટકરમાં તેજી આવી શકે તેમ છે. આઈએમએફે પણ ઘરેલુ ઈકોનોમી માટે પોતાનુંપોઝિટિવ અનુમાન આપ્યું છે. તેમજ માર્કેટમાં લિક્વિડિટીમાં સારા પરિણામો અને જીએસટી જેવા પોલિસીરીફોર્મથી સંકેત છે કે આગામી સમયમાં તેજી ચાલુ રહી શકે તેમ છે. તેથી માર્કેટમાં ઘટાડાની કોઈ શંકા નથી.... ખેર, મિત્રો દરેક ઘટાડે તબક્કાવારની ખરીદી અને દરેક ઉછાળે તબક્કાવાર નફો બુક કરતા રહેશો.....!! યાદ રાખો....તબક્કાવાર નફો બુક કરે એ જ શાણો રોકાણકાર....!!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ ....!!!!







**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૨૪/૦૭/૨૦૧૭ ના રોજ ૯૯૨૪ પોઈન્ટ ખુલીને ૯૯૧૪ પોઈન્ટના નીચા મથાળેથી ૧૦૧૧૭ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૦૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૨૮ પોઈન્ટના ઉછાળે ૧૦૦૩૯ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૨૪/૦૭/૨૦૧૭ ના રોજ ૨૪૨૪૯ પોઈન્ટ ખુલીને ૨૪૨૨૦ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૦૩૭ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૮૧૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૬૮૬ પોઈન્ટના ઉછાળે ૨૪૯૩૪ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૦૩૯)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૬૦ પોઈન્ટના પ્રથમ અને ૯૯૩૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૧૦૧ પોઈન્ટથી ૧૦૧૭૦ પોઈન્ટ, ૧૦૨૨૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૨૨૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ( ૨૪૯૩૪ )

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૨૪૬૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૫૧૨૫ પોઈન્ટથી ૨૫૨૭૦ પોઈન્ટ, ૨૫૩૩૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૩૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ફ્યુચર રોકાણ સંદર્ભે સ્ક્રીપો ધ્યાને લઈએ તા

૧) **HDFC** લિમિટેડ ( ૧૭૮૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઈનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૬૦ ના પ્રથમ સપોર્ટ થી ખરીદવાલાયક રૂ.૧૮૦૮ થી રૂ.૧૮૧૮ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) મહેન્દ્રા **&** મહેન્દ્રા ( ૧૩૯૬ ) :- આ સ્ટોક રૂ.૧૩૮૦ નો પ્રથમ તેમજ રૂ.૧૩૬૭ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૪૧૮ થી રૂ.૧૪૨૦ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!

૩) એશિયન પેઈન્ટ્સ ( ૧૧૫૯ ) :- ૩૫૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૧૧૨૬ નો પ્રથમ તેમજ રૂ.૧૧૦૯ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક પેઈન્ટ સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ. ૧૧૮૮ થી રૂ.૧૧૯૫ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

- ૪) ઈન્ડસિન્ડ બેન્ક ( ૧૬૩૭ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૬૦ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૬૭૪ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૬૧૬ થી રૂ.૧૬૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૬૮૦ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

- ૫) ઈન્ફોસિસ ( ૯૯૯ ) :- રૂ.૧૦૧૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૩૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકાગાળે રૂ.૯૭૬ થી રૂ.૯૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૪૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક ૨૧.૦૭.૨૦૧૭ થી ૨૮.૦૭.૨૦૧૭ સુધી રોકાણ અર્થે સ્ટોક......

૧) **SPARC** લિમિટેડ ( ૩૭૩ ) :- ફાર્મા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૩૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૩૪૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૩૮૯ થી રૂ.૩૯૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૪૦૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) હિન્દ પેટ્રો ( ૩૬૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૩૪૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૩૨૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૩૮૩ થી રૂ.૩૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) **EID** પેરી ( ૩૨૨ ) :- રૂ.૩૦૯ નો પ્રથમ તેમજ રૂ.૨૯૬ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૩૪૭ થી રૂ.૩૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) **HEXAWARE LTD** ( ૨૬૧ ) :- ટેક્નોલૉજી સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૨૮૩ થી રૂ.૨૯૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૨૪૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) ટોરેન્ટ પાવર ( ૧૮૨ ) :- રૂ.૧૭૩ નો પ્રથમ તેમજ રૂ.૧૬૩ ના સ્ટોગ સપોર્ટથી ઈલેટ્રિકસ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૧૯૭ થી રૂ.૨૦૯ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) તાતા ગ્લોબલ ( ૧૬૮ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૫૩ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૧૭૭ થી રૂ.૧૮૫ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ય્જીહ્લઝ લીમટેડ ( ૧૩૫ ) :- એગ્રી સેક્ટરનો ફન્ડામેન્ટલ આ સ્ટોક ટ્રેડીંગ સંદર્ભે રૂ.૧૧૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક ....!! તેજી તરફી ઉછાળે રૂ.૧૫૩ થી રૂ.૧૬૦ ના ભાવ આસપાસ નફો બુક કરવો....!!

૮) **KPIT** ટેકનો. ( ૧૨૭ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૧૩ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૪૪ થી રૂ.૧૫૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૯)ૅઝ ઈન્ડિયા ( ૧૧૪ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઈલેટ્રિક્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૦૨ આસપાસ રોકાણકારે રૂ.૧૩૩ થી રૂ.૧૪૦ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૯૦ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૧૦) **NLC** ઈન્ડિયા ( ૧૦૨ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૯૩ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૧૪ થી રૂ.૧૨૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

૧) **NCC** ઈન્ડિયા ( ૮૯ ) :- કન્સ્ટ્રકશન સેકટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૯૪ થી રૂ.૧૦૩ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) **CG** પાવર ( ૮૫ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ઈલેટ્રિક્સ સેકટરનાં આ સ્ટોકને રૂ.૭૪ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૯૩ થી રૂ.૧૦૩ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) બોમ્બે ડાઈંગ ( ૮૪ ) :- રૂ.૭૩ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક ત્રિમાસિક રોકાણ અર્થે ઝડપી ઉછાળાની શક્યતા ધરાવે છે.... રૂ.૬૯ નો સ્ટ્રોંગ સપોર્ટ અતિ જરૂરી.....!!

૪) તાતાપાવર ( ૮૨ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૪ નો પ્રથમ તેમજ રૂ.૭૦ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક મિડિયા સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ. ૮૯ થી રૂ. ૯૪ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૫) **JSW** એનેર્જી ( ૬૯ ) :- રૂ.૬૪ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૭૬ થી રૂ.૮૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૦ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**બોટમ લાઈન :- નિફ્ટી ફ્યુચર રેન્જ ૯૯૬૦ થી ૧૦૨૨૦ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

CMYK


# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...


## કેપ્સુલ

ચમનઃ અરે મદન કુતરા પુંછડી શા માટે હલાવે છે ?

મદન : કોમનસેન્સની વાત છે ભાઈ હવે પુંછડી તો કોઈ કુતરાને હલાવી ન શકે ને ?

000

ટીચર : પપલુ બગલો હંમેશા એક પગ પર જ શા માટે ઉભો રહે છે ?

પપલુ : કારણ કે જો બગલો પોતાનો બીજો પગ પણ અદ્ધર લઈ લે તો એ પડી જાય..!

000

ઓપરેશન ટેબલ પર સુતેલા ઈજા પામેલા એક દર્દીએ ડૉકટરને કહ્યું, ડૉકટર સાહેબ હવે બસ કરો. તમે મારા ઘાને કયાં સુધી ફંફોસતા રહેશો ?

ડૉકટર : ધીરજ રાખો. મને એ ગોળી કાઢી લેવા દો જે તમને વાગી છે.

દર્દી : પણ ગોળીતો મારા ખિસ્સામાં જ છે.

000

આજે મારી સાથે ભોજન કરવામાં તને કંઈ વાંધો તો નથી ને ?

ના રે એમાં શું વાંધો હોય?

તો બરાબર આઠ વાગે હું તારે ત્યાં આવી જઈશ.

0000

પતીએ ગુસ્સાથી પત્નીને કહ્યું હું જતો રહીશ પછી તનેકયારેય મારા જેવો પુરૂષ નહીં મળે.

પત્ની બોલી : તમેએવું કેમ વિચારો છો કે હું તમારા જેવો બીજો પુરૂષ પસંદ કરીશ ?000



# જમાના ખરાબ હૈ આજ પહેલી

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

આજે પહેલી તારીખ છે અને પહેલી તારીખ એટલે પગારનો દિવસ એક જમાનામાં રેડિયો સિલોન હાલનું શ્રીલંકા જ્યાંથી સવારના પહોરમાં કિશોરકુમારનું ગીત આવતું. ઘણાએ એને સાંભળ્યું હશે... 'કરોના બહાના આજ પહેલી તારીખ હૈ...' નવી પેઠીના યુવાનોને આજે ટુંકી ચડ્ડીઓ પહેરીને ગીતો ફિલ્મો દ્વારા પીરસવામાં આવતાં હોય ત્યારે આ ગીતની ખબર નહીં હોય કદાચ બનવા જોગ છે. પણ પહેલી તારીખનું નોકરી કરતા દરેક માણસ સાથે મહત્વ છે. પહેલી તારીખ પગાર સાથે સંકળાયેલી છે. જોકે આજે ઘણી પ્રાઈવેટ ઓફીસ – સંકુલ સાત તારીખે પણ પગાર આપે છે. તેથી પહેલીનું મહત્વ કંઈ ઘટતું નથી. પહેલીના આગમન પૂર્વે ઘણા આખર ચાલી રહ્યું છે કહીને મનને શાંત કરવાનો, કોઈકને સમજવાનો પ્રયાસ કરે છે. પહેલી આવે છે. પગાર આવે છે અને... ઘરના મોભીનો – જેનો પગાર આવ્યો છે એના... એના આવેલા રૂપિયાનો રંગ ઊડી જાય છે. એ રૂપિયા ક્યાંક બાટલામાં... ક્યાંક વીજળીના બિલમાં... ક્યાંક છોકરાની સ્કુલ ફી... અને બપોરના બે પછી ખજાનો ખાલી... પહેલીના, પગારના દિવસથી જ આખર તારીખ ચાલુ.

દેશની સીસ્ટમ કહો કે માણસનું ભાગ્ય પહેલી તારીખરૂપી મોસમના પહેલા જ વરસાદે ડેમનાં પાણી ખાલી પછી પાણીના મામલે ઘીબાઘીબ... એવું જ પહેલીના પગારનું સાંજ સુધીમાંતો તળિયાં ઝાટક અને આખો મહિનો રૂપિયાનો ઉનાળો.

પહેલી તારીખનું આમ આવી રીતે મહત્વ છે. એકલી પહેલી તારીખ ઉપરાંત અન્ય ઘણી બાબતોને જોઈ શકાય. લઈ પણ શકાય. પહેલા પગારનું... પહેલા પ્રેમનું... પહેલા સંતાનનું મહત્વ છે. પહેલી પત્નીનું મહત્વ હું માનતો નથી. પત્નીઓતો જેટલી હોય એનું મહત છે. અગાઉના જમાનામાં રાજાઓ ડઝનબંધ રાણીઓને રાખતા હતા મજાથી જીવતા હતા. ક્યાંય ઈતિહાસમાં ઉલ્લેખ નથી કે ફલાણો રાજા રાણીઓથી કંટાળી ગયો હતો.

દિલ્લીનો ખલજી વંશનો એક રાજા ગુજરાતના એક રાજાને હરાવી દેતાં એ રાજાની રાણીને દિલ્લી લઈ જઈને પોતાની રાની બનાવી હતી... દિલ્લીમાં શું ઓછી હતી તે...

ખેર – પહેલીનું કેટલીક બાબતોમાં ખુબજ મુલ્ય હોય છે. અરે મોસમના પહેલા વરસાદનું અને નવા લેખકની પહેલી છપાયેલી કૃતિનું પણ મુલ્ય હોય છે. અમારા ગામના એક નવા લેખકની પહેલી કૃતિ – બેસતા વર્ષના દિવસે છપાઈ હતી અને એ લેખકે જે જે મળ્યા એને સાલમુબારક કઈને પોતાની કૃતિ બતાવી હતી. મારો પણ નંબર હતો. પછી શું થયું એ ખબર નથી. એ લેખક થયો કે ગયો ક્યાં – કોઈ માહિતી શરૂઆતમાં નથી... પણ ચાર મહિના પછી જાણવા મળ્યું હતું કે આનંદના અતિરેકમાં ઉપરના બધા સ્ક્રુ ઢીલા થઈ ગયા હતા.

ખેર – પહેલીનું આવું કંઈક મહત્વ રહેલું છે. આનંદ થાય મારા ભૈ – પણ એ મામલે સાવધ રહેવું... કંઈક પહેલીએ મને પણ એવું જ થયું.

શનિવાર હતો... પહેલી હતી... મારા ઘરની ટીપોઈ પર પહેલીનું પેપર(અખબાર) પડ્યું હતું. આમતો આપણાં છાપામાં કૌભાંડ કઠલા... કૂટકપટના સમાચારોની ભરમાર હોય છે. પગે લાગીને મત લઈ ગયેલા મહારથીઓના પગે પડવા છતાંય વાતો ન સંભાળનારા એ સમાંજસેવાકોના કરતૂતોની કથાઓ હોય છે. અરે સિનેમાના પડદા પર આદર્શમૂર્તિની વાત રજુ કરતા નકલી ચળકાટ દેખાડનારા હીરોની ઠગભક્તિથી ભરપુર વાર્તા હોય છે. ફલાણા ખાને હોલીવુડની આટલા કરોડની ફિલ્મને ઠુકરાવી દીધી તો ફલાણાની આ ફિલ્મે પહેલા જ દિવસે આટલા કરોડનો ધંધો કર્યો.

એમાં લોકોને શું?

પણ પહેલી તારીખ હતી અને ટિપોઈ પર અખબાર પડ્યું હતું. આમતો મારી પત્ની રેણુનો મારી પર સવાર સવારમાં અખબાર વાંચવા પર પ્રતિબંધ છે. એનો સખ્ત એક આદેશ છે કે સવાર સવારમાં છાપુ વાંચતા પકડાયા તો તમામ કામને પડતાં મૂકી હું મારા મૈયરની વાટ પકડી લઈશ. એ શું સવાર સવારમાં કાળા અક્ષરો સાથે કુસ્તી કરવી...

ત્યારનો હું છાપા સામે જોવાનું તો શું અડકવાની પણ ગુસ્તાખી કરી શક્યો નથી. ત્યાં પહેલી અને ટિપોઈ પર પેપર... એના આદેશનું ઉલ્લંધન... ના ના – હા અનુમતિ લઈને આદેશનું ઉલ્લંધન કરી શકાય ને. મેં છાપા સામે જોતાં બુમ પાડી 'હું શું આ છાપું વાંચી શકું'?

'જી. વાંચો...'

હું રાજી થયો. હાશ – પહેલી તારીખે છાપુ વાંચવા મળ્યુ

અનુસંધાન પાના નં.૬ ઉપર

# કેવા ગ્રહો રાજયોગ બનાવે ?




જન્મકુંડળીમાં રાજયોગ બને છે તો રાજયોગ ભંગ પણ ત્યાં હોય છે.જો રાજયોગ થયો હય તો પણ તે અન્ય ગ્રહથી ભંગ થતો હોય તો રાજયોગ ફળ આપી શકતો નથી.

રાજયોગ ધન,ધાન્ય, જાગીરી, મીલકત ઉપરાંત રાજયને લગતી બાબતોમાં સફળતા અપાવતો હોય છે અને આવી વ્યકિત દિવસે ને દિવસે સુખી થતો હોય છે બીજી બાબત શાસ્ત્રમાં ખાસ જોવા મળે છે. દેશકાળ, દેશકાળનો મતલબ છે કે યોગ મોટો થતો હોય પણ વ્યકિત દેશકાળ એટલે કે તેની રહેણીકરણીની જગ્યા બાબતે વિચારવાનું હોય છે તો અમુક યોગમાં કોઈપણ જાતનું જોવાનું હોતું નથી નહીં દેશકાળ કે નહી જાતી કે નહીં તેના પુર્વજો બાબતે.

અત્રે આપેલ યોગ બાબતે વિચારતા દેશકાળનું ખાસ મહત્વ છે. જે જાતકની જન્મકુંડળીમાં પ્રથમ ભાવમાં ધન કે મીન લગ્ન હોય અને તેમાં શુક્ર બીરાજમાન હોય, ગુરૂની તેના ઉપર દ્રષ્ટી હોય તેમજ બુધ ઉંચનો હોય.દ્રષ્ટાંતકુંડળીઃ અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં પ્રથમ ભાવમાં ધનલગ્ન આવેલ છે. તેમાં શુક્ર રહેલ છે તેમજ ખુદ ઉંચનો થઈને કેન્દ્રમાં રહ્યો છે. આમ આવી વ્યકિત રાજકારણમાં જતો જોવા મળતો હોય છે તેના માટે રાજકીય નેતા બનવાના રસ્તા આપોઆપ ખુલતા હોય છે અને આગળ જતા એક સારો રાજકીય નેતા બનીને બહાર આવતો હોય છે.-**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**

**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# ચેક એન્ડ ફીલની થિયરી છતાંય પેટ્રોલપંપની બુમરેંગ

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

અમારા અમદાવાદી અમથાકાકાને એકસાઈટમેન્ટ વાળી વાંચવા અને તેની ચર્ચા કરતા કાયમ પોળના ઓટલે બેસી અડ્ડો જમાવે.. પોળના તેમના તમામ ટેકેદારો કાકાના આગમન પછી પંદર મીનીટમાં ભેગા થઈ જાય..

અમથાકાકા ઉવાચ : અલ્યા મનસુખ મારવાડી જો આ આજના અખબારમાં શું બતાવે છે ?

પણ કાકા આ અખબાર આવે છે એવી મારી ઘરવાળી માત્ર સેલ અને ફાયદાની જાહેરાતો ઉપર પડી જાય છે.. તેને જે જોઈએ તે અખબારમાં જ મળી જાય છે.

તારી વાત પણ ભૈ સાચી છે.. આ આપણે સસ્તુ નમતું અને મફતની વાતમાં ઘણા આગળ છીએ અને એટલે જ આ પેટ્રોલપંપવાળા આપણી શાણી પ્રજાને છેતરીને પૈસા કમાય છે..

એ કેવી રીતે કાકા સમજાયું નહીં..જો આ પંપોવાળાએ આ સોફ્ટવેર સાથે ચેડાં કરીને નોઝલ વડે ઓછું પેટ્રોલ તેમના ગ્રાહકોને આપે છે. પેટ્રોલ ભરનારા કામદાર નોઝલ જેવી વાહનની ટાંકીના મોંઢીયામાં મુકે એટલે કડડ..કટ..એ અવાજ આવે છે. આ અવાજ ઓછા પેટ્રોલનાં આંક સુચવે છે...પણ કાકા આ મીરર રીડીંગ તો પુરૂં બતાવે છે..ભૈ...એ તો કંપનીએ એક સ્લોગન બધા પંપોને આપ્યા છે.. પ્લીઝ ચેક એન્ડ ફીલ.. આ શબ્દોમાં એ માલીકોની ગ્રાહકો તરફની ફિલીંગ મગરની ચામડી જેવી થઈ ગઈ હોય છે.. માલિકોને માત્ર એ પૈસાના કાઉન્ટરમાં જ રસ હોય છે.. સમજ્યા.. દેખ કબીરા...

'હા..કાકા અમારા એક મિત્ર એ આપણા પીએમ સાહેબના નજીકના સંબંધીના પંપ ઉપર આવી ફરિયાદ કરી એટલે લગભગ પંદર મીનીટમાં ઓઈલ કંપનીના ઈન્સ્પેકટરો અને સુપરવાઈઝરો તેમજ ફલાઈંગ વિઝિટ અધિકારીઓ આવી ગયા..

આવનાર અધિકારીઓએ વાહનમાં નાખેલું ફ્યુલ બીજા ચંબુમાં કઢાવી નાખ્યું.. માલીકને પુછયું ભાઈ તમે પેટ્રોલ કેટલું લીધું ? વ્હીકલવાળો બોલ્યો, સાહેબ પાંચ લીટર માગ્યું હતું અને આ તો ચાર લીટરનું માપીયું બતાવે છે.. બોલો શું કરશો ? દેખ..કબીરા..

માલિકને બોલાવીને પંચકયાસ થયો.. પાંચ માણસોની સહી કરાવી પેટ્રોલ કાઉન્ટર સીલ કરાવ્યું.. બસ પેલા જે મુખ્ય માલિક હતા તેમના છક્કા છુટી જાય તેમ હતું પણ એ મોટી રાજકીય વગના જાણકાર સંબંધમાં હતા. એક સાથે ઉપરાછાપરી.. હિંદુસ્તાન પેટ્રોલીયમની મુખ્ય શાખા મુંબઈ ખાતે ફોન કરી જણાવ્યું.. 'વહેવારનો સોદો પણ એ જસમયે પતી ગયો..'

'પેલા અધિકારીનો ફોન રણકયો.. જે ભાઈને પેટ્રોલ ઓછું આપ્યું છે તેને પુરૂં પાંચ લીટર અને પાંચસો મીલી આપી દો..અને તમામ કાગળો પંચકયાસ એ બધી ફાઈલો મુંબઈ ઓફિસે મોકલી આપો.. દેખ કબીરા..

ઉપરના અધિકારીના એક જ અવાજમાં તમામ કામ થાળે પડી ગયું. પેલા પંપના માલિકના વહેવારનો સોદો લગભગ ત્રીજા દિવસે બહાર આવ્યો.. પણ હવે શું ? જબ ચીડીયા ચુગ ગઈ ખેત.. દેખ કબીરા..

અમથાકાકા બોલ્યા.. ભૈ આવું ને આમ જ આ દેશમાં ચાલ્યા જ કરશે.. અન્ના હજારે જ્યારે ગુજરાત આવ્યા ત્યારે આખો દિવસ બે જ શબ્દો બોલ્યા કરતા હતા.. ભૈ ગુજરાત હૈ.. જહાં દેખો યે તો સઘ ઘોટાલે હી ઘોટાલે હૈ.. આટલું બોલી એમણે રાતની ટ્રેઈન પકડી એ રાજધાની ભેગા થઈ ગયેલા..પેટ્રોલપંપોની સંખ્યા પણ વાહનોની જેમ વધતી જાય છે.. પછી ફ્યુલ કયાંથી મળશે ?

**બી.પાટણવાડીયા મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# અંજીતે બે બાળકોના જીવ બચાવ્યા

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

સંજય ઓ.. સંજય..

કોણ ?

એ તો હું નસીમ..

તું શું કરે છે ?

ટીવી જોતો હતો. ક્રિકેટની મેચ બરાબર જામી છે.. સંજયે કહ્યું.

અરે છોડને યાર.. ચાલ આપણે માછલી પકડવા જઈએ.. નસીમે કહ્યું.

પણ મારી પાસે જાળ નથી..

મેં લીધી છે જો આ રહી.. નસીમે જાળ બતાવી.

મારી પાસે કાંટો છે એ લઈ લઉં.. સંજયે પુછયું.

હાં..હાં.. લઈ લે.. એમાં કંઈ પુછવાનું હોય ? નસીમે કહ્યું.

બેટા સંજય કોણ આવ્યું છે ? સંજયની મમ્મીએ પુછયું.

એ તો નસીમ છે. અમે બંને નદીએ જઈએ છીએ.

સારૂં સંભાળીને જજો.. નદીમાં ભરતી હોય તો સાચવજો.. સંજયની મમ્મીએ ચીંતા પ્રગટ કરતાં કહ્યું.

હાં.. મમ્મી જરૂર.. સંજયે કહ્યું.

આંટીઆમ ચિંતા મત કરો.. મેં હું ના.. નસીમે કહ્યું.

મારો બેટો ૧૩ વર્ષનો ડેંટીયો રહે છે... મેં હું ના.. કહેતાં સંજયની મમ્મી હસી પડી..

બંને મિત્રો વાતો કરતાં કરતાં ડુડું ચીરા નદી તરફ ચાલી નીકળ્યા.. આ નદી તેમના માંઝીકરારા ગામની નજીકમાં વહેતી હતી.

ગામમાંથી બહાર નીકળતાં ખેતરોમાં હરીયાળી લહેરાતી હતી. સુસવાટા દેતા પવનની સાથે સાથે નારીયેળીનાં વૃક્ષો ઝુમી રહ્યા હતા. બંને મિત્રો નદી કીનારે આવી ગયા.

નસીમ મમ્મીની વાત સાચી હતી. નદીમાં અત્યારે ભરતી આવી છે જો ને કેવી ઉછાળા મારે છે ? સંજયે કહ્યું.

તો શું થયું આપણને બંનેને તરતાં આવડે જ છે.. પછી ચિંતા શું ?

ના..ના.. પણ અત્યારે પાણીમાં જવામાં મને તો જોખમ લાગે છે..

અરે દોસ્ત મેં હું ના.. કયું ગભરાતા હૈ, જો ડર ગયા વો મર ગયા.. ચાલ હવે.. નસીમે તેને પોરો ચડાવ્યો.

હાં..હાં.. ચાલ ભરતીમાં માછલીઓ પણ ઘણી આવી હશે.. સંજયે કહ્યું.

બંનેએ કપડાં કીનારા પર મુકી જાળ લઈ ધસમસતી નદીમાં ઝંપલાવ્યું.. નદીની વચ્ચોવચ્ચ એક મોટો ટેકરો હતો પરંતુ પાણી વધારે આવેલ હોઈ તે અત્યારે થોડો જ દેખાતો હતો. બંને મિત્રો તરતાં તરતા એ ટેકરા તરફ જવા લાગ્યા પરંતુ પાણીનો પ્રવાહ તેજ હોવાથી તણાવા લાગ્યા.

બડે ભાઈ જરા સંભાલ કે. .નસીમે કહ્યું. સંજય તેનાથી બે વર્ષ મોટો હતો તેથી નસીમ ઘણી વખત તેને બડે ભાઈ કહેતો..

હાં..હાં. મને ખબર છે અહીં નદી ૧૫ થી ૨૦ ફૂટ ઉંડી છે...સંજયે કહ્યું.

અરે.. તેરા કાંટા..

છુટ ગયા.. જાને દો.. સંજયે કહ્યું.બંને હવે પીણના પ્રવાહમાં બરોબર તરી શકતા ન હતા. તણાવ લાગતાં બંને બુમાબુમ કરવા લાગ્યા.

બચાવો. બચાવો.. પણ નદી કીનારે અત્યારે કોઈ દુર દુર સુધી દેખાતું ન હતું. હવે શું થશે ? બંનેને ચિંતા થવા લાગી. પાણીમાં જોરજોરથી હાથ પગ પછાડી બંને બચવાની કોશીશ કરવા લાગ્યા. ત્યાં દુરથી એક છોકરો તેમને આવતાં દેખાયો. એ લગભગ તેમના જેવડો જ એટલે કે બાર તેર વરસનો હતો. બંને મિત્રો ફરી બુમો પાડવા લાગ્યા..

બચાવો. બચાવો.. નદીનો આ ભાગ કાદવ વાળો હતો. બેઉ કાદવમાં ખુંપવા લાગ્યા. તેથી ખુબ ગભરાયા અને રડવા લાગ્યા. દુરથી રમતો રમતો આવતો છોકરો અંજીત હતો. તેની નજર આ બંને જણા પર પડી. તેણે એકદમ દોડતા આવીને ૧૫-૨૦ ફૂટ ઉંડા પાણીમાં ભુસકો માર્યો.. અંજીતને તરતાં સારું આવડતું હતું. તરતો તરતો તે નસીમના નજીક પહોંચી ગયો. નસીમના વાળ તેણે પકડી પાડયા અને ખેંચતો ખેંચતો તેને કીનારે લઈ આવ્યો.

પછી અંજીત ફરી નદીમાં કુદયો અને પાણીના ધસમસતા પ્રવાહ વચ્ચે સંજયને શોધવા લાગ્યો. સંજય તો કાદવમાં બરાબર ખુંપી ગયો હતો તે પાણી પણ પી ગયેલા તેથી અર્ધબેભાન હાલતમાં આવી ગયેલો ખુબ મહેનત કરી અંજીતે સંજયને કાદવમાંથી બહાર ખેંચી કાઢયો.. અને માટીથી લથપથ થયેલા સંજયને કાંઠે લઈ આવ્યો.

તે દરમ્યાન ગામના બીજા લોકો પણ આવી ગયા. સંજય અને નસીમને પ્રાથમિક સારવાર આપતાં બંનેના જીવ બચી ગયા.

ગામ આખામાં અંજીતની બહાદુરી અને હીંમતપુર્વકનાં પરાક્રમની ચર્ચા થવા લાગી.

૧૫ ડીસે.૨૦૧૩ નો છેલ્લો દિવસ હતો. દક્ષિણ ભારતના કેરળ રાજયના કુન્નુર જિલ્લાના થલાસરી તાલુકાના મોઝી-કુકરા નામના નાનકડા ગામની ઘટનાની વાત દિલ્હી સુધી પહોંચી. રાષ્ટ્રીય બાલકલ્યાણ પરીષદ નવી દિલ્હી દ્વારા અંજીતને ૨૪ જાન્યુ.૨૦૧૫ ના રોજ વડાપ્રધાનના હસ્તે રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર આપવામાં આવ્યો.

**નટવર હેડાઉ**

# ચન્કી પાન્ડેની પુત્રી અન્યાને સલમાન લોન્ચ કરવા તૈયાર

વિતેલા વર્ષોમાં આંખે અને આગ હી આગ જેવી અનેક ફિલ્મોમાં સફળ ભૂમિકા કરીને તમામ ચાહકોને પોતાના સમયમાં રોમાંચિત કરનાર ચન્કી પાન્ડેની પુત્રી અન્યા હવે બોલિવુડમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. પ્રાપ્ત હેવાલ મુજબ બોલિવુડમાં દબંગ સ્ટાર સલામાન ખાન તેને પણ લોંચ કરવા માટે તૈયાર છે. બોલિવુડમાં કેટરીના કેફ સહિત અનેક અભિનેત્રીઓને સફળ અભિનેત્રી બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર સલમાન હવે અન્યાની બોલિવુડમાં એન્ટ્રી કરવાને લઈને આશાવાદી બન્યો છે. તેના કારણે અન્યા બોલિવુડમાં ધમાકેદારરીતે અન્ટ્રી કરી શકે છે. નવા ટેલેન્ટને લોંચ કરવાને લઈને સલમાન હમેંશા તૈયાર રહે છે. અનેક કલાકારોની કેરિયર પણ તેના કારણે બની છે. મળેલી માહિતી મુજબ સલમાન ખાન અને ચન્કી પાન્ડે ખુબ સારા મિત્રો છે. બન્ને એકબીજાને ખુબ પહેલાથી સારીરીતે ઓળખે છે. જેથી સલમાને ચન્કી પાન્ડેની પુત્રીને લોંચ કરવા માટે ઈચ્છા વ્યક્ત કરી છે. અન્યા પોતે બોલિવુડની ફિલ્મ કેરિયરમાં એન્ટ્રી કરવા તમામ પ્રયાસ કરી રહી છે. તે જીમ ટ્રેનરની મદદ લઈ રહી છે. સાથે સાથે ન્યુટ્રીશન દ્વારા સુચવવામાં આવેલી ડાઈટ મુજબ તે આગળ વધી રહી થછે. બન્નેનુ સુચન સલામાન ખાન દ્વારા જ કરવામાં આવ્યુ હતુ. હવે સલમાન ખાને તેને ફિલ્મ મારફતે લોકોની સમક્ષ રજૂ કરવા માટે તૈયારી કરી છે. સલમાનની સાથે અનેક અભિનેત્રી કેરિયર શરૂ કરી ચુકી છે. જેમાં ડેઝી શાહ, જરીન ખાન, સોનાક્ષી સિંહાનો સમાવેશ થાય છે. આ તમામ અભિનેત્રી હવે ટોપ ક્લાસ અભિનેત્રી તરીકે ઉભરી આવી છે. ચન્કી પાન્ડેએ પોતાની કેરિયરમાં અનેક ફિલ્મો કરી હતી. જેમાં તેજાબ સામેલ છે.

# આવકવેરા વિભાગ અને નીતીશકુમારે લાલુપ્રસાદ યાદવની જન્મકુંડળી ફેરવી દીધી

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

દેશમાં હમણાં હમણાં આવકવેરા વિભાગ ગમે ત્યાં અચાનકત્રાટકીને બેનામી સંપત્તિ કવર કરવા લાગ્યું છે ત્યારે કવર થયેલી સંપત્તિમાં કોઈ ગેરરીતિ ન થાય તે સરકારને જ જોવાનું રહ્યું. આ બાબતે દેશનો કોઈ નાગરિક પુછતાછ કરી શકે તેમ નથી. કેમ કે સરકાર દ્વારા જે નિર્ણયો પ્રસ્તુત થાય છે તેમાં કોઈ દરમ્યાનગીરી કરી શકયું નથી પરંતુ રૂા.૫૦૦ અને ૧૦૦૦ ની નોટ વડાપ્રધાને બંધ કરતાં વિપક્ષ દ્વારા હજી સુધી વિરોધ પ્રગટ થઈ રહ્યો છે.

આવકવેરા વિભાગ દ્વારા બેનામી સંપત્તિ જપ્ત કરવામાં આવી રહી છે તે નિર્ણય વર્ષો અગાઉ કરવામાં આવ્યો હોત તો સરકાર પાસે અબજોની સંપત્તી એકત્ર થઈ હોત અને તેનાથી સંખ્યાબંધ યોજનાઓ પરીપુર્ણ થઈ હોત. કાળાનાણાં ધારકોને એ બાબત સમજી લેવી પડશે કે કોઈની પણ બેનામી સંપત્તિ સરકારથી છુપી નથી.

વર્તમાન સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાળા નાણાં ધારકોને વર્તમાન સંજોગોમાં ગરીબ કલ્યાણ યોજનાઓનો લાભ લેવા જણાવેલ છે. ગત નવેમ્બરમાં નોટબંધી બાદ સરકારે ગરીબલક્ષી યોજના જાહેર કરી હતી તેમાં સરકારે ચેતવણી આપી હતી કે કોઈના પણ જાહેર ન થયેલા બેંક ખાતા અને રોકડ ડીપોઝીટો અમારાથી છુપી નથી. ગરીબલક્ષી યોજનાઓનો સૌ કોઈએ લાભ લેવો જોઈએ.

વડાપ્રધાન દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે બિનહિસાબી સંપત્તિ પર ૭૭.૨૫ ટકા વેરો, સરચાર્જ અને સેલ ઉપરાંત ભારે દંડ થશે તેમજ પ્રોસીકયુટ પણ થશે. સરકાર દ્વારા એવી ચેતવણી પણ આપવામાં આવી છે કે બિનહિસાબી સંપત્તિ જેની પાસે હોય તે વ્યક્તીએ જાહેર કરવી જોઈએ. દરમિયાન ૩૧ માર્ચ સુધી ખુલ્લી યોજના અંતર્ગત થનારી જાહેરાતને સંપૂર્ણપણે ખાનગી રાખવાનો સરકારે નિર્ણય કર્યો હતો.

વડાપ્રધાન ગરીબલક્ષી યોજના હેઠળ કોઈપણ બેંક કે પોસ્ટ ઓફિસમાં જમા થયેલી રકમને ૫૦ ટકા વેરો અને સરચાર્જ ભરીને જાહેર કરી શકાશે.

રૂા.૫૦૦ અને ૧૦૦૦ ની નોટ પરત કરીને નવી મેળવવાની ૫૦ દિવસની મુદત દરમિયાન બેંક અને પોસ્ટ ઓફિસમાં જમા થયેલી રોકડ રકમોની સમીક્ષા કર્યા પછી સત્તાધીશો હવે નોટબંધી પછી ખુલેલા લોન ખાતા અને ડિપોઝીટની ચકાસણી કરવામાં આવનાર છે. કેન્દ્રના નાણાં મંત્રીએ સંસદીય જાહેર હિસાબ સમીતિને એક લેખીત જવાબમાં જણાવેલ છે કે 'નોટબંધીને કારણે ટેકસવેઝ વધશે. વ્યાજદર નીચા જશે અને તેને પગલે ધાર્મિક વૃધ્ધિ નોંધપાત્ર રીતે ઝડપી બનશે. આવકવેરા વિભાગે જણાવ્યું છે કે જુની નોટ ચલણમાંથી રદ થતાં છુપી

અનુસંધાન પાના નં.૬ ઉપર

**બેનામી સંપત્તિ એકત્ર કરનારાઓને મોદી સરકાર છોડશે નહીં**

# રેઈનકોટની શોધ

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

રેઈનકોટની શોધ કોણે કરી ? તો ઘણાંને કદાચ ખબર ન હોય કેમ કે જે વસ્તુ આપણને સામાન્ય લાગતી હોય તે વર્ષો પહેલાં કોણે શોધી તે જાણવાની દરકાર આપણે કરતાં જ નથી. હા એક વાત છે જો ટેલીફોનની વાત નીકળે તો તરત તેના શોધક ગ્રેહામ બેલનું નામ આપી દઈએ. જો વીજળીનો બલ્બ કોણે શોધ્યો તો તરત જ થોમસ આલ્વા એડીસનનું નામ યાદ આવી જાય. રેઈનકોટ એક એવી વસ્તુ છે કે જે ચોમાસામાં જ યાદ કરાય છે તો પછી એનો શોધકનું નામ કયાંથી યાદ આવે ? હું તમને યાદ કરાવું કે રેઈનકોટના શોધકનું નામ છે ચાર્લ્સ મેકીન્ટોશ. સ્કોટલેન્ડ દેશનો તે રહેવાસી હતો. સ્કોટલેન્ડમાં ચોમાસુ બારેમાસ ચાલતું હોય તેમ ગમે ત્યારે ઝરમર વરસાદ પડે અને એક વાર તે પડવાનું શરૂ કરે પછી વરસાદ અટકવાનું નામ ન લે. ઈ.સ. ૧૭૬૬ માં ચાર્લ્સ મેડીન્ટોશનો જન્મ થયો ત્યારે મોટરકાર કે રેલ્વેની શોધ નહોતી થઈ. લોકો ઘોડાગાડીમાં બેસીને મુસાફરી કરતા હતા પરંતુ સવારી કરે ત્યારે હાથમાં છત્રી પકડીને બેસવું ફાવતું નહોતું એટલે મેકીન્ટોશને વોટરપ્રુફ કપડું બનાવવાનો વિચાર આવ્યો. સુતરાઉ કાપડના બે પડ વચ્ચે તેણે ગરમ કરેલ રબ્બર પાથર્યું અને સેન્ડવીચની જેમ બંને તાકા એકબીજા સાથે ચોંટાડી દીધા પરંતુ આવું કાપડ સ્કોટલેન્ડના લોકોને ગમતું નહોતું. કયારેક કાપડની આરપાર નીકળતું વસ્ત્ર શરીર સાથે ચોટવા લાગ્યું પાછું રબ્બર કયારેક ગંધ પણ મારતું.

મેકીન્ટોશ સહેજ પણ હતાશ ના થયો. રબર ના વાપરે તો કપડું વોટરપ્રુફ ન બને. એટલે રબરનું પડ સરસ રીતે કેમ ચડાવવું તેનો ઉપાય તેણે શોધી કાઢવા સિવાય કોઈ રસ્તો નહોતો. છેવટે તેને આ ઉપાય ૧૮૨૩ માં મળી ગયો. રબ્બરના એકસરખા મુલાયમ પડ સાથેનું કાપડ તેણે બનાવ્યું અને દરજીને સીવવા માટે પણ આપ્યું, રબ્બર મુલાયમ હતું. અત્યંત જાડું પણ હતું. વળી ગંધ પણ મારતું હતું. જાડું કાપડ વેતરીને લાંબો કોટ સીવવામાં દરજીને ઘણી મુશ્કેલી પડતી હતી. પાછું રબ્બરમાંથી આવતી વાસ નાકના ટેરવા ચડાવી દેતી હતી. આમ છતાં તે કાર્ય પુર્ણ કર્યું અને જગતનો પહેલ વહેલો રેઈનકોટ બનાવ્યો. ૧૮૨૩ નું એ વરસ અને આજે ૨૦૧૭ ની સાલ માટે રેઈનકોટની શોધને ૧૯૪ વર્ષ પુરા થયાં છે.

સૌ પ્રથમ બનાવેલો રેઈનકોટ ખુદ ચાર્લ્સ મેકીન્ટોશે જ પહેર્યો હતો અને તે પહેરીને બહાર નીકળ્યો ત્યારે લોકો તેની સામે કતરાઈને જોવા લાગ્યા. કારણ કે રબ્બરની વાસ ચારે બાજુ ફેલાતી હતી. એક વાર તો ઘોડા જોડેલ બસના ડ્રાઈવરે તેને બસમાં દાખલ થવાની ના પાડી દીધી હતી. એ જમાનામાં ડીઝલ એન્જીન શોધાયું નહોતું એટલે ઘોડા જ બસને ખેંચતા હતા. આ બધી પરીસ્થીતિમાં મેકીન્ટોશ નાસીપાસ થયો અને રેઈનકોટને હાથ લગાડયો ત્યારે આંગળી પર ચ્યુઈંગમ ચોંટે તેમ ચોંટી ગયો. ગરમીમાં રબ્બર પીગળી ગયેલ.

અનુસંધાન પાના નં.૬ ઉપર

CMYK

## મુખ્યમંત્રી...

**પાના નં.૧ ચાલુ**

પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. જેથી રાહત- બચાવ કામગીરીમાં આર્મી, એન.ડી.આર.એફ. સાથે એરફોર્સ પણ જોતરાયું હતું. જેથી વધુ જાનહાનિ ટાળી શકાઈ હતી. હાલમાં વહીવટી તંત્ર પણ 'એલર્ટ' બનતા વરસાદના વિરામ વચ્ચે ધીમે ધીમે સ્થિતિ થાળે પડવા લાગી છે. ત્યારે ટુંકાગાળામાં સતત ત્રીજી વખત આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પુરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે આવી રહ્યાં છે. મુખ્યમંત્રીની આ સંવેદનશીલતાથી પુરગ્રસ્તોમાં નવસંચાર થયો છે. જ્યારે વહીવટી તંત્ર ખડેપગે બની ગયું છે. મુખ્યમંત્રીના આગમનને લઈ નગરમાં પોલીસ કાફલો ખડકી દેવાયો છે.

## કોંગ્રેસે પોતાના ...

**પાના નં.૧ ચાલુ**

જયારે ભાજપના નેતાઓમાં બનાસકાંઠાના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મગનલાલ માળી, સ્વામી આનંદ રાજેન્દ્ર ઉપસ્થિત રહ્યા હતા.

શંકરસિંહની સાથે માણસાના ધારાસભ્ય અમિત ચૌધરી, સમી - હારીજના પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડ આવ્યા હતા. શંકરસિંહે જણાવ્યું હતું કે, હું હવે કોંગ્રેસ કે ભાજપનો નથી. બળવંતસિંહને મદદ કરવાના પ્રશ્ન અંગે તેમણે ખુલાસો કર્યો હતો કે, મારા કરતા તેઓ અહેમદ પટેલના વધુ નજીક હતા. પરંતુ અવિશ્વાસના વાતાવરણે તેમની માનસિકતા બદલાઈ છે. હું કોઈ ધારાસભ્યને ફોન કરતો નથી. કોંગ્રેસના ધારાસભ્યોએ પુરની સ્થિતિમાં પ્રજા વચ્ચે રહેવું જોઈએ. નહીં તો પ્રજા જવાબ આપી દેશે.

## કાંકરેજ...

**પાના નં.૧ ચાલુ**

સીપુ ડેમના ૦૪ દરવાજા ખોલતાં કાંકરેજ તાલુકામાં બનાસનદી પટ વિસ્તારમાં પુનઃ ઘોડાપુર આવવાની દહેશતથી લોકોમાં ભયની લાગણી હતી. કાંકરેજ તાલુકાના જુના - નવા માનપુર, ભદ્રેવાડી, વાલપુર સહિતના ઘણા ગામડા હજુ તંત્રને સેવાભાવી લોકોથી સંપર્ક વિહોણા છે. થરા, રાધનપુર રોડ પર ઉણ આજુબાજુના આ ગામડામાં વાહન લઈને જવું અશક્ય છે. બેથી પાંચ કી.મી. પગપાળા ચાલતાં પાણીનો પ્રવાહ પસાર કરીને પહોંચી શકાય છે. કેટલાક અશક્ત લોકો પાણીનો ઘસમસતો પ્રવાહ પસાર કરીને નેશનલ હાઈવે પર ડોલ - બેડા - માટલાં લઈને આવે છે ને પીવાનું પાણી માથે ઉપાડી લઈ જાય છે. રાહત પેકેટ અને કપડાં અતિરેક થઈ ગયો હોય તેવું કાંકરેજ તાલુકાના ગામડામાં સ્પષ્ટ જોવા મળે છે. કેટલાક લોકો આવા કપડાં કે વસ્તુ ભેગા કરવા બેઠા હોય તેવું લાગી રહ્યું છે. સ્થાનિક લોકો કહે છે. હવે પશુઓને ઘાસચારો દાણને જીવન જરૂરી વસ્તુઓ મળે તો અમારૂ જીવન પાછું રાબેતા મુજબ થઈ શકે તેમ છે થરા જૈન દાદાવાડી જલારામ મંદિર, ઝાઝાવડા વાળીનાથ મંદિર ધર્મ શાળામાં લોકો માટે પૌષ્ટિક ગરમા ગરમ ભોજન રાહત કેમ્પો તથા કેટલાક ગાબડાઓમાં રૂબરૂ જઈને આપવામાં આવે છે. જેનાથી લોકોને બહુ મોટી રાહત થઈ છે. ધાબળા - ટુવાલ સહિતની ચીજ વસ્તુઓ મળી હોવાનું લોકો કહેતા હતા.

કાંકરેજ તાલુકાના નવા માનપુરાના સરપંચ ભરતભાઈ બાબુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, લોકોને પીવાના પાણીની ભારે તકલીફ છે. તો પશુઓને ઘાસચારા - દાણની સગવડ થાય ને તો સારી બાબત છે. ખેત - વિસ્તારોમાં હજુ મરેલાં પશુ પડ્યાં છે. પરંતુ પાણીનું વહેણ ચાલુ હોવાથી ત્યાં પહોંચવું અશક્ય છે. નવા જુના માનપુર વચ્ચે ઘોડાપૂરના પાણી ગઈકાલે પણ વહી રહ્યાં હતાં તો ઠેરઠેર રોડ તૂટવાના કારણે વાહન વ્યવહાર માટે રસ્તો બંધ જ હતો. પગપાળા પણ ત્રણ જગ્યાએ પાણીના વહેણ પસાર કરીને જવું પડે તેવી સ્થિતિ હતી. કાંકરેજ તાલુકાના ખારીયા ગામે બનાસનદી ડીપ પાસે બચાવ કામગીરીમાં લોકો તમાશો જોવા આવતા હોય તે અડચણ રૂપ થતા હતા. જે એનડીઆરએફ, એસડીઆરએફ, આર્મી માટે બચાવ કામગીરીમાં નડતર રૂપ બને છે લોકોએ સમજવાની જરૂર છે કે બચાવ કામગીરીમાં અડચણરૂપ ન બને.

## પાર્ટીના દબાણથી ...

**પાના નં.૧ ચાલુ**

કારણે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના લોકો દુઃખી છે. કેન્દ્ર અને રાજય સરકારને આ બાબતે રજૂઆતો કરીને લોકોનું દુઃખ દુર થાય તેવા પ્રયાસ કરીશ. રોગચાળો ફાટી નીકળે તે માટે કાર્યવાહી કરવા કહીશ.

વિરોધપક્ષના નેતાએ જણાવ્યું હતું કે કોંગ્રેસના ધારાસભ્યોએ સંકટના સમયે લોકોની વચ્ચે રહેવું જોઈએ તેની જગ્યાએ બેંગ્લોર ચાલ્યા ગયા છે. પાર્ટીના દબાણથી ધારાસભ્યો ભાગી જાય એ યોગ્ય નથી. પ્રજાએ મત આપ્યા છે. પ્રજાની સેવામાં હાજર રહેવું જોઈએ. પાર્ટીનું એવું દબાણ ના હોવું જોઈએ. કે પ્રજાથી વિમુખ થઈ જાય. પક્ષને તેમના ઉપર વિશ્વાસ નથી. તો આવતીકાલે પ્રજા આવા ધારાસભ્યો ઉપર કેવી રીતે વિશ્વાસ મૂકશે ? આ ધારાસભ્યો મઝા કરવા ઉપડી ગયા છે. તેમને શરમ આવવી જોઈએ પાર્ટી એવી કેવી કે દબાણ કરે અને લોકોને રેઢા મૂકીને ધારાસભ્યો ચાલ્યા જાય ? આવુ પ્રજા ઉપર સંકટ ના હોય તો ભલેને મજા કરે,

બાપુ તમે ભાજપમાં જવાના છો ? પત્રકારોના પ્રશ્નના જવાબમાં બાપુએ જાણાવ્યું હતું કે હું પ્રજાના વચમા જવાનો છું.

## વરસાદી કહેરથી ...

**પાના નં.૮ ચાલુ**

બનાસડેરી, બનાસ બેંક જેવી અનેક સેવાભાવી સંસ્થાઓના કાર્યકરો શંકરભાઈના હાથ બન્યા. રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ પણ તાબડતોબ જિલ્લાની મુલાકાત લઈ શંકરભાઈના પ્રયત્નોને બિરદાવ્યા એટલુંજ નહી ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ શંકરભાઈ પાસેથી પરિસ્થિતિની ગંભીરતાનો તાગ મેળવીને જિલ્લાના હવાઈ સર્વેક્ષણ માટે આવવાનો નિર્ણય કરતાં શંકરભાઈ સહિત જિલ્લાનું વહીવટી તંત્ર પણ બેવડા જોશથી કામે લાગ્યું. વરસતા વરસાદમાં હેલીકોપ્ટર લઈને ધાનેરા ઉપડ્યા પણ હેલીકોપ્ટર માટે લીન્ડીંગ ન મળતાં પાછા વળવું પડ્યું. એજ પ્રમાણે ભાખરી ગામે પણ હેલીકોપ્ટરમાં ખુબ નજીકથી નીચે આવીને લોકો માટે ફુડ પેકેટસ અને પાણીના પાઉચ જાતે આપ્યા. વાવ ખાતે મામલતદાર કચેરીમાં કંટ્રોલરૂમ શરૂ કરાવીને ત્યાંથીજ પુરગ્રસ્ત ગામો માટે ટીમો રવાના કરાવીને ફુડપેકેટની વિતરણ વ્યવસ્થા ગોઠવાઈ.

ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથોથી ભારે વરસાદ પડી રહ્યો છે પરંતુ સૌથી વધારે વરસાદ બૃહદ બનાસકાંઠા જિલ્લામાં થવાના લીધે જળ સંકટની પરિસ્થિતિ નિર્માણ પામી છે. જેના કારણે માનવ જીવન, પશુધન અને આંતર માળખાકીય સુવિધાઓને પણ ભારે નુક્શાન થયું છે. ઘણા બધા ખેડૂતોના ખેતરોમાં સૂકું ઘાસ વરસાદના કારણે નષ્ટ થયેલ છે આ બાબત ધ્યાનમાં આવતા બનાસડેરીના ચેરમેન અનેરાજ્ય સરકાર મંત્રી શંકરભાઈ ચૌધરીના પ્રયાસોથી પશુધન માટે બનાસકાંઠા જિલ્લામાં બનાસડેરી અને રાજ્ય સરકારના સહયોગથી ખેડૂતોને વિના મુલ્ય ૧૦૬ લાખ કિલો સૂકું ઘાસ અંદાજિત રૂા.૫ કરોડની કિમતે વિતરણ કરવાની શરૂઆત કરાઈ છે.

બનાસડેરી અને રાજ્ય સરકારના સહયોગથી પૂરગ્રસ્ત વિસ્તારમાં તાબડતોબ ઘાસચારાના વિતરણની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ધાનેરામાં પશુ બજાર ખાતે ૮ લાખ કિલો, ડીસા માર્કેટ યાર્ડ ખાતે ૫ લાખ કિલો, દાંતીવાડા તાલુકા સંઘ ખાતે ૨ લાખ કિલો, થરાદ શીત કેન્દ્ર ખાતે ૬ લાખ કિલો, વાવ માર્કટયાર્ડ ખાતે ૫ લાખ કિલો, લાખણી માર્કેટયાર્ડ ખાતે ૫ લાખ કિલો, સુઈગામ સેવાસદન ખાતે ૫ લાખ કિલો, દિયોદર ખીમાણા શીત કેન્દ્ર ખાતે ૪ લાખ કિલો, ભાભર માર્કેટયાર્ડ ખાતે ૫ લાખ કિલો, કાંકરેજ માર્કેટ યાર્ડ થરા ખાતે ૫ લાખ કિલો અને રાધનપુર - સાંતલપુરના શીતકેન્દ્રો ખાતે ૨૫ લાખ કિલો આમ બૃહદ બનાસકાંઠા જિલ્લામાં ૧૦૬ કિલો સૂકું ઘાસ નિઃશુલ્ક રીતે વિતરણ કરવા મટેનું આયોજન કરવામાં આવ્યું છે.

બનાસકાંઠા જિલ્લામાં વરસાદના કારણે થયેલ કુદરતી અતિવૃષ્ટિથી પશુધન ઉગારવા માટે બનાસડેરી અને રાજ્ય સરકાર પ્રયત્નશીલ રહીને કામગીરી ખૂબ જ ઝડપથી કરવામાં આવી રહી છે અને જિલ્લાના તાલુકાઓ ખાતે સૂકા ઘાસના વિતરણની શરૂઆત કરેલ છે, તાલુકા સ્તરે જે તે સ્થળે પુરૂં પાડવા માટે આયોજન કરેલ છે. સદર ઘાસ દૂધ મંડળીઓના મંત્રીઓ પાસે વાહનની વ્યવસ્થા કરાવવાની રહેશે. એક ખેડૂતને (૧) એક પશુ દીઠ દૈનિક ૪(ચાર) કિલો પ્રમાણે વધુમાં વધુ ૧૦ દિવસનું ૪૦ (ચાલીસ) કિલો ઘાસ આપવામાં આવશે. તેમજ એક (૧) ખેડૂતને વધુમાં ૫ (પાંચ) પશુ માટે ૨૦૦ કિલો ઘાસ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જે દૂધ ઉત્પાદકને સૂકું ઘાસ નષ્ટ થયેલ છે તેને વિતરણ કરવાની જોગવાઈ કરેલ છે.

## સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૮૭૦૦-૩૯૯૦૦** |
| રૂપુ કાચું | ૩૮૭૦૦-૩૯૯૦૦ |
| સોનુ તોલો | ૨૮૫૦૦-૨૯૫૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૦૦** |
| પામોલીન | ૮૮૫-૯૫૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૬૦૦-૧૬૩૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૧૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૮૪૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |

| | |
|---|---|
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૦૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |

| | |
|---|---|
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની ૧૦૫ | |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |

| | |
|---|---|
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૪૦૦-૫૦૦ |
| સુકી ડુંગળી | ૧૫૦-૨૪૦ |
| લસણ | ૮૦૦-૯૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૮૦૦-૧૨૦૦ |
| લીંબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૧૦૦૦-૧૧૦૦ |
| રીંગણ | ૫૦૦-૮૦૦ |
| ટામેટા | ૧૬૦૦-૨૦૦૦ |
| ભીંડા | ૫૦૦-૮૦૦ |
| કોબી | ૨૪૦-૨૮૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૭૦૦ |
| **ગવાર** | **૯૦૦-૧૦૦૦** |
| બાદશાહ બટાકા | ૧૩૦-૨૦૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |

## ગુજરાત સરકાર ...

**પાના નં.૮ ચાલુ**

કામગીરી હાથ ધરી છે પરિણામે મોટુ નુકશાન નિવારી શકાયું છે. તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આ જીલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરી પૂરગ્રસ્તોને સહાય માટે રૂ. ૫૦૦ કરોડ મંજુર કર્યા છે જેનાથી સહાયની કામગીરી વધુ વેગવંતી બનશે. કેન્દ્રીય મંત્રી કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા હેલીકોપ્ટરો અને એન.ડી.આર.એફ. સહીત વિવિધ ટીમો આપી છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જીલ્લામાં ૧.૫૦ લાખ લોકો પૂરથી પ્રભાવીત બન્યા છે તેઓને જરૂરી તમામ સહાય આપીને મદદરૂપ થવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર નોંધપાત્ર કામગીરી કરી રહી છે. મંત્રીશ્રી રાધામોહનસિંહે કહ્યું કે સેવા અને દાન થકી બીજાને મદદરૂપ થવાની ગુજરાતની સંસ્કૃતિ સમગ્ર દેશ માટે પ્રેરણાદાયી છે. તેમણે સ્વૈચ્છીક સંસ્થાઓ અને લોકો તરફથી મળી રહેલા સહયોગની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે પૂરનાં પાણી હવે ઓસરી રહ્યાં છે જેનાથી પરિસ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. પૂરથી અસરગ્રસ્ત લોકોને સરકારશ્રી દ્વારા તમામ સહાય ઝડપભેર આપવામાં આવશે એમ તેમણે ઉમેર્યુ હતું.

કેન્દ્રીય કૃષિ અને પંચાયત રાજયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે ભારે વરસાદના સમયે મુખ?યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને મંત્રીશ્રી ભૂપેન?દ્રસિંહ ચુડાસમા ગાંધીનગર ખાતે કન્ટ્રોલરૂમમાં બેસીને પરિસ્થિતીનું મોનીટરીંગ કરી અસરગ્રસ્તોને ઝડપી સહાય માટે જરૂરી સુચના અને માર્ગદર્શન આપતા હતા પરિણામે અસરગ્રસ?ત લોકોને ઝડપથી રાહત અને બચાવની પુરતી મદદ કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારમાં ખુબ ઝડપથી જનજીવન પુર્વવત થાય તે માટે વહીવટી તંત્રએ હાથ ધરેલી કામગીરીને મંત્રીશ્રીએ બિરદાવી હતી. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધોગ રાજયમંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું કે જિલ્લામાં થયેલા ભારે વરસાદની કુદરતી આપત્તિ સમયે સરકાર દ્વારા રાહત અને બચાવની કામગીરી તાત્કાલીક હાથ ધરાતાં હજારો લોકોને બચાવી શકાયા છે તેમજ મોટુ નુકશાન નિવારી શકાયું છે. તેમણે વહીવટીતંત્ર દ્વારા હાથ ધરાયેલ કામગીરીની સરાહના કરી હતી. આ પ્રસંગે કૃષિ અને ઉર્જા મંત્રી ચિમનભાઈ સાપરીયા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને શહેરી વિકાસ રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી, સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગોનું કલ?યાણ રાજયમંત્રી કેશાજી ચૌહાણ, ધારાસભ્યશ્રી પરબતભાઈ પટેલ, ભાજપ પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, અગ્રણીઓ ભારતસિંહ ભટેસરીયા, હેમરાજભાઈ પટેલ, શ્રી બાબરાભાઈ ચૌધરી સહિત અગ્રણીઓ, અધિકારીઓ અને લોકો ઉપસ?થિત રહ્યા હતા.

## બનાસકાંઠામાં ...

**પાના નં.૮ ચાલુ**

પાણી પુનઃ ભરાઈ જાય છે. જેથી સતત આઠમા દિવસે વરસાદથી ધંધા-રોજગાર ઉપર માઠી અસર પડી છે. ગ્રામીણ રસ્તાઓ ધોવાતા શહેરોમાં પ્રજાની પાંખી હાજરી જોવા મળે છે. શૈક્ષણિક કાર્ય પણ ઠપ્પ થઈ ગયું છે. તેમજ કાદવ કીચડના સામ્રાજયથી બિમારીઓનો ઉપદ્રવ વધી પડ્યો છે. જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ઉઠ્યું છે. ત્યારે ગઈકલે છૂટાછવાયા વરસાદી ઝાપટાંમાં સૌથી વધુ સુઈગામ તાલુકામાં સાડા ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે અમીરગઢમાં ચાર ઈંચ, ભાભરમાં બે ઈંચ અને પાલનપુર તેમજ દાંતીવાડામાં એક- એક ઈંચ વરસાદ નોંધાયો હતો. મેઘરાજાની મેરેથોન ઈનીંગથી પ્રજા તોબા પોકારી ઉઠી છે અને વરસાદ બંધ થાય તેવી પ્રાર્થના કરવા લાગી છે.

## વરસાદે ખમૈયા...

**પાના નં.૩ ચાલુ**

ધાનેરા ખાતે ૧૫૦ એસ.એમ.સી. ની ટીમ, ૨૪ હેલ્થની ટીમો અને ૫૦ ટીમ અંબાજીની કામે લાગી ગઈ છે. ૧૧૬ ટીમો પાક નુકશાન અને જમીન ધોવાણ સર્વેની કામગીરી કરી રહી છે. પશુમૃત્યુ માટે ૧૧૨ ટીમો કાર્યરત છે. મૃત્યુ પામેલ ૨૧૦૪ પશુઓના મૃતદેહોનો નિકાલ કરવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં પૂર્વવત પરિસ્થિતિના નિર્માણ માટે કલેકટર દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર વહીવટીતંત્ર દ્વારા સર્વે અને સહાય વિતરણની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. વિવિધ વિભાગોની સંખ્યાબંધ ટુકડીઓ થાક કે ભૂખ-તરસની પરવા કર્યા વિના રાત દિવસ કરીને કામ કરી રહી છે. નુકશાનની વિગતો મેળવવા સંખ્યાબંધ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં ફરીને પરિસ્થિતીનું નિરીક્ષણ કરીને તેમજ અસરગ્રસ્ત નાગરિકોને મળીને તેમની પાસેથી વિગતો મેળવી રહી છે.

## દીઓદર...

**પાના નં.૩ ચાલુ**

સર્વે ટીમના વડા તરીકે ટીમ (૧) વી.એ.રાજપૂત (વિસ્તરણ અધિકારી તા.પં.દિયોદર)ગોદા, બોડા, ઓગડપુરા, મેસરા, લુદરા, વડાણા, સામલા(વ.), ભડકાસર, ધ્રાન્ડવ, ધ્રાન્ડવડા, વડીયા, ભેંસાણા, રવેલ, નોખા,ટીમ (૨) બી.કે.પરમાર (વિસ્તરણ અધિકારી તા.પં.દિયોદર) કોતરવાડા, રામપુરા(ધુ.), ફાફરાળી, સરદારપુરા(ર.), ધુણસોલ, માનપુરા (ધૂ.), પાલડી, મોજરૂ જુના, મોજરૂ નવા, ખાણોદર, જાડા, ભગવાનપુરા, ગોલવી, ગોલવો.ટીમ (૩) એમ.કે.ચૌધરી (આંકડા મદદનીશ તા.પં.દિયોદર) કોટડા(દિ.), દેલવાડા, સણાદર, સાલપુરા, રૈયા, ધનકવાડા, કુંવારવા, ઓઢા, ગાંગોલ, જસાલી, સરદારપુરા(જ.) મુલકપુર, સુરાણા.ટીમ (૪) એલ.એસ.ડુંગરી (એ.ટી.પી.ઓ (નરેગા) તા.પં.દિયોદર) ચીભડા, ડાઉવા, મખાણું, સણાવ, મકડાલા, કુંવાતા, સેસણ નવા, સેસણ જુના, વાતમ નવા, વાતમ જુના, નરાણા, ડુચકવાડા, લીલાધર ટીમ (૫) એ.એમ.ચોરાસીયા (વિસ્તરણ અધિકારી બાંધકામ તા.પં.દિયોદર) કોટડા(ફો), જાલોઢા, માનપુરા(જા.), નવાપુરા, સોની, દિયોદર, વખા, નવા, ફોરણા, રાંટીલા, ચગવાડા, ચમનપુરા. દરેક ટીમમાં જે તે ગામના તલાટી કમ મંત્રી તથા પ્રાથમિક શાળાના આચાર્ય તથા ટેકનીકલ કર્મચારી જોડાશે.

## લાખણી તાલુકા...

**પાના નં.૩ ચાલુ**

જે ચૂંટણી આજે યોજાતાં ચૂંટણીમાં કોંગ્રેસના તમામ સભ્યો તેમજ ભાજપના એક સભ્ય (તાલુકા પંચાયત પ્રમુખ) ગેર હાજર રહ્યા હતા. આમ ભાજપના આઠ સભ્યોની હાજરીમાં લાખણી મામલતદાર એ.પી.ઠક્કર તથા તાલુકા વિકાસઅધિકારી રાજુભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના ઉમેદવાર દોલીબેન સવજીભાઈ ચૌહાણ ૮-૦ મતથી પ્રમુખ તરીકે વિજેતા જાહેર થયા હતા. તો ઉપપ્રમુખ તરીકે રાણીબેન કુરશીભાઈ દેસાઈ બિનહરીફ થયા હતા. જેને મોટી સંખ્યામાં ઉપસ્થિત ભજપના કાર્યકરોએ વધાવી લીધા હતા. ચૂંટણીની પૂર્વ સંધ્યાએ તાલુકા પંચાયત પ્રમુખ અને ભાજપના સદસ્યએ રાજીનામું આપ્યાની જાહેરાત કરી હતી તો આજે ચૂંટણી બાદ કોંગ્રેસના બે સદસ્યો રાજયમંત્રી કેશાજીના હાથે ભાજપનો ખેસ પહેર્યો હતો. પ્રમુખના રાજીનામા બાબતે રાજયમંત્રી કેશાજી ચૌહાણે જણાવ્યું હતું કે, હું જિલ્લા ભાજપનો પ્રમુખ છુ પણ મને કોઈ રાજીનામું મળ્યું નથી તેમજ તાલુકા ભાજપમાં પણ કોઈ રાજીનામું મળ્યું નથી.

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

રોકડ સીસ્ટમમાં પરત ફરી છે અને પ્રોડકીટવ હેતુસર તેનો ઉપયોગ થશે. સાથે સાથે શંકાસ્પદ વ્યવહારોની તપાસથી ટેકસવેઝ વધશે તે ચોક્કસ છે.

આવકવેરા વિભાગે બિહારના પુર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવ અને તેમની પુત્રી મીસાના ખાતાઓની તપાસ કરતાં કરોડોની બેનામી સંપત્તિને હાલમાં ટાંચમં લીધી છે. લાલુના પુત્ર તેજસ્વી પણ બેનામી કંપનીઓ ચલાવતા હોવાની હકીકત આવકવેરા વિભાગને થતાં તેજસ્વી અને મીસાને નોટીસ ફટકારી છે. હવે પરિવારના અન્ય સભ્યોના નામ કેટલા કરોડોની કેટલી સંપત્તિ છે તેની ઉચ્ચસ્તરે તપાસ ચાલુ છે. કહેવાય છે કે લાલુ યાદવના પત્ની રાબડી દેવીના નામે ૧૭ ફલેટ હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે તેમજ બિહારના અન્યશહેરોમાં કરોડોની જમીન છે જે ભાગીયાઓને ખેતી કરવા આપી છે તે જમીન પણ આવકવેરા વિભાગના સકંજામાં આવી ચુકી છે.

આમ પણ આજે બિહારના રાજકારણમાં જે રાજકીય ભુકંપ સર્જાયો છે. તેનાથી લાલુ યાદવને ભારે ફટકો પડયો છે. રાજયના મુખ્યમંત્રી નીતીશકુમારે ભાજપ સાથે જોડાણ કરીને લાલુ યાદવના આરજેડી પક્ષની પથારી ફેરવી દીધી છે ત્યારે લાલુ યાદવ માટે હવે રાજકારણ નકામું થઈ પડયું છે. કેમ કે તેમની પર ચારા કૌભાંડનો કેસ ચાલતો હોવાથી તેઓને રાંચી ખાતે કોર્ટનું તેડું આવી ગયું છે. વધારામાં આવકવેરા વિભાગે અને નીતીશકુમારે લાલુ યાદવની જનમકુંડળી ફેરવી નાખી છે. લાલુયાદવને લઈને પણ ખ્યાલ નહીં હોય કે ઘરના તમામ પરિવાર કાયદાના સકંજામાં આવી જશે..

## કંઈક નરમ ગરમ

### અનુસંધાન પાના નં.૫ નું ચાલું

જેવું છાપુ હાથમાં લીધું કે... આહાહાહા – કાંઈ સમાચારો હતા, ગોકળ આઠમના મેળે કોઈ ગામડામાં લાકડાના ચકડોળમાં બેઠો હોઉં અને જુના લાકડાના મજાગરાઓમાંથી જે કીચૂડાટી આવે... આનંદ થયો.

અધધધ – આવા સમાચારો છપાયા હતા પહેલીના. પગાર તારીખ અને પાછા ખુશી આપે એવા સમાચારો. મને લાગ્યું સાચે જ આપણો દેશ – મેરા ભારત મહાન... અમેરિકા... રશિયા... ઈંગ્લેન્ડ... ફ્રાન્સથી એટલો બધો આગળ હશે કે બસો વર્ષે પણ એ આપણી બરોબરી કરી શકશે નહીં... સ્વર્ગમાં ગયેલા ગાંધી હરખાશે... અરે ચાચા નહેરું કહેશે – હું નહોતો કહેતો કે....

હું સ્વપ્નોની દુનિયામાં ગોટે ચડ્યો હતો ત્યાંજ નીચે વાસ્તવિક દુનિયા – છાપામાં આવ્યો. એકે જાહેરાત નહીં. મરણની નોંધ... બેસણાનું ખાનું નહીં.

સમાચારો – સમાચાર છપાયા હતા.

પેટ્રોલમાં ચાલીસ રૂપિયાનું ઘટાડો. જેમ નવો પરણેલો એની નવી વહુને જોઈને હરખાય એમ હું હરખાયો... હવેતો દૂધ લેવા... દાઢી કરવાનું રેઝર લેવાય બાઈક પર... પાણીની જેમ બાઈકમાં – વાહનોમાં પેટ્રોલ ભરાવો અને વાહનોમાં ફરીને તમારા શરીરને એકદમ ઓછું કષ્ટ આપો.

સમાચાર વાંચ્યા... ગુડ... વેરી ગુડ કહી ઉઠ્યો સાથે સાથે ટિપ્પણી કરી કે મોડે મોડે પણ સરકારને દેશવાસીઓ ભણી સદઅક્ક?લ આવી... પેટ્રોલના ભાવ ઘટવાનું જાણીને મેં મારી શ્રીમતી રેણુના માટેય એક્ટિવા લેવાનું મન મનાવી લીધું. છાનોમાનો લઈ આવીશ અને સરપ્રાઈઝ આપીશ... ક્યારેય સરપ્રાઈઝ આપી નથી... પેટ્રોલમાંથી નીકળ્યો અને પાછલા પાને ગયો... દુધના ભાવમાં દસનો ઘટાડો... વાહ ડેરીવાળા સાચે જ સુધરી ગયા... કાલથી ચા પીવાનું બિલકુલ બંધ... જયારે પણ ઈચ્છા થાય ત્યારે માત્ર દૂધ પીવાનું...

સાચે જ સરકારને બેવડી અકકલ આવી ગઈ લાગે છે.... પકોડીના ભાવમાંય ઘટાડો... જૂતાં સસ્તાં થશે. હોટલ અને સિનેમાની ટિકિટના ભાવ ઓછા થશે. એસી... ફ્રીઝ... ઘરઘંટી... ટીવી... મોબાઈલ સાવ સસ્તા... ઈન્ટરનેટ સર્વિસ સાવ નજીવા દરે... વિમાની સેવામાં પણ ભારે ડિસ્કાઉન્ટ... તમે જવાની ઈચ્છા કરશોતો તમાર ઘેર આવીને વિમાની કંપનીની બસ લઈ જશે.

હું ખુશ ખુશ થઈ ગયો. બોલી ઉઠ્યો 'હવે રામરાજ્ય આવ્યું સમજ્યો.'

મારા શબ્દો એ સાંભળી ગઈ. રસોડામાંથી બહાર આવી. મારી ખુશીની આંધીને અટકાવતાં એણે કહયુ – પૂછ્યું 'આજે કઈ તારીખ થઈ'?

'પહેલી...'

'મહિનો?'

'એપ્રિલ...'

અને એપ્રિલ ફૂલ જ ને...'

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

તો પછી આજના જેવા મજબુત,લિસ્સા અને જરાય ન ચોંટે એવા રેઈનકોટ કયારે બન્યા ? ૧૮૪૪ માં જહોન હેનકોક નામના વિજ્ઞાનીએકાપડ સાથે રબ્બરને ફીટમફીટ બેસાડી દેવાની રીત શોધી ત્યારે ?

આ રીતને અંગ્રેજીમાં વલ્કેનાઈઝેશન કહે છે. હવેના બધા રેઈનકોટ વલ્કેનાઈઝ કરેલા હોય છે. એટલે તેમનું રબ્બર ગરમીમાં ઓગળતું નથી. આ મટીરીયલ્સ ઉખડી જતું પણ નથી. દેખાવમાં પણ કાપડ જેવું લાગે છે અને વળી વજનમાં પણ હલકું ! ચોમાસામાં વપરાતા ગમબુટ અને રબ્બરના ફુલી શકતાં ઓશીકા પણ એ જ રીતે તૈયાર કરાય છે. નાઈક કંપનીના સ્પોર્ટસ શુઝમાં પણ વલ્કેનાઈઝડ રબ્બર જ વપરાય છે.

**કમલેશ કંસારા**

## પરિણિતીની પાસે ઈરફાન, સુશાંત સાથે ફિલ્મો હાથમાં

બોલિવુડમાં છેલ્લા કેટલાક સમયથી હોવા છતાં સફળતાનો સ્વાદ હજુ સુધી નહી ચાંખનાર અભિનેત્રી પરિણિતી ચોપડાની કેરિયરમાં હવે તેજી આવી શકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તે આ વર્ષે બે મોટી ફિલ્મોમાં રજૂ થનાર છે. જે પૈકી રોહિત શેટ્ટીની ગોલમાલ અગેઈન ફિલ્મ નવેમ્બર ૨૦૧૭માં રજૂ કરવામાં આવનાર છે. ઉપરાંત તે તકદુમ નામની ફિલ્માં પણ કામ કરી રહી છે. ફિલ્મ તકદુમમાં ઈરફાન ખાન સાથે કામ કરવા જઈ રહી છે. હોમી અડજાનિયાની આગામી ફિલ્મને લઈને પરિણિતી ચોપડાએ હવે જાહેરાત કરી છે. ૨૭ વર્ષીય અભિનેત્રી પરિણિતી ચોપડાએ કહ્યુ છે કે આ એક અલગ પ્રકારની ફિલ્મ છે. તકદુમ ફિલ્મમાં પરિણિતી ચોપડાની સાથે શુદ્ધ દેશી રોમાન્સના સ્ટાર સુશાંત સિંહ રાજપુત પણ નજરે પડનાર છે. ફિલ્મમાં ઈરફાન ખાનની પણ મોટી ભૂમિકા રહેનાર છે. પરિણિતી ચોપડાનુ કહેવુ છે કે ઈરફાન ખાન માત્ર ભારતીય જ નહી બલ્કે વૈશ્વિક સ્તર પર કુશળ અભિનેતા તરીકેની છાપ ધરાવે છે. તે હોલિવુડ ફિલ્મોમાં પણ પોતાની કુશળતાના કારણે ડંકો વગાડી ચુક્યો છે. પરિણિતીએ કહ્યુ છે કે ઈરફાન સાથે કામ કર્યા બાદ કેટલીક નવી બાબતો જાણવા મળી શકે છે. સેટ પર ઈરફાન સાથે ઉભા રહેવાની બાબત પણ સન્માનની બાબત છે.સાથે સાથે તેમની એકટિંગની નોંધ સમગ્રવિશ્વ લે છે. ઈરફાન ખાન ફિલ્મમાં કયા પ્રકારની ભૂમિકા અદા કરવા જઈ રહ્યો છે તે સંબંધમાં હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી. રોહિત શેટ્ટીની ફિલ્મ ગોલમાલ અગેઈનમાં તે અજય દેવગન જેવા સુપરસ્ટાર સાથે કામ કરી રહી છે. રોહિતની કોઈ ફિલ્મ હજુ સુધી ફલોપ રહી નથી જેથી પરિણિતીને ફાયદો થઈ શકે છે. ગોઈમાલ અગેઈના કારણે પરિણિતીની કેરિયરમાં તેજી આવી શકે છે તેમ તમામ લોકો માને છે.

CMYK

Website : www.rakhewaldaliy.com E-mail : rakhewal@gmail.com

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

રખેવાળ



# રાધનપુરમાં ભારત વિકાસ પરિષદની ભોજન વ્યવસ્થા


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકામાં ભારે વરસાદ અને પૂરને કારણે અસરગ્રસ્ત બનેલા લોકો માટે ભારત વિકાસ પરિષદ દ્વારા આર્ટ ઓફ લીવિંગ - ગાંધીધામ આદિપુરના આર્થિક સહયોગથી ત્રણ ટીમો દ્વારા વઘારેલી ખીચડી, થેપલા, અથાણુ, બિસકીટ અને ચવાણનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ કપિલભાઈ અખાણી, મિલનભાઈ ચોકસી, અમિતભાઈ ચોકસી, તુષારભાઈ અખાણી હિમાંશુંભાઈ ઠક્કર સહિતે સેવા આપી હતી.


સતીશ ભટ્ટ

હિંમતનગરના પીપલોદી પાસેથી પસાર થતી નદીમાં એખ બાળક તણાતા ફાયરની ટીમ દ્વારા રેસ્ક્યુ હાથ ધરવામાં આવ્યુ છે... પીપલોદી પાસેથી પસાર થતી હાથમતી કેનાલમાં શૌચક્રિયા કરવા ગયેલ બાળક પાણીમાં તણાઈ ગયો હોય એવી પ્રાથમિક માહિતી મળી છે... આ બાળક તેના પીતા સાથે જ હતુ અને પગ લપસી પડતા આ ઘટના સર્જાઈ છે છેલ્લા પાંચ કલાકથી ફાયરની ટીમ દ્વારા રેસ્ક્યુ હાથ ધરવામાં આવ્યુ છે હજુ સુધી બાળક કે બાળકની લાશનો કોઈ પત્તો મળ્યો નથી...પ્રતાપસિંહ દેવડા, ફાયર ઈન્સપેક્ટર

## રાધનપુર તાલુકાના છાણીયાથલ ગામની મહિલાને ડીલીવરી માટે હેલીકોપ્ટર દ્વારા ધારપુર મેડીકલ હોસપિટલ ખાતે ખસેડાઇ



પાટણ

પાટણ જીલ્લામાં થયેલ ભારે વરસાદ અને બનાસ નદીના પુરના પાણી ગામમાં આવવાથી ગામની ચારેબાજુ પાણી ફરીવળતાંરસ્તાઓ પણ બંધ થઇ ગયેલ હોઇ આવા કપરા સમયમાં પાટણ જીલ્લાના વહીવટી તંત્ર દ્વારા ગામોના વ?યકિતઓના સંપર્કમાં રહી બચાવવાની કામગીરી હાથ ધરી સલામત સ્થળે ખસેડવામાં આવ?યા હતા. રાધનપુર તાલુકાના છાણીયાથલ ગામના વતની મનજીભાઇ નટના પત્નિ શ્રીમતી લક્ષ્મીબેન નટને ડીલેવરીનો દુખાવો ચાલુ થતાં તમને તાત્કાલીક હોસપિટલ ખાતે દાખલ કરવાની જરૂરીયાત ઉભી થતાં વહીવટી તંત્ર દ્વારા હોસપિટલ ખાતે લાવવા માટેના પ્રયત?નો હાથ ધરી બચાવ ટીમ દ્વારા હેલીકોપ?ટર મારફત પાટણના ધારપુર મેડીકલ હોસપિટલ ખાતે ખસેડવામાં આવ?યા હતા. સાથે આવેલ તેમના પતિ અને વાલી સાથે વાતચીત કરતાં તેમણે કલેકટર તેમજ વહીવટી તંત્રનો ખુબજ આભાર વ?યકત કર્યો હતો અને આ કામગીરીને બિરદાવી હતી. તેમની સાથે દેલાણા તા.રાધનપુરની દિકરી ધરતીબેન રામાભાઇ આહિર ઉંમર-૪ વર્ષને ચાર દિવસથી તાવ આવતાં તેના વાલી સાથે હેલીકોપ્ટર દ્વારા પાટણ લાવી ધારપુર મેડીકલ હોસપિટલ ખાતે દાખલ કરવામાં આવી છે.

## જિલ્લા વહીવટી તંત્ર, પાટણ દ્વારા જિલ્લાના ૩,૨૦૭ કુટુંબોના ૧૫,૮૪૬ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું



પાટણ.

પાટણ જિલ્લામાં ભારે વરસાદ પડવાથી તેમજ ઉપરવાસમાં અતિ ભારે વરસાદ થવાના કારણે બનાસ, સરસ્વતી અને વાંકળાઓમાં પુર આવતાં રાધનપુર, સાંતલપુર, સમી અને હારીજ તાલુકાઓના ગામો અસરગ્રસ્ત બન્યા છે. જિલ્લા વહીવટી તંત્ર, પાટણ દ્વારા બનાસ અને સરસ્વતી નદી તેમજ વોકળાઓમાં પુર આવતાં નીચાણવાળા વિસ્તારોમાં વસવાટ કરતા ૧૫,૮૪૬ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. જેમાં સાંતલપુર તાલુકાના ૧૫૨૬ કુટુંબોના ૭,૩૯૮ લોકો, રાધનપુર તાલુકાના ૩૭૪ કુટુંબોના ૧,૭૩૨ લોકો, સિધ્ધપુર તાલુકાના ૯૦ કુટુંબોના ૮૧૭ લોકો, શંખેશ્વર તાલુકાના ૧૦૦ કુટુંબોના ૪૭૪ લોકો, સમી તાલુકાના ૪૮૭ કુટુંબોના ૩,૧૭૬ લોકો, હારીજ તાલુકાના ૩૫૭ કુટુંબોના ૧,૭૪૯ લોકો, સરસ્વતી તાલુકાના ૬ કુટુંબોના ૨૫ લોકો અને પાટણ તાલુકાના ૮૭ કુટુંબોના ૪૭૫ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવેલ છે. આમ પાટણ જિલ્લાના ૩,૨૦૭ કુટુંબોના ૧૫,૮૪૬ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવેલ છે.

# જીલ્લા વહીવટી તંત્ર-પાટણના અથાગ પ્રયત્નોથી ૨૮ વર્ષના યુવાનનો જીવ બચાવાયો





સાંતલપુર તાલુકાના આબીયાણા ગામના ડાયાલીસીસથી પીડાતા યુવાન ઠાકોર જલારામભાઇનો માહિતી કચેરી,પાટણ દ્વારા ઈન્ટરવ્યુ લેતાં તેમણે જણાવ્યું હતું કે હું સાંતલપુર તાલુકાના આબીયાણા ગામનો વતની છું. મારી ઉંમર ૨૮ વર્ષની છે.

મારી બંને કીડનીઓ ફેઇલ થઇ ગઇ હોવાથી મારે નિયત સમયે ડાયાલીસીસ કરાવવાની જરૂરીયાત ઉભી થાય છે. પાટણ જીલ?લામાં થયેલ ભારે વરસાદ અને બનાસ નદીના પુરના પાણી ભરાઇ જવાથી બહાર નીકળવાનો કોઇ રસ?તો ન હતો. ત્રણ ચાર દિવસથી મને સતત ચિંતા થતી હતી કે જો મારૂ ડાયાલીસીસ ન થાય તો મારૂ મૃત?યુ થશે આવા વિચારો આવતા હતા, પણ જેનું કોઇ નથી તેનું વહીવટીતંત્ર છે. વહીવટીતંત્રના અથાગ પ્રયત?નોથી સરપંચના કોન્ટેકમાં રહીને હેલીકોપ?ટર આબીયાણા ગામ ખાતે આવતાં મને સમયસર હેલીકોપ?ટર દ્વારા પાટણ હે.ઉ.ગુ.યુની. ખાતે લાવવામાં આવેલ. આ પ્રસંગે જીલ્લા કલેકટર આનંદ પટેલ, નિવાસી અધિક કલેકટર બી.જી.પ્રજાપતિ અને વહીવટીતંત્રની ટીમો ઉપસ્થિત રહી હતી. કલેકટરશ્રીએ દર્દીની તબિયત વિષે માહિતી મેળવી હતી. તાત્કાલીક આરોગ્ય તંત્રના સહયોગથી દર્દીને ધારપુર મેડીકલ કોલેજ ખાતે સિફટ કરવામાં આવેલ છે. જલારામભાઇ ઠાકોરે વહીવટીતંત્ર તેમજ કલેકટરનો બચાવવા બદલ ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

## રાધનપુર તાલુકામાં પુરગ્રસ્તોને સહાય આપવા કોંગ્રેસનું આવેદન

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકામાં ભારે વરસાદ અને દાંતીવાડા સીપુ ડેમના પાણી છોડવામાં આવતા તેમજ નર્મદા યોજનાની કેનાલો તુટતા સમગ્ર તાલુકામાં તથા શહેરમાં લોકોને જબરજસ્ત નુકશાન થવા પામ્યું છે. તાલુકાના મોટાભાગના નદીકાંઠાના ગામો સંપર્ક વિહોણા થઈ ગયા છે. જેથી યુધ્ધના ધોરણે સરકાર દ્વારા મૃત્યુ પામેલા ઈસમોને મૃત્યુ સહાય મળે અને અસરગ્રસ્તોને કેશડૉલ્સ ચુકવવા માટે કોંગ્રેસે પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કર્યું હતું.



પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવિનભાઈ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર, રમેશભાઈ દેસાઈ, ઉસ્માનભાઈ વોરા, કરશનભાઈ ચૌધરી સહિત અગ્રણીઓએ આપેલા આવેદનપત્રમાં તા. ૨૮ સુધી કોઈ સર્વેની ટીમો રવાના થઈ ના હોવાનું જણાવી પુર બાબતે તમામ વિસ્તારોમાં નિયમ મુજબની સહાય યુધ્ધના ધોરણે મળે તે માટે અગ્રતા આપવા જણાવ્યું છે.

## ભારે વરસાદથી ઊંઝા તાલુકામાં ચોમાસુ ખેતી નિષ્ફળ: ગામ તળાવો છલકાઈ ગયા

ઊંઝા

ઊંઝા તાલુકામાં ૩૬ કલાકમાં ત્રણ ઈંચ વરસાદના કારણે ચોમાસુ ખેતી સાવ નિષ્ફળ ગઈ છે. બાજરી, એરંડા અને કપાસનું બિયારણ ધોવાઈ ગયું છે. ભારે વરસાદના પગલે ઐઠોર તથા વિશોળ ગામે બે મકાનો ધરાશાયી થઈ ગયા છે. જો કે કોઈ જાનહાનિ થઈ નથી.

ઊંઝા તાલુકામાં છેલ્લા એક અઠવાડિયાથી પડી રહેલા ભારે વરસાદથી ઠેરઠેર પાણી ભરાયા છે. મોટાભાગના ગામ તળાવો પણ છલકાઈ ગયા છે. ઊંઝાના વિશોળ ગામની સ્થિતિ વિકટ બની છે. ગામના તમામ રસ્તા બ્લોક થઈ ગયા છે.

ઊંઝામાં વરસાદી પાણીના નિકાલ માટે ફલકુ વહેળાની સાફ સફાઈ અને રિપેરીંગ માટે ૪ કરોડના ખર્ચે નગરપાલિકાએ કામગીરી હાથ ધરી છે. ખાસ કરીને વોર્ડ નં. ૮ અને ૯ ના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ રહેતાં અસરગ્રસ્તોને ઉમિયા પથિ-કાશ્રમમાં ખસેડવામાં આવ્યા છે.

## રાધનપુર - મહેસાણા હાઈવે યુધ્ધના ધોરણે ચાલુ કરાયો

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર - મહેસાણા હાઈવે બનાસનદીના ધસમસતા પુરના કારણે રાધનપુરથી માંડીને પાંચથી છ કિલોમીટર સુધી એક સાઈડો સાવ ધોવાઈ ગઈ હતી. અને ત્રણેક જગ્યાએ પાણીના વહેણના કારણે ગાબડા પડી જવા પામ્યા હતા. અને હાઈવે બંધ થઈ જવા પામ્યો હતો. પરંતુ માર્ગ અને મકાન (સ્ટેટ) દ્વારા યુધ્ધના ધોરણે હાલ ત્રણ ગાબડા પુરીને નાના વાહનો માટે હાઈવે ચાલુ કરી દીધો છે. સેક્શન ઓફિસર જે.ડી.પટેલના જણાવ્યા અનુસાર રાપર, અંજાર, વડાગામ સહિતની કવોરીઓ ઉપરથી



તાત્કાલિક કપચી મંગાવીને દ્વિચક્રી અને નાના ફોર વ્હીલર માટે હાઈવે ચાલુ કરી દેવામાં આવ્યો છે.

જોકે રાધનપુર - મહેસાણા હાઈવેને સંપૂર્ણ પણે ચાલુ થવામાં એક અઠવાડિયુ થઈ જાય તેમ છે.

## પાટણના દાદર ગામના લોકો સતત ૭૨ કલાકથી મોત સામે ઝઝુમી રહ્યાં છે

પાટણ

બનાસકાંઠામાં ભારે વરસાદ બાદ આવેલા પુરમાં દાદર ગામના ૧૦૦ જેટલા લોકો સતત ત્રણ દિવસ સુધી મોત સામે ઝઝુમી રહ્યાં છે ભારે પુર વચ્ચે બધુ તણાઇ રહ્યું હતું ત્યારે આ લોકો ગામની પ્રાથમિક શાળાના ધાબા ઉપર ચઢી ગયા હતાં અને પોતાનો જીવ બચાવ્યો હતો. ગ્રામજનોનું કહવું છે કે ભારે પુર વચ્ચે આશરે ૧૦૦ જેટલા લોકોએ શાળાના ધાબાને આશરો બનાવ્યો હતો સતત ત્રણ દિવસ અને રાત બધા લોકો ધાબા ઉપર બેઠા હતાં. પુરનું પાણી વહી રહ્યું હોવાથી લોકો નીચે ઉતરી શકયા ન હતાં ભુખ્યા તરસ્યા બેઠેલા ગ્રામજનો વરસાદી પાણી પીને ત્રણ દિવસ પસાર કર્યા છે. અને રાત દિવસ મોતની સામે ઝઝુમતા લોકોને બચાવવા માટે કોઇ પણ આવ્યું નથી. પુરના પાણી ઓસરતા ચોથા દિવસ તમામ લોકો સલામત રીતે નીચે ઉતર્યા છે.

તેમણે કહ્યું કે ત્રણ દિવસ રાત સુધી ભુખ્યા તરસ્યા ધાબા ઉપર રહ્યાં ગામની દુકાનોનો જે માલ તણાઇને બહાર આવ્યો હતો તે ખાવાનો વારો આવ્યો હતો લોકોના જણાવ્યા અનુસાર માત્ર બિસ્કિટના હતાં આથી એક એક વ્યક્તિને માત્ર બેથી ત્રણ જેટલા બિસ્કિટ જ ભાગમાં આવ્યા હતાં અને હજુ કોઇ સહાય મળી નથી

## આ જ બનાસનદીએ લોકોને તારાજ કર્યા

કમલ ચક્રવર્તી



રાધનપુર, સાંતલપુર, સમી તાલુકાના નદી કાંઠાના ગામડાઓને આ ભયાવહ લાગણી ઘુંઘવાટા મારતી બનાસ નદીએ તારાજ કર્યા છે આ બનાસ નદીને ખબર પણ નહિ હોય કે પોતાના વહેણથી કેટલાક ગામો અને લોકો બરબાદ થશે.

## સિદ્ધપુર માં ૧૨૭ વર્ષથી ખડેપગે હરિભક્તો રણછોડજી મંદિરે અખંડધૂન ની પરંપરા યથાવત

સિદ્ધપુર

સિદ્ધપુર મંડીબજાર સ્થિત રણછોડજી મંદિરમાં મહારાષ્ટ્રીયન ભક્તો ૧૨૭ વર્ષથી પરંપરાગત શ્રાવણવદ એકમ ને ૦૮/૦૮/૨૦૧૭ થી ૧૫/૦૮/૨૦૧૭ ને બપોરે ૧ કલાક સુધી શ્રી હરિ ના નામની અખંડધૂન કરશે. શ્રાવણ માસ ના પવિત્ર માસ માં ધાર્મિક ત્યોંહારો ભક્તો માટે પૂજન,કીર્તન, ધૂન,તપ, ઉપવાસ,દાન નો મહિમા અનેરો હોય છે.શ્રી હરિ ના વુવિધ હિંડોળા જેમાં સુકામેવો, રૂપિયા,ફ્રુટ, શાક, મીઠાઈ,મોદક, ગોળ,ચોકલેટ એમ વિવિધ પ્રકાર ના હિંડોળે શ્રી હરિ ઝુલે છે,જન્માષ્ટમી ની પૂર્વ ૧૨૭ વર્ષ થી મંડીબજાર ના પૌરણિક રણછોડજી મંદિરમાં મહારાષ્ટ્રીયન શ્રી હરિ ભક્તો ૧૦ દિવસ અખંડ ધૂન બોલાવે છે,જેમાં ત્રણ-ત્રણ કલાક ની ટુકડી કરી આ અખંડ ધૂન શ્રી વિઠ્ઠલ ના જાપ મંજીરા,તબલા,હાર્મોનિય ના સુરે રમઝટ બોલાવે છે, આ ધૂન માં તો ગામના સાદગૃહસ્થો અને



હરિભક્તો પણ લ્હાવો લેછે.

આ પરંપરા ૧૨૬ વર્ષ પૂર્વે પ.પૂ.વાસુદેવાનંદ સરસ્વતી મહારાજ શ્રાવણ માસમાં ચાતુર્માસ માટે સિદ્ધપુર સરસ્વતી તટે હાટ-કેશ્વર મંદિર.પધારેલ તે સમયે કોરાન્નને પરિવાર નાં પર્વજો કૃષ્ણભટ્ટ વૈજપુરકર ને પ્રેરણા આપી એક જોળી આપી ને અખંડ ધૂન કરવા કહ્યું,જે જેલી આજે પણ મંદિર માં હયાત છે.

સમગ્ર સપ્તાહ દરમિયાન ગુરુચરિત્ર નું પારાયણ તેમજ રણછોડજી ને પરશુરામ,વાલ્મિકી,કૃષ્ણ,જેવા વિવિધ સ્વરૂપે શણગાર કરવામાં આવે છે.

આ ઉતશવ માં પધારેલ ગુજરાત અને મહારષ્ટ માંથી મહારાષ્ટ્ર ના શ્રી હરિ ભક્તો પરંપરા મુજબ જોળી લઇ ગામ માતજી ભિક્ષા માંગી એ પ્રસાદ રૂપે ભોજન ગ્રહણ કરે છે.

## સાબરકાંઠાના હિંમતનગર ખાતે રાજયકક્ષા અન્ડર-૧૪ ફૂટબોલ સ્પર્ધા યોજાશે

રમત ગમત વિભાગ ગાંધીનગર ધ્વારા રાજયકક્ષાના અંડર-૧૪ ફૂટબોલ સ્પર્ધા આગામી ૯ થી ૧૧ ઓગસ્ટ ૨૦૧૭ દરમિયાન હિંમતનગરના સાબર સ્ટેડિયમ અને દ્રફજી ગ્રાઉન્ડ ખાતે યોજાનાર છે. જે અંગે વિવિધ જિલ્લામાંથી ભાગ લેવા ઈચ્છતા રમતવીરોએ તા. ૧ ઓગસ્ટ ૨૦૧૭ સુધી જિલ્લા રમત ગમત કચેરી હિંમતનગર-સાબરકાંઠાને અરજી કરવાની રહેશે. જે અંગેનું રજીસ્ટ્રેશન dsosabarkantha34@gmail.com પર અચૂક કરવવાનું રહેશે એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગુજરાત સરકાર પૂરગ્રસ્ત વિસ્તારોમાં વિશાળ પાયે રાહત અને બચાવની કામગીરી કરી રહી છે : કેન્દ્રીય મંત્રી રાધામોહનસિંહ

## બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની કેન્દ્રીય મંત્રીઓ ાધામોહનસિંહ, પુરૂષોત્તમભાઈ રૂપાલા અને હરીભાઈ ચૌધરીએ મુલાકાત લીધી.



પાલનપુર

અતિવૃષ્ટીથી પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાની કેન્દ્રીય મંત્રીઓ કૃષિ મંત્રી રાધામોહનસિંહ, કૃષિ અને પંચાયત રાજયમંત્રી પુરૂષોત્તમ ભાઈ રૂપાલા અને સુક્ષ્મ, લઘુ તથા મધ્યમ ઉધોગ રાજયમંત્રી હરિભાઈ ચૌધરીએ મુલાકાતે આવીને પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરી અસરગ્રસ્તોને મળી માહિતી મેળવી હતી. મંત્રીઓએ ડીસા મુકામે માર્કેટયાર્ડ ખાતે ફૂડપેકેટો અને વિવિધ રાહત સામગ્રીનું નિરીક્ષણ કર્યુ હતું. કેન્દ્રીય મંત્રીશ્રીઓએ લાખણી તાલુકાના કુડા અને ભાભર તાલુકાના રૂની ખાતે પરિસ્થિતીનું નિરીક્ષણ કરી અસરગ્રસ્ત લોકોને સાંભળી તેમની મુશ્કેલીઓ જાણી હતી. મંત્રીશ્રીઓએ જમીન ધોવાણ અને પાકને થયેલ નુકશાનનું નિરીક્ષણ કર્યુ હતું. મંત્રીઓએ અધિકારીઓ પાસેથી માહિતી મેળવી કામગીરીને વધુ પરિણામલક્ષી બનાવવા સુચનો પણ કર્યા હતા. કેન્દ્રીય કૃષિ મંત્રી રાધામોહનસિંહે મિડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે ભારે વરસાદમાં ગુજરાત સરકારે પૂરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપભેર રાહત અને બચાવની

અનુસંધાન પાના નં.૬

# શિહોરી બનાસ નદીમાં ભેંસો લેવા જતા આધેડ તણાયા


વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

તા. ૨૯/૭/૧૭ ના રોજ શિહોરી (શંકરપુરા) ના ઠાકોર દાનસુંગજી ભીખાજી (ઉ.વ.૭૦) બનાસ નદીમાંથી પોતાની ભેંસો લેવા માટે ગયેલ. પરંતુ નદીમાં પાણીનું વહેણ વધતા ઉંડા ધરીયામાં ડુબી ગયા હતા. તેઓનો તરવૈયાની મદદ લેવા છતાં કોઈ પણ પતો લાગેલ નથી. આમ નદીમાં આધેડ ડુબી જવાથી કુટુંબીજનો ઉપર આભ તુટી પડ્યું હતું. આ બાબતે શિહોરી પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો દાખલ કરતા આગળની કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરેલ છે.

# બનાસકાંઠામાં છૂટાછવાયા વરસાદી ઝાપટાંનો દૌર યથાવત

## સતત આઠમા દિવસે વરસાદથી પ્રજા ત્રસ્ત : સુઈગામ તાલુકામાં સૌથી વધુ સાડા ચાર ઈંચ વરસાદ

બનાસકાંઠા ડીસા જિલ્લામાં

**વરસાદના આંકડા(મી.મી.)**

| તાલુકાનું નામ | ગઈકાલનો વરસાદ | મોસમનો વરસાદ |
|---|---|---|
| (સવારે ૭.૦૦ વાગ્યા સુધી) | | |
| અમીરગઢ | ૮૨ | ૧૩૦૮ |
| ભાભર | ૪૮ | ૮૩૭ |
| દાંતા | ૩૪ | ૧૦૫૦ |
| દાંતીવાડા | ૧૮ | ૧૪૭૦ |
| ધાનેરા | ૧૨ | ૯૮૯ |
| દીયોદર | ૫ | ૧૦૯૧ |
| ડીસા | ૧૬ | ૧૦૪૭ |
| કાંકરેજ | ૫ | ૭૪૫ |
| પાલનપુર | ૧૨ | ૮૫ |
| થરાદ | ૪ | ૭૯૧ |
| વાવ | ૧૦ | ૫૦૫ |
| વડગામ | ૧૩ | ૧૧૭૩ |
| લાખણી | ૭ | ૯૫૮ |
| સુઈગામ | ૧૧૫ | ૭૫૭ |



છુટાછવાયા વરસાદી ઝાપટાંનો દૌર યથાવત રહેવા પામ્યો છે. સતત આઠમા દિવસે પણ વરસાદથી પ્રજાની હાલત કફોડી બનવા પામી છે. જેમાં સૌથી વધુ સુઈગામમાં સાડા ચાર ઈંચ વરસાદ નોંધાયો છે. સરહદી જિલ્લામાં આ વખતે પુરથી વ્યાપક તબાહી મચી છે. તેમ છતાં વરસાદનું જોર યથાવત રહેવા પામ્યું છે. હાલમાં જિલ્લામાં છૂટાછવાયા ભારે વરસાદી ઝાપટાં પડી રહ્યાં છે. જેના કારણે વરસાદી પાણીના માંડ ઓસરેલા

અનુસંધાન પાના નં.૬

# પાંથાવાડાના ગુમ વેપારી પુરમાં ડુબ્યાની આશંકા

### અડધો દિવસ બે તળાવો ખૂંદવા છતાં કોઈ ભાળ ના મળી


દિનેશ ત્રિવેદી

પ્રતિનિધિ પાંથાવાડા

જીલ્લામાં આકાશી આફતે ઠેર ઠેર કહેર વર્તાવ્યો છે.ત્યારે દાંતીવાડા તાલુકાના પાંથાવાડા ગામના અને ઈન્ડિયન ગેસ એજેન્સી ચલાવતા ૪૫ વર્ષીય પ્રદીપસિંહ ઉર્ફે ટીનુભા ઉમેદસિંહ રાઠોડ પોતાની સફેદ કલરની અલ્ટો કાર નંબર-જીજે-૮-આર-૫૨૧૫ ની સાથે ગત ત્રેવીસ જુલાઈએ પડેલા ભારે વરસાદમાં ગુમ થયા બાદ શોધખોળ કોઈ ભાળ નમળતાં છેલ્લું લોકેશન ભાંડોત્રાનું આવતું હોય પૂરના પાણીમાં ડૂબી ગયાની આશંકાએ તાલુકા ડિઝાસ્ટર ટિમ દ્વારા દાંતીવાડા મામલતદારની ઉપસ્થિતિમાં અડધો દિવસ બે તળાવો ખૂંદવા છતાં કોઈ ભાળ નમળતાં તંત્રએ વધુ તપાસ હાથ ધરી હતી....

# થરાદનો હાઇવે વિસ્તાર ભર ચોમાસે તરસ્યો : ટેન્કર માલિકોને બખ્ખાં

### શિવશક્તિ સોસાયટીમાં દસ દિવસથી પાણી નહી મળતા વેચાતુ લેવાની નોબત



થરાદ

થરાદ નગરપાલિકાના પ્લાન્ટમાં પાણીના ભરાવા પહેલા બંધ થયેલું પાણી દસ દિવસે પણ નહી મળતા રહીશોને વેચાતુ પાણી ભરવાની નોબત આપી હતી. પરિણામે ટેન્કર માલિકોને પાણીમાંથી કમાણી કરવાનો જલસો પડ્યો હતો.

થરાદ નગરપાલિકાના પ્લાન્ટ પર આવેલા ચેમ્બર બ્લોકના વરસાદી પાણીન ભરાવાના કારણે નગરજનોને પાણીની સમસ્યા ઉભી થવા પામી હતી. જોકે, પાલિકા દ્વારા પાણી પુરવઠો રાબેતા મુજબ કરાયાના રટણ વચ્ચે શહેરની હાઈવે પરની શિવશક્તિ સોસાયટી, કૌશલ્યાનગર વિસ્તારોમાં ભરચોમાસે પાણીની ભારે મોંકાણ સર્જાવા પામી છે. થરાદમાં વરસતા વરસાદ વચ્ચે ચારેબાજુ પાણી જ પાણી હોવા છતાં રહીશો પાણી માટે તરસી રહ્યા છે. આથી લોકોએ નાછુટકે પૈસા ખર્ચીને ટેન્કર મારફત પાણી મંગાવવાની નોબત આવી હતી. જેના કારણે ટેન્કર માલિકોને બખ્ખા પડવા પામ્યા હતા. આથી રહીશોમાં ભારે રોષ અને આક્રોશની લાગણી ફેલાવા પામી હતી. જોકે, આ અંગે નગરપાલિકાના સુત્રોએ શહેરના તમામ વિસ્તારોમાં નિયમિત પાણી આપ્યું હોવાનું રટણ કર્યુ હતુ. શહેરની હાઈવેની સોસાયટીઓમાં પાણી નહી આવવાનું કારણ કોઈ જગ્યાએ પાઈપલાઈનમાં લીકેજ કે અન્ય અવરોધ હોવા છતાં તેને શોધવાની તસ્દી લેવામાં આવી ન હતી.

# પાટણ જિલ્લા કૉંગ્રેસ દ્વારા સિદ્ધપુર હાઈવે ઉપર કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્યના પૂતળાનું દહન


વિજય શુકલ

### સિધ્ધપુરના કૉંગ્રેસ કાર્યકરોને આગેવાનાની અનુપસ્થિતી.....!

સિદ્ધપુર

સિદ્ધપુર ખાતે બપોરે ૨ થી ૩ ના સુમારે પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરની આગેવાની માં ૧૫૦ થી વધુ પાટણ જિલ્લા યુથ કૉંગ્રેસના કાર્યકરો અને આગેવાનો એ પૂર્વ કૉંગ્રેસ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત નું ભાજપ માં જોડાણ ને વિરોધ લઈ દેથળી સર્કલ હાઈવે થી મામલતદાર કચેરી સુધી રેલી કાઢી દેથળી સર્કલ બલવંતસિંહ રાજપૂત ના પૂતળા ને દહન કરાયું.પાટણ જિલ્લા યુથ કૉંગ્રેસ પ્રમુખ ભાવિક રામી, પાટણ જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ દેસાઈ, મંત્રી બાબુજી ઠાકોર,અભુજી ઠાકોર, પ્રભારી માનસિંહ ઠાકોર, મહેન્દ્ર પટેલ,ફુલાભાઈ દેસાઈ, દીક્ષિત પટેલ,હરીશ રાવત,જતીન દેસાઈ કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં વિરોધ માં જોડાયા. ઉપરોક્ત કાર્યક્રમ માં સિદ્ધપુર શહેર , તાલુકા નાં એકપણ કૉંગ્રેસ કાર્યકર કે આગેવાન ઉપસ્થિત નહોતા.

## કુદરતી આપદામાં પ્રજાની પડખે શંકરભાઈ...

# વરસાદી કહેરથી જળબંબાકાર બનાસકાંઠામાં પ્રજાની પડખે રહીને સાચા લોકસેવક પૂરવાર થયા

## બનાસ ડેરી અને સરકારના સહયોગથી ખેડૂતોને અંદાજે ૫ કરોડના સૂકા ઘાસનું વિતરણ શરૂ



પાલનપુર

કોઈકવાર અનાવૃષ્ટિ તો કોઈકવાર અતિવૃષ્ટિ જેવી કુદરતી વિષમતાઓનો સામનો કરી રહેલાં બનાસકાંઠા જિલ્લાને તાજેતરમાં પડેલા અનરાધાર વરસાદે ધમરોળી નાખ્યો છે. બનાસ, સિપુ અને રેલ જેવી નદીઓએ રૌદ્રસ્વરૂપ ધારણ કરીને ધાનેરા, કાંકરેજ, વાવ, થરાદ, ડીસા, લાખણી, રાધનપુર, સાંતલપુર જેવા તાલુકાઓને જળબંબાકાર કરીને જાન - માલની ભારે ખુવારી કરીને જિલ્લાના ખેડૂતો, પશુપાલકો અને સામાન્ય પ્રજાને ભારે મુશ્કેલીમાં મુકી દીધી છે.

૨૧ મી જુલાઈથી જિલ્લામાં અવિરત શરૂ થયેલા વરસાદ અને રાજસ્થાનના ઉપરવાસમાં શરૂ થયેલા ભારે વરસાદને કારણે તેનું પાણી બનાસ અને સિપુ ડેમમાં ઠલવાશે તેવા આગોતરા આયોજન સાથે જિલ્લા કલેક્ટર અને વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં રહેલા રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીને દાંતીવાડા ડેમની ભયજનક સપાટીનો તાગ મળતાંજ જિલ્લા કલેક્ટરની ઓફિસે પહોંચીને કલેક્ટર, જિલ્લા પોલીસ વડા અને સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે તાબડતોબ મિટીંગ અને ચર્ચા કરીને ડેમના દરવાજા ખોલવાનો સમયબધ્ધ નિર્ણય લેવામાં સફળ રહ્યા. એટલું જ નહિ સિપુ ડેમની પણ ભયજનક સપાટી પર ચાંપતી નજર રાખીને તેના દરવાજા પણ સમયસર ખોલવાનો નિર્ણય થતાં અને ડેમના એક બાજુ થયેલા લીકેઝને પૂરવામાં સફળ આયોજન થતાં મોટી જાનહાની ટાળવામાં પણ કુદરતે સાથ આપ્યો.

રેલ નદીનું પાણી ધાનેરા શહેરને ધમરોળીને થરાદ તાલુકાના ગામડાઓને પણ પાણીમાં તરતા કરીને વાવ અને સુઈગામ તાલુકાના મોરીખા, માંડકા, ભાખરી, ઢીમા જેવા ગામોને જળબંબાકાર કરશે તેવા ૨૦૧૫ માં થયેલ અનુભવને આધારે આ ગામોમાં ઝડપભેર આગોતરૂ આયોજન હાથ ધરાયું.

જિલ્લાના વહીવટીતંત્રની સાથે બનાસડેરી, બનાસબેંક અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ જેવી સેવાભાવી સંસ્થાઓને જોડીને નજીકના બે જ દિવસમાં વરસાદી કહેરથી પ્રભાવિત થનાર ગામોના લોકોનો સંપર્ક કર્યો. ગામના આગેવાનો, સરપંચો, સહકારી આગેવાનો, દૂધ અને સેવા મત્રીઓના ચેરમેનો, મંત્રીઓ વિગેરેનો સીધો સંપર્ક સાધીને શંકરભાઈએ જિલ્લામાં એકપણ જાનહાની ન થાય તેનું પુરેપુરૂ ધ્યાન આપ્યું.

એક બાજુ વહીવટી તંત્ર આગતરા આયોજનમાં હતું ત્યાં બીજી બાજુ વરસાદી કહેર પણ શરૂ થઈ ગયો હતો. જિલ્લામાં કદીએ ન પડેલા અનરાધાર વરસાદે ભારે તારાજી સર્જી. આવા સંજોગોમાં છેલ્લા છ દિવસથી શંકરભાઈ સ્વયંભુ રાહત અને બચાવ કામગીરીમાં જોતરાયા. ગાંધીનગર ખાતેનું તેમનું સચિવાલયનું કાર્યાલય પણ ડીસા ખાતે શીફટ કરીને ડીસામાંજ પડાવ નાખીને જિલ્લાની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખીને બચાવ અને રાહત કામગીરી માટે આર્મી, બી.એસ.એફ., એન.ડી.આર.એફ. ની ટીમો સાથે એરફોર્સના સાત જેટલા હેલીકોપ્ટર્સ મારફતે જિલ્લામાં બચાવ અને રાહતનું કામ આરંભ્યું. જિલ્લાના મંત્રી સ્વયં આવા યજ્ઞીય કાર્યમાં જોડાતાં જિલ્લાના કાર્યકરો અને આગેવાનોમાં નવું જોમ ભરાયું અને કુદરતના કહેર સામે બાથ ભીડવાની હિંમત આપી. ભારતીય જનતા પાર્ટી આર.એસ.એસ. વિશ્વ હિન્દુ પરિષદ,

અનુસંધાન પાના નં.૬

# વાવના માડકા ગામે ૩ લોકોના મોત ચર્ચાના એરણે

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાનું માડકા ગામ પુરપ્રકોપનું અતિપીડીત ગામ છે. સતત છેલ્લા ૭ દિવસથી માડકા ગામે ૩થી ૪ ફુટ પાણીનો પ્રવાહ વહી રહ્યો છે. ગામ લોકોને ઘરની બહાર નીકળી જાહેર માર્ગ ઉપર આવવું હોય ત્યારે ૩ થી ૪ ફુટ પાણીના પ્રવાહને ઓળંગવો પડે છે. આવા અતિ પૂરગ્રસ્ત પરિસ્થિતિમાં ગતરોજ તા.૨૯/૭/૨૦૧૭ ના રોજ ૩ લોકોના મોત થયાનો અહેવાલ તંત્રના કાને અથડાતા તંત્ર દોડતું થઈ ગયું છે. જોકે આ બાબતે અમારા વાવ ખાતેના પત્રકારે જવાબદાર તંત્રનો સંપર્ક કરતાં જાણવા મળ્યું હતું કે એક દીવસે ત્રણ લોકોના મોત થયા છે. જેમાં માડકાના વૃધ્ધ પટેલ જેઠાભાઈ પ્રેમાભાઈનું કુદરતી મૃત્યુ છે. જ્યારે બાળક પારેગી નાથાભાઈ રમેશભાઈ ઝેરી જંતુ કરડવાથી મોત થયું છે. જ્યારે પારેગી ચેહરાભાઈ સણાભાઈનું ધસમસતા પાણીના પ્રવાહમાં પડકાઈ જવાથી પાણી પી જવાથી મોત થયું છે. બે મૃતકોના પી.એમ. કરવામાં આવ્યા છે જ્યારે ૧ કુદરતી મોત થયેલા વૃધ્ધનું પી.એમ. કરવામાં આવ્યું નથી.

### પુરપ્રકોપમાં ઝરણાના નાદનું શુકન...


પુષ્કર ગોસ્વામી

વડગામ તાલુકામાં આવેલ અરવલ્લીની ગીરી કંદરાઓમાંથી વરસાદને લીધે વહેતા ખળખળ ઝરણાંએ આકર્ષણ જમાવ્યું હતું.

### વડગામનું કુદરતી કરમાવાદ સરોવર છલકાયુ


પુષ્કર ગોસ્વામી

વડગામ તાલુકાના જલોત્રા નજીક અરવલ્લીની ગીરીકંદરાઓ પાસે આવેલ કુદરતી કરમાવાદ સરોવર મેઘરાજાની કૃપાથી છલકાઈ જતાં ધાન્ધારની ધરતી ઉપર આનંદની લહેર પ્રસરી છે. દરમ્યાન સરપંચ- ઉપસરપંચ- તલાટી કમમંત્રી ગ્રામજનો દ્વારા જળદેવતાના વધામણાં કરાયાં હતાં.



ડીસાના ‘પ્લસ કલેક્શન’ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે ડીસ્કાઉન્ટ સેલ શરૂ કરાયો છે. જેમાં બ્રાન્ડેડ કંપનીના ફેશનેબલ કપડા ખરીદવા ગ્રાહકોની ભારે ભીડ જોવા મળે છે.



શ્રાવણ મહિનો શરૂ થતા જ વ્રત- તહેવારોની હારમાળા શરૂ થઈ છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ ડીસાના ચંદ્રલોક રોડ ઉપર આવેલ શારદા સાડી શોરૂમ દ્વારા ડીસ્કાઉન્ટ સેલ રાખવામાં આવ્યો છે. જેને મહિલાઓ દ્વારા પ્રચંડ પ્રતિસાદ સાંપડ્યો છે.

# થરાદના મોરીલામાં કેશડોલ્સના ચુકવણામાં હોબાળો : પોલીસ રક્ષણની માંગ

### ગ્રામજનો પોલીસ મથકે દોડી આવ્યા

થરાદ

થરાદમાં વહીવટીતંત્ર દ્વારા અસરગ્રસ્તોને વળતર સ્વરૂપે કેશડોલ્સ ચુકવણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, તેમાં વ્હાલા દવલાની નીતિની શરૂઆત થતાં ગામલોકોએ હોબાળો મચાવ્યો હતો. આથી કર્મચારીઓ દ્વારા પોલીસ રક્ષણ આપવાની માંગણી કરવામાં આવી હતી.



થરાદપંથકમાં અસંખ્ય ગામોમાં વરસાદી અને પુરનું પાણી ભરાવાના કારણે અનેક પરિવારોનુ સલામત જગ્યાએ સ્થળાંતર કરવામાં આવ્યું છે. જેમને સરકાર દ્વારા પ્રાથમિક સર્વે સાથે કેશડોલ્સ અને ઘરવખરી સહાયના ચુકવણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, તેમાં પણ ૨૦૧૫ની જેમ વ્હાલાદવાલાની નીતિ અપનાવીને સાચા અસરગ્રસ્તોને અન્યાય કરવામાં આવી રહ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. શુક્રવારે થરાદ તાલુકાના ગામોમાં તલાટી અને શિક્ષકો દ્વારા દસ દિવસ માટે પુખ્તવયના માટે ૬૦ રૂપિયા અને સગીર માટે ૪૫ પ્રમાણે રોકડ કેશડોલ્સ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યાં શુક્રવારે રાત્રે થરાદના ચુડમેર ગામમાં શાળામાં બેસીને સગાવાદની નિતી અપનાવવામાં આવી હોવાની ફરિયાદો વચ્ચે તાલુકાના મોરીલામાં પણ ગામલોકોએ હોબાળો મચાવ્યો હતો. આથી શિક્ષકોએ કેશડોલ્સના વિતરણની કામગીરી બંધ કરી દીધી હતી. અને પોલીસ રક્ષણ આપવાનછ માંગણી સાથે પોલીસમથકમાં દોડી આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫ના પુરમાં પણ મોટાપ્રમાણમાં આવી ફરિયાદો ઉઠવા પામી હતી. જેનું પુનરાવર્તન થઈ રહ્યું હોવાના આક્ષેપો પણ ઉઠવા પામ્યા છે.

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મોજે ગામ ઝેરડા, તા. ડીસા, જિ.બનાસકાંઠાના ખાતા નં.૧૩૬૦ થી ચાલતી સર્વે નં. ૩૯૫/૨ પૈકી ૧/ પૈકી ૨ ની હે. આરે. ૧-૪૨-૭૦ ચો. મીટર તથા સર્વે નં. ૩૯૬ પૈકી ૧ ની હે.આરે.૦-૪૪-૫૨ ચો.મીટર તથા સર્વે નં. ૩૯૬ પૈકી ૨ ની હે.આરે.૦-૭૨-૮૪ ચો.મીટર તથા સર્વે નં. ૩૯૬ પૈકી ૩ ની હે. આરે. ૦-૪૭-૫૫ ચો.મીટર તથા સર્વે નં. ૩૯૬ પૈકી ૪/ પૈકી ૧ ની હે. આરે. ૦-૨૩-૭૮ ચો. મીટર તથા સર્વે નં. ૩૯૬ પૈકી ૪/ પૈકીરની હે. આરે. ૦-૨૩-૭૭ ચો.મીટર મળી કુલ હે. આરે. ૩-૫૫-૧૬ ચો.મીટર જમીન પટેલ દોલાભાઈ રાજાભાઈ, મુળસિંહ ઉર્ફે મુળજી ભીખાજી વાઘેલા(ઠાકોર), ઠક્કર પિયુષભાઈ વલ્લભભાઈ, ઠક્કર દિપકકુમાર ધીરજલાલની સંયુક્ત માલિકી અને કબ્જા, ભોગવટાવાળી કોઈ પણ જાતના બોજા વગરની અને સદરહુ મિલકતનું ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલશ્રીને કાયદેસરના અવેજ સહિત તમામ પ્રકારના હક્ક, હિત, અધિકાર સહિત તબદીલ કરવા માંગે છે અને અમારા અસીલ શ્રી કાયદેસરના અવેજ ચુકવીને સદરહુ મિલકતનો ધોરણસરનો પાકો રજીસ્ટર્ડ દસ્તાવેજ તેમજ મિલકતનો કબજો- ભોગવટો લઈ મિલકત ખરીદવા માંગે છે. જેથી સદરહુ મિલકત અમારા અસીલને તબદીલ કરવા સામે સદરહુ મિલકતમાં કોઈપણ પ્રકારના હક્કની રુએ કોઈપણ પ્રકારનો કોઈ પણ વ્યક્તિ યા કોઈ પણ સક્ષમ સત્તાધિકાર બેંક કે અન્ય મંડળીનો વાંધો કે તકરાર હોય કે કોઈ પણ જાતનું હક્ક, હિત, હિસ્સો પોંચાતો હોય તો તે અંગેની લેખીત જાણ અમોને પુરાવાઓ સહિત આ નોટીસ મળેથી દિન-૭ માં નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મિલકતમાં કોઈપણ વ્યક્તિનો કોઈ પ્રકારનો હક્ક, હિત, અધિકાર પોંચાતો નથી અને જો પોંચાતો હોય તો તે જતો (waive)કરેલ છે. તેમ સમજી ઉપર્યુક્ત અમારા અસીલ સદરહુ ઉપરોક્ત વર્ણન અને વિગતવાળી મિલકતનો કાયદેસરનો અવેજ ચુકવી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લઈ [illegible] જેની ખાસ નોંધ લેશો.

ઠે.રાજરત્ન કોમ્પ્લેક્ષ,
મામલતદાર ઓફીસ સામે, નવા બસ
સ્ટેશન રોડ, ડીસા તા. ડીસા
મો.૯૮૯૮૬૧૬૦૨૩

(હિતેષ ડી. શાહ)
એડવોકેટ, ડીસા